વેદ પરિચય પુસ્તિકા શ્રેણી : ૧૦

# યજુર્વેદ પરિચય

[ પુસ્તિકા : ૪ ]

UNIVERSITY BOOK ... BOARD-G.S.-AHMEDABAD
635

આચાર્યશ્રી વિષ્ણુદેવ પંડિત

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય

વેદ પરિચય પુસ્તિકા શ્રેણી : ૧૦

मा हिंसीः पुरुषं जगत् ।

હે રુદ્ર, હિંસાનાં આચરણ ન કર; આખું આ જગત તો પુરુષ–ચેતનામય છે.

વા. સં. ૧૬, ૩

# યજુર્વેદ પરિચય

[પુસ્તિકા : ૪]

UNIVERSITY BOOK … BOARD-G

આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત, એમ. એ.
વેદાન્તાચાર્ય, વ્યાકરણતીર્થ, વ્યાખ્યાન દિવાકર

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬

પ્રકાશક :
ઈશ્વરભાઈ જે. પટેલ
અધ્યક્ષ,
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ,
અમદાવાદ–૬

© યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ

પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર ૧૯૭૨

હરિ ૐ આશ્રમ પ્રેરિત સ્વ. સાતવલેકરજી
સ્મારક શ્રેણી : મણકો દસમો

મૂલ્ય : રૂા. ૨–૦૦

મુદ્રક :
વિષ્ણુપ્રસાદ સો. પંડ્યા
સાહિત્ય મુદ્રણાલય, સિટી મિલ કંપાઉન્ડ,
કાંકરિયા રોડ, અમદાવાદ–૨૨

વિક્રેતા :
બાલગોવિંદ બુકસેલર્સ
ગાંધી રોડ,
અમદાવાદ–૧

# નિવેદન

ભારતના ધર્મશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનો પાયાનો ગ્રંથ એ વેદસંહિતા. વેદકાળમાં ઋષિઓએ જે અનુભવદર્શન કર્યું, તેને વેદની ઋચાઓ દ્વારા વાચા આપી અને શબ્દબદ્ધ કરી. વેદ એ ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતમ સંપત્તિ સામાન્ય શિક્ષિત જનને વેદની વૈચારિક અને આધ્યાત્મિક સંપત્તિથી પરિચિત કરવાનો આ શ્રેણીનો હેતુ છે અને એટલે આમપ્રજાનું સત્ત્વ ખીલે અને એનું તેજ વધે તેવા પ્રયાસોમાં મગ્ન હરિૐ આશ્રમવાળા પૂજ્ય શ્રીમોટાએ રૂપિયા ૨૦,૦૦૦/–નું દાન યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડને ટ્રસ્ટરૂપે સોંપ્યું તે અતિ આવકાર્ય બાબત બની છે. બૉર્ડનું એ સદ્‌ભાગ્ય છે કે પૂજ્ય મોટાએ એના આ કાર્યનું નિમિત્ત બનવાનો પ્રસંગ આપ્યો અને શ્રી. વિષ્ણુદેવ પંડિત જેવા લેખક તથા ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા જેવા પરામર્શક અમને મળ્યા. સાહિત્ય મુદ્રણાલયવાળા શ્રી વિષ્ણુપ્રસાદ પંડયાનું ભાવપૂર્વકનું મુદ્રણકાર્ય એ પણ આ શ્રેણીની ખુશનસીબી છે.

પહેલી ૭ પુસ્તિકાઓમાં ઋગ્વેદને આવરી લેવાયો છે. યજુર્વેદની પ્રથમ પુસ્તિકાને જગદ્‌ગુરુ પૂ. શંકરાચાર્યજીએ પ્રેમપૂર્વક આવકાર આપ્યો તે અમારે મન સૌભાગ્યની વાત છે. બીજી પુસ્તિકાનો આમુખ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી અને સાક્ષરવર્ય ઉમાશંકર જોષીએ લખી આપ્યો છે તે આનંદની વાત છે. ત્રીજી પુસ્તિકાની ભૂમિકા વેદભાષ્યકાર પંડિતરાજશ્રી ભગવદાચાર્યજી મહારાજે લખી આપી છે. તેમનો આ તકે હું આભાર માનું છું. આ ચોથી પુસ્તિકા પ્રગટ થઈ રહી છે. તેને ગોસ્વામી શ્રી વ્રજરત્નરાયજી મહારાજના આશીર્વાદ મળ્યા છે, એનો પણ કૃતજ્ઞતાપૂર્વક ઉલ્લેખ કરવો રહ્યો.

પૂ. મોટાએ આપેલી મૂડી ઋગ્વેદની પુસ્તિકાઓમાં ખરચાઈ ગઈ પણ પ્રભુકૃપાએ એ પુસ્તિકાઓના વિક્રયમાંથી જે રકમ આવી તેમાંથી યજુર્વેદનો પ્રારંભ શકય બન્યો છે. આ વેચાણમાં નડિયાદના સંતરામ મંદિરના પૂ. મહારાજશ્રીએ પાંચસો સેટ ખરીદી, ખેડા જિલ્લાની કેળવણીની સંસ્થાઓને ભેટ આપી વેદ પરિચયનો વિસ્તાર શકય બનાવ્યો તે બદલ એમનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું અને આશા રાખું છું કે અન્ય ધાર્મિક વિદ્દ્‌વર્યો એવા જ ઉત્તેજનને પાત્ર અમને લેખશે.

શ્રી. જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્મારક ન્યાસ દ્વારકા તરફથી યજુર્વેદ પરિચય પુસ્તિકા શ્રેણીના પ્રકાશનાર્થે રૂા. ૧૦૦૧) એક હજાર ને એક યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડને જગદ્‌ગુરુ શંકરાચાર્યશ્રી અભિનવ સચ્ચિદાનંદતીર્થ મહારાજે ભેટ આપ્યા છે તે સાભાર સ્વીકાર્યા છે.

સદ્‌વિચાર અને સદ્‌વિચારપ્રેરક તેમ જ ધર્મમૂલક સાહિત્યના પ્રચાર માટે આજીવન આપકમાણીનો ઠીક હિસ્સો ખર્ચનાર ટાઈલ્સવાળા શ્રી. ઓચ્છવલાલ ગોરધનદાસ શાહે (ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ) આ વેદ પરિચય પુસ્તિકાના પ્રચાર અર્થે રૂા. ૨૫૧)–બસો એકાવન પૂરાનું દાન આપ્યું છે તેની સાભાર નોંધ લેતાં હું આનંદ અનુભવું છું એજ પ્રમાણે શ્રી. વાલ્મિકભાઈ ગજેન્દ્રરાવ મજમુદારે રૂા. ૫૦૧)–પાંચસો એકનું દાન આપ્યું છે તેમનો પણ હું આભાર માનું છું.

આવી સદ્‌ભાગી શ્રેણીને વાચકગણનો પણ એવો જ ભાગ્યયુકત પ્રેમ પ્રાપ્ત થાય તેવી પ્રભુ પ્રાર્થના.

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ,
ગુજરાત રાજ્ય–અમદાવાદ. ૬.

ઈશ્વરભાઈ પટેલ
અધ્યક્ષ

# પુરોવચન

'તારૂં સ્વરાજ્ય તારા હાથમાં છે, તારે જે કોઈ પ્રયત્ન કરવાના છે, જે જે કાયાના કલ્પ તારે કરવાના હોય; તે તું જાતે કરી લે. સેવા અને પરોપકારનાં કાર્ય-યજન-યાજન તારે જાતેજ કરવાનાં છે. તેં જે જે કાર્યો કર્યાં છે, તેના પરિણામે જે જે ફળ મળવાનાં છે; તેનો ભોકતા અને તેનો સ્વામી તું પોતે બનવાનો છે, તે વાતનું તારે ધ્યાન રાખવાનું છે. જો તું સાવધાન બનીને કાર્ય કરશે, તો તારી સરખામણી બીજાથી થઈ શકશે નહિ.

स्वयं वाजिन् तन्वं कल्पयस्व । स्वयं यजस्व स्वयं जुषस्व । महिमा ते अन्येन न संनशे ।

વા. સં. ૨૩, ૧૫

લોક વ્યવહારની દૃઢભૂમિ પર આ સત્યની પ્રતિષ્ઠા થઈ છે. યજુર્વેદ સાહિત્યે જે યજ્ઞયાગની ભાવના રજૂ કરી છે, તે ભાષા-પરિભાષા સમજવા જેટલી ધીરજ આજના માનવીએ મેળવવી જોઈએ. એટલું તો જરૂર લાગશે કે, લોક જીવન માટેનાં સનાતન સત્યો સદા દીવાદાંડીની જેમ માર્ગ દર્શન કરાવે છે.

ભગવાન યાજ્ઞવલ્કયે યજુર્વેદ સાહિત્યને સમગ્રરીતે આલેખીને, વાજસની સંહિતા અને શતપથ બ્રાહ્મણનાં સંકલન કર્યાં છે; તેમાં પ્રાચીન સંહિતાઓ: તૈત્તિરીય, કાઠક, મૈત્રાયણી વગેરેના વિષયો આવરી લીધા છે, તે પ્રાચીન ક્રમને અનુસરી અહીં યજુર્વેદ પરિચયની પુસ્તિકાઓ રજૂ કરી છે.

આ ચોથી પુસ્તિકામાં રાષ્ટ્ર સેવાની ભાવનાને પોષતી મનોભૂમિકાની રજૂઆત થઈ છે. પ્રાચીન પરિભાષા પ્રમાણે ધર્મ તે વ્યક્તિના, અર્થ તે સમાજના, કામ તે રાષ્ટ્રના અને મોક્ષ તે વિશ્વના કલ્યાણ વિકાસને રજૂ કરતી પરિભાષા છે. તે પ્રમાણે શુકલ યજુર્વેદની સંહિતાના પહેલા દશ અધ્યાયોમાં વ્યક્તિ વિકાસ ધર્મના સંદર્ભમાં નિત્ય અગ્નિહોત્ર, પક્ષના દર્શપૂર્ણમાસ અને વર્ષના સોમયાગની સાથે વાજપેય અને રાજસૂયની સંકલના છે. અગિયારથી વીસમાં સમાજ—વિકાસ—અર્થના સંદર્ભમાં અગ્નિચયન, એકવીસથી ત્રીસમાં રાષ્ટ્રના વિકાસ—કામમાં અશ્વમેધ અને એકત્રીસથી ચાલીસમાં વિશ્વના વિકાસ—મોક્ષમાં પુરુષમેધથી ઈશા-વાસ્ય-આત્મજ્ઞાનની રજૂઆત છે; તે આદર્શ ભાવનાને ગુંથી અહીં ત્રણ પુસ્તિકાઓ પછી આ ચોથી પુસ્તિકામાં રાષ્ટ્ર વિકાસના આદર્શની રૂપરેખા ધરવાનું વિચાર્યું છે. આ પ્રકારનાં આલેખન કરવાની આ દિશા કેટલાકને નવીન લાગે; પરંતુ મૂળ સાહિત્યમાં આ ભુમિકા રહેલી છે. તેને ક્રમમાં મૂકવાનું એક પગથિયું છે, જેને મનોવિજ્ઞાનના વિદ્વાનો આગળ વધારી શકે છે. મારું કાર્ય તો યજુર્વેદના મૂળ સાહિત્યનો અભ્યાસ કરી; જે કાંઈ પ્રાપ્ત થયું તેને જનતા જનાર્દનની સેવામાં ધરવાનું છે.


વિષ્ણુદેવ પંડિત,

૨૯, ડાહ્યાભાઈ પાર્ક

ગીતામંદિર રોડ, અમદાવાદ—૨૨

માગશર સુદ, ૨, ૨૦૨૯.

# શુભાશંસન

વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને ભાગવત એ ચાર ગ્રંથોને પ્રમાણ ગણીને, શ્રી પુષ્ટિમાર્ગે વેદોને મોખરે સ્થાપ્યા છે. 'આખું આ વિશ્વ બ્રહ્મરૂપે વિલસે છે અને તેની કૃપા પ્રસાદી મેળવવાની,' એ સિદ્ધાન્ત અને ફલશ્રુતિમાં સર્વ તાત્પર્ય આવી જાય છે. કર્મ અને જ્ઞાનને ભક્તિની ભાવનામાં જોડે, તે માનવના જીવનની સફળતા ગણાય આ વેદમાં જણાવેલ પ્રજાપતિનું વ્રત.

લોકવાણીથી લોક વ્યવહાર બંધાય, એમજ વેદવાણીથી દિવ્ય વ્યવહાર સધાય અને બ્રહ્મની સાથે એકરૂપ થવાય; આ શ્રદ્ધા અને વિશ્વાસનો વિષય છે. ભક્તજન સ્તુતિ કરે, તેઋગ્વેદની ઋચાનાં શંસન, ધ્રુપદ ધમારની ગાયકી જોડે, તે સામવેદનાં સંગીત, પાઠ, પારાયણ કરે, તે યજુર્વેદનાં મંત્રોનાં પઠન અને મૌનભાવ રાખી જપ કરે, તે અથર્વવેદનાં મનન. આમ પુષ્ટિ ભાવનામાં આજ સુધી વેદોની ભાવના જળવાઈ રહી છે.

ઋગ્વેદે જીવન નીરોગી બનાવવા આયુર્વેદ આપ્યો, સામવેદે સંગીતનો વેદ આપ્યો, યજુર્વેદે નૃત્તનો વેદ આપ્યો અને અથર્વવેદે ધનુર્વેદ આપ્યો. આ ભાવના પરંપરાથી સચવાતી આવી છે. યજુર્વેદના પાઠ ભણતો અધ્વર્યુ યજ્ઞના યજ્ઞના આડા અવળા માર્ગે હાથ હલાવતો નાચતો, ઠેકતો ધીરી ગતિએ આગળ વધે અને એજ લયે પાછો ફરે, તે તો નટવરની લીલાનાં દર્શન કરાવે છે.

મૂળ પુરુષ આચાર્ય શ્રી. વલ્લભાચાર્યજી મહારાજથી શરુ કરીને, વર્તમાન સુધીના ગોસ્વામી બાળકને કુલ પરંપરાથી તૈત્તિરીય શાખા અને યજુર્વેદનાં અધ્યયન મળેલાં છે. નિત્યના નિયમમાં સંધ્યા, તર્પણ અને વૈશ્વદેવમાં મંત્રો ભણાય છે. ઉપવીત સંસ્કાર આપનાર અધ્વર્યુ બટુક બાળકને सत्यं वद धर्मं चर ની શિક્ષાવલ્લી ભણાવે અને મહાનારાયણીયની એકાદ કંડિકા કંઠે કરાવે; તેને અમો અનેરૂ ગૌરવ લેખીએ છીએ અને એ અધ્વર્યુનાં માન પ્રતિષ્ઠા સાચવીએ છીએ.

ધીરે ધીરે એ પ્રણાલિકા લેવાતી જાય છે અને પરંપરા ભૂંસાતી જાય છે. એવે વખતે યજુર્વેદનાં અધ્યયન અધ્યાપન અને પઠન પ્રણાલિકાનો પ્રચાર થાય, તો બાલકમાં સારા સંસ્કારોનાં સિંચન થાય અને તેને હૈયે કુલપરંપરાનું ગૌરવ જાગે, એ દૃષ્ટિએ યજુર્વેદનો પ્રચાર મહત્ત્વનો છે.

આચાર્ય શ્રી. વિષ્ણુદેવ પંડિત વેદ–વેદાન્તના અઠંગ અભ્યાસી છે. તેમણે વર્ષો પહેલાં 'શ્રી મહાપ્રભુજી' ગ્રંથ દ્વારા સાદી સરળ ગુજરાતી ભાષામાં આદિ પુરુષ શ્રી. વલ્લભાચાર્યજીનાં જીવન, કવન અને સંપ્રદાયનું આલેખન કર્યું; ત્યારથી તેમની લેખન–સેવા જાણીતી છે. ભાગવત વિષેનાં તેમનાં લેખન અને પ્રવચન પણ ભક્તિ ભાવની સાથે બ્રહ્મજ્ઞાનનાં રહસ્ય ઉકેલવામાં મદદરૂપ બન્યાં છે.

તેમની લેખિનીથી 'વેદ પરિચય શ્રેણી'ની ૭ પુસ્તિકાઓ પ્રગટ થઇ; તે વાંચીને અમને વિશેષ આનંદ થયો છે. ખાસ કરી તો 'યજુર્વેદ પરિચય'ની

શ્રેણીની પહેલી પુસ્તિકા જોઈને તો અમે ખૂબજ પ્રસન્ન થયા છીએ. યજુર્વેદની કર્મપદ્ધતિ અટપટી છે અને યજ્ઞ પ્રયોગ ઓછા થતા જાય છે, તેમ તેમ તેને સમજાવવાનું કામ અઘરૂં બનતું જાય છે; તો પણ લેખકે મૂળ વિષયને પકડી રાખીને સાદી સરળ ભાષામાં નિરૂપણ કર્યું છે, તે પ્રતિ આદર જાગે છે.

પ્રજાપતિનું વ્રત. સૌમ્ય અધ્વર અને અગ્નિહોત્ર : એ પ્રમાણે ત્રણ પુસ્તિકાઓ પ્રગટ થયા પછી 'વૈશ્વદેવ' ચોથી પ્રસ્તિકા પ્રગટ થઈ રહી છે, તેને અમે આવકારીએ છીએ. યજુર્વેદ પરિચયના ઉદ્ઘાટન પ્રસંગે અમારા પુરેપુરા આશીર્વાદ છે અને એના પ્રચારમાં અમારા સાથ સહકાર છે.

આ પ્રસંગે યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડને પણ અમે ધન્યવાદ આપીએ છીએ. ભારતીય કેળવણીમાં વેદોનો પરિચય હોવો તે પ્રાથમિક રીતે અને ભારતીય ભાવના જગાડવા માટે મૌલિક રીતે આવશ્યક છે, એ બાબતનો તો હવે સૌ કોઈ સ્વીકાર કરતા થઈ ગયા છે, શિક્ષણ ક્ષેત્રે આ મૌલિક પ્રયાસ થઈ રહ્યો છે તે હર્ષનો વિષય છે.

**વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રી વ્રજરત્નલાલજી મહારાજ**
(સૂરત)

---

# અનુક્રમ

## વૈશ્વદેવ –


| | | |
|---|---|---|
| (૧) | અન્ન પાનની પ્રતિષ્ઠા | ૭–૨૧ |
| (૨) | એકતામાં વિલસતી વિવિધતાઓ | ૨૨–૩૯ |
| (૩) | એ દેવો હિતકારી હો | ૪૦–૫૪ |
| (૪) | નમન હો રુદ્ર રૂપે | ૫૫–૭૫ |
| (૫) | પશુ સાથેના સંબંધ | ૭૬–૮૬ |
| | પરિશિષ્ટ | ૮૬–૮૮ |


## સંકેત

| | | | |
|---|---|---|---|
| ઋ. સં. | ઋગ્વેદ સંહિતા | તૈ. બ્રા. | તૈત્તરીય બ્રાહ્મણ |
| અ. સં. | અથર્વવેદ ,, | શ. બ્રા | શતપથ ,, |
| સા. સં. | સામવેદ ,, | ઐ. આ. | ઐતરેય આરણ્યક |
| તૈ. સં. | તૈત્તિરીય કૃષ્ણ યજુર્વેદ ,, | તૈ આ. | તૈત્તરીય આરણ્યક |
| મૈ. સં. | મૈત્રાયણી ,, ,, ,, | | |
| કા. સં. | કાઠક ,, ,, ,, | | |
| વા. સં. | વાજસની શુકલયજુર્વેદ ,, | | |

# ૧
# અન્નપાનની પ્રતિષ્ઠા

[1] મન છે; માટે માનવ છે. મન પુરુષ છે, પ્રજાપતિ છે, મન અમૃત છે. વેદવાણી કહે છે: 'ત્યારે તો એકલું તે મનજ હતું. મૃત્યુએ તો મનની રચના કરી; હું મનસ્વી થાઉં, આત્મવાન બનું'. ...

ભગવન્, આપે મનનો મહિમા ગાયો. એ વિષે અનુભવ થઈ શકે કે?

વેદવાણી અનુભવની વાણી છે; તર્કથી પારખી શકાય છે. તર્કથી સિદ્ધ થઈ શકે છે ઋષિએ તપ કર્યાં; અનુભવ મેળવ્યા, વિવેકની નજરે પારખી લીધું અને દર્શન કર્યાં; તે વાણી વેદ દ્વારા ઉતરી આવી. એ વેદ જણાવે છે:

[2] 'જે પુરુષ અમૃત ભાવ છે, અમૃત ભાવનો ઈશાન-સ્વામી છે; તે પુરુષ તો સાચે જ, અન્નથી, વૃદ્ધિ પામે છે, અન્નથી ઊંચે ચઢે છે.'

ભગવન્, આ વાત સમજાતી નથી અમૃત પુરુષ છે, તેની વૃદ્ધિ અન્નથી થાય; આ શી રીતે બને? બંને પદાર્થના ધર્મ વિરુદ્ધ છે: એક સૂક્ષ્મ છે, બીજું સ્થૂલ છે. એક અવિકારી છે. બીજું વિકારી છે, એક શુદ્ધ છે, બીજું અશુદ્ધ છે. એકનો ધર્મ બીજામાં શી રીતે સમાય? એનો મેળ શી રીતે બેસે?

તાત, આ તને વાણીથી નહિ સમજાય. આ માટે અનુભવ જોઈએ. જ્ઞાન એકલું કામ આવતું

---

૧. શ. બ્રા. ૧૦, ૫, ૩, ૧; ૧૦, ૬, ૫, ૧ ૨. વા. સં. ૩૧, ૨

નથી, સાથે વિજ્ઞાન જોઈએ; વિવેકની આંખ જોઈએ.

તે મને આપ સમજાવો ને?

'એમ કર, હમણાં જા બે ચાર દિવસ પછી મને મળજે. હા, પણ તું એક કામ કરજે. આ બે ચાર દિવસ અન્ન લેતો નહિ. ઉપવાસ કરજે. પછી મારી પાસે આવજે. હું તને સમજાવીશ. હાં; પાણી જરૂર પીજે. પાણીથી પ્રાણ ટકે છે; તે વિના પ્રાણ ચાલ્યા જાય.'

ગુરુની સૂચના પ્રમાણે શિષ્યે અન્ન લેવાનાં છોડી દીધાં. ગુરુ તેની પાસે આવ્યા. તેની ખબર પૂછી. શરીરે તેને ઠીક હતું, પણ મનમાં બેચેની હતી. ગુરુએ તેને બે ચાર મંત્ર ભણવા કહ્યું. શિષ્ય અકળાયો. તેણે જણાવ્યું :

'અરે, મને તો કશું યાદ આવતું નથી. આમ કેમ બને?'

જો, અગ્નિના અંગારા હોય, ઈંધન મૂકો, તો અગ્નિ વધે; નહિ તો શમી જાય. [૧] અન્ન એ મનનું ઈંધન છે. અન્નથી લોહી બને છે, માંસ અને મેદ બને છે; એજ રીતે અન્નના સૂક્ષ્મભાગથી મન બને છે. મન પુરુષની કલા છે. તેં અન્ન લેવાનું છોડી દીધું, તેથી મનની કલા વિરામ પામી. હવે તું અન્ન લે; તેથી મનની કલા વધશે અને તને સ્મૃતિ જાગશે; મંત્રો યાદ આવશે.

ભગવન્, આપની વાત સમજાય છે. મનનો આધાર અન્ન છે. મન અમૃત છે; તો અન્ન પણ અમૃત છે. એ બને ખરૂં?

હા, એમ બને. અગ્નિ તેજસ્વી છે; તેમાં જે કાંઈ હોમાય; તે પણ અગ્નિનું રૂપ લે છે. એમજ મનને ઘડનારૂં અન્ન છે, તે પણ અમૃત બને. આ વિષે બ્રહ્મવાદી જણાવે છે :

[૨] પહેલાં પ્રજાપતિ પિતાએ પોતાની મેધાશક્તિથી તપના પ્રભાવે સાત પ્રકારનાં અન્ન પેદા કર્યાં : એક તે સાધારણ અન્ન, જે માનવ રોજે રોજ જમે છે. બીજું અને ત્રીજું તે દેવોને અપાય છે, તે હુત અને પ્રહુત : આહુતિ અને બલિદાન, ચોથું, પાંચમું અને છઠ્ઠું તે આત્માનાં મન, વાણી અને પ્રાણ એ ત્રણ. સાતમું તે દૂધ : જે બાળ બચ્ચાંના પોષણ માટે વપરાય છે. આમ જે સાત અન્ન ગણાયાં છે; તેમાં બધું કાંઈ રહી ગયું છે, જે કાંઈ અહીં શ્વાસ લે છે; તે પ્રાણી જંગમ પદાર્થ અને જે કાંઈ શ્વાસ નથી લેતા; તે સ્થાવર પદાર્થ ગણાય છે.

અહીં પ્રજાપતિએ પોતાના આત્માનાં ત્રણ અન્ન ગણ્યાં છે; તે મન, વાણી અને પ્રાણ, તેની આ પરીક્ષા છે. 'મારૂં મન બીજે હતું'; એટલે મેં જોયું નહિ,

---

૧. છાં. ઉ. ૬, ૫, ૧ ૨. શ. બ્રા. ૧૪, ૩, ૪, ૧

મન બીજે હતું, એટલે સાંભળ્યું નહિ. આમ ખરેખર આત્મા મનથી જ જુએ છે, મનથી જ સાંભળે છે. જે કાંઈ મનમાં વૃત્તિ જાગે છે: કામ, સંકલ્પ, વિચિકિત્સા, શ્રદ્ધા, અશ્રદ્ધા, ધૃતિ–અધૃતિ, લજ્જા, ધીરજ, ભય, આ બધું મન જ છે. જે શબ્દ છે, તે વાણી છે, જે શ્વાસની ગતિ છે, તે પ્રાણ છે.

આ રીતે આત્મા મનોમય, વાણીમય, પ્રાણમય છે. ત્રણ તો લોક છે, જે આ પૃથ્વી છે, તે વાણી, મન અંતરિક્ષ, પ્રાણ પેલો લોક. ત્રણ વેદો છે, જે ઋગ્વેદ તે વાણી, મન તે યજુર્વેદ, પ્રાણ તે સામવેદ. દેવો, પિતરો અને મનુષ્યો એ ત્રણઃ વાણી દેવો, મન પિતરો, પ્રાણ મનુષ્યો. પિતા, માતા અને પ્રજા એ તો ત્રણ, મન એજ પિતા, વાણી માતા, પ્રાણ પ્રજા. વિજ્ઞાત–જાણેલું, વિજિજ્ઞાસ્ય–જાણવા જેવું અને અવિજ્ઞાત–અજાણ્યું એ ત્રણ, જે કાંઈ જાણેલું છે, તે વાણીનું રૂપ છે. વાણી વિજ્ઞાતા બનીને આત્માનું રક્ષણ કરે છે.

જે કાંઈ જાણવા જેવું છે. તે મનનું રૂપ છે. મન પોતે તો વિજિજ્ઞાસ્ય બનીને આત્માનું રક્ષણ કરે છે. જે કાંઈ અજાણ્યું છે, તે પ્રાણનું રૂપ છે. તે પ્રાણ અવિજ્ઞાત બનીને આત્માનું રક્ષણ કરે છે.

આ વાણીનું શરીર પૃથ્વી છે, તેનું જ્યોતિરૂપ અગ્નિ છે. જેવડી પૃથ્વી છે, તેવડી વાણી છે, તેવડો અગ્નિ છે. હવે આ મનનું શરીર દ્યૌસ્–સ્વર્ગ છે; તેનું જ્યોતિરૂપ આ દિવ્ય–સૂર્ય છે; જેટલું આ દ્યૌસ્ તેટલું મન છે, તેટલો સૂર્ય છે.

વાણી અને મન એ બંને મિથુન ભાવે જોડાયાં; તેથી તો પ્રાણ થયો. એ પ્રાણ એજ ઈન્દ્ર; જેનો બીજો કોઈ પ્રતિસ્પર્ધી–સપત્ન થયો નથી. એ પ્રાણરૂપ ઈન્દ્રને જે જાણે છે, તેનો કોઈ પ્રતિસ્પર્ધી બનતો નથી.

આ બીજા રહસ્યવાદી જ્ઞાની અન્નનો મહિમા ગાય છે;

[૧] 'અન્નની નિંદા ન કરો; એ વ્રત છે. પ્રાણ એ તો અન્ન છે, શરીર તો અન્ન ખાનાર છે. પ્રાણમાં શરીર રહેલું છે, શરીરમાં પ્રાણ રહેલા છે, આ રીતે અન્નમાં અન્ન રહેલું છે આમ જે જ્ઞાની અન્નમાં અન્ન પ્રતિષ્ઠિત છે, એ વાતને જાણે છે, તે પોતે પ્રતિષ્ઠિત બને છે. તે પોતે અન્નવાન અને અન્નાદ બને છે. પ્રજાથી, પશુઓથી અને બ્રહ્મવર્ચસૂથી મહાન બને છે; કીર્તિથી મહાન બને છે.

વ્યવહારમાં જુઓ, તો અન્ન એ સાચી સંપત્તિ છે; સમૃદ્ધિ છે. અન્ન એ કુદરતી લક્ષ્મી છે. એ અન્નને જે પેદા કરે છે, તે ખેડુત તો ખરે જગતનો તાત ગણાય છે. ખેડુત પ્રજા છે. એ જ્યાં વસે છે, ત્યાં બીજા લોકો વસે છે.

---

૧. તૈ. આ. ૯–૭

કૃષિની વિદ્યા આત્મવિદ્યાની તુલનામાં ઉભી રહે છે. જે ઋષિ છે, એ પહેલો કૃષિ છે. કૃષિએ વિશ્વની સંસ્કૃતિને જન્મ આપ્યો છે. કૃષિને કારણે જંગલમાં મંગલ થાય છે.

આ કૃષિ એ શ્રમનું પરિણામ છે. જે શ્રમ કરે છે, તે શ્રી મેળવે છે. આ શ્રી, આ લક્ષ્મી, આ સંપતિ, આ સમૃદ્ધિ આવી શી રીતે? આ એક મૌલિક પ્રશ્ન છે. ઋષિઓએ, બ્રહ્મવાદીઓએ, કવિઓએ, રહસ્યવાદીઓએ એના ઉત્તર આપ્યા છે. આ એક ઋષિ છે, [1]એ આત્મજ્ઞાનની સાથે કૃષિજ્ઞાનની તુલના કરે છે, તેમનું નામ અગસ્ત્ય છે. જિજ્ઞાસા એ આત્મજ્ઞાનની જનની છે, ભૂમિકા છે. જ્યાં જિજ્ઞાસા જાગે છે, ત્યાં જ્ઞાન પ્રગટ થાય છે. માનવ શા માટે પ્રયત્ન કરે છે? શા કારણે ઉદ્યોગ કરે છે, એનું કારણ શું છે? આ પ્રશ્નો વિચારણાની ભૂમિકા પર જાગે છે

[2] જિજ્ઞાસા જ્ઞાનની ભૂમિ છે. એ જ રીતે ક્ષુધા શમે છે, ત્યારે શાંતિ જન્મે છે, ક્ષુધા વિફરે છે, ત્યારે ભૂખમરો ફાટી નીકળે છે. ક્ષુધા એ દૈવીરૂપ છે, ભૂખ તે આસુરી છે. પહેલાં ક્ષુધા જન્મી છે, તેને પગલે લક્ષ્મી આવી છે, માટે ક્ષુધા-પિપાસા એ જયેષ્ઠા છે, મોટી બેન છે. તેના મલમાંથી શ્રમનો જન્મ થયો છે, તેને પરિણામે નિર્મળ લક્ષ્મી અને સંપત્તિ આવી પહોંચે છે. જે અભૂતિ છે, તે ભૂતિને લાવે છે ને વૈભવો વિલસે છે. જે અસમૃદ્ધિ છે, તે સમૃદ્ધિને લાવે છે ને સંપત્તિની છોળો ઉછળે છે. અહીં કમળનો દાખલો આપી શકાય. તે પંકકાદવમાંથી જન્મે છે, તેનો જન્મ મળમાંથી છે, છતાં પણ તે કમળ અમળ ગણાય છે.

સાચેજ જિજ્ઞાસા તો અનેક રીતે જાગે છે અને તેના અનેક માર્ગો છે, તેને માટેનાં અનેક સાધનો છે. ક્ષુધા એકજ છે અને તે સહજ છે, સ્વયંભૂ છે. બાલક જન્મ લે છે, સાથે ભૂખ પણ જાગે છે. માતાનું દૂધ પીએ છે ને તે ક્ષુધા શમાવે છે. રોટલો રળવાની વિદ્યા, એ પહેલી વિદ્યા છે. એ વિદ્યા જેણે જાણી; તે જીતી ગયો. જગતમાં તે વિજયી બની ગયો.

વેદમાં અન્નને વાજ કહે છે. અન્નથી ઓજ અને તેજ પેદા થાય છે. વાજ-ઓજ એ અન્નનું પરિણામ છે, માટે અન્ન પણ વાજ છે. એ વાજને વધારવા યજ્ઞ કરવાનો છે. વાજના રક્ષણનો સાદો ઉપાય પ્રયત્ન તે યજ્ઞ છે, તેને વાજપેય કહે છે.

ક્ષુધા ને પિપાસાની જોડી છે. એ બંને મળીને એક લાગણી જન્મે છે. તેને સંતોષ આપનાર અન્નને પાનની જોડી છે. અન્ન તે વાજ અને પાન તે પેય;

---

(૧) ઋ. સં. ૧, ૧, ૯, ૬ (૨) ઋગ્વેદ ખિલ શ્રીસક્ત ૧૧,

આમ વાજપેય એક ઉપાય છે, જે ક્ષુધા પિપાસાને શમાવે છે, જે અન્ન પાનને આપે છે, જે તનને તુષ્ટિ અને મનને પુષ્ટિ આપે છે. ત્યારબાદ આત્માની શાન્તિ શોધાય છે. પેટમાં આગ હોય, ભૂખમરો હોય, બેકારી હોય, ત્યાં જ્ઞાનની વાત શી રીતે થાય? ત્યાં કઇ વિદ્યા જાગે? ભૂખ આગળ જ્ઞાની સરખો અને અજ્ઞાની પણ! ભૂખ અને તરસ પરનો વિજય એ મોટો વિજય, એ મોટો યજ્ઞ, એજ એકમાત્ર પુરુષાર્થ, એજ શ્રમની પ્રતિષ્ઠા એજ લક્ષ્મી. સંપત્તિનું મૂળ પણ તેજ છે.

ઋષિઓ અને બ્રહ્મવાદીઓ જે કર્મને યજ્ઞ કહે છે, તે તો પરિશ્રમનું શુદ્ધ સ્વરૂપ છે, તે શ્રેષ્ઠતમ કર્મ છે, જે સમાજનાં અને રાષ્ટ્રનાં હિત સાધે છે. વાજપેય યજ્ઞ આવું એક સેવાનું કર્મ છે, જેનાં દર્શન ઋષિ આ રીતે કરે છે:

૧ 'પહેલાંના વખતમાં દેવોએ જુદા જુદા પ્રકારના યજ્ઞો—પુરુષાર્થનાં સ્વરૂપોનાં દર્શન કર્યાં, અથવા તો એમ કહોને કે તેમણે—તે બધા દેવોએ યજ્ઞને આ રીતે જોયો અને એ વિષે તેમણે પ્રયત્ન કર્યો. આ પ્રયત્નો કરવામાં વિજય કોણ મેળવે છે, એ બાબતમાં તેમણે વાજિ—શરત રજૂ કરી, હોડ બકી. હવે દેવોમાં જે બૃહસ્પતિ નામે દેવ હતા, તે શરત જીતી ગયા. એ બૃહસ્પતિ તો દેવોના પુરોહિત ગણાય છે.

આ રીતે જે પુરોહિત ઋત્વિજ બ્રાહ્મણ—મંત્રના રહસ્યને જાણે છે; તે રાષ્ટ્રના હિતનાં કાર્યો કરે છે. બૃહસ્પતિએ આ રાષ્ટ્રના હિતકારી યજ્ઞથી ઇંદ્રને યજન કરાવ્યાં, તેથી તે ઇન્દ્રે સ્વારાજ્ય પદને મેળવી લીધું. આ રીતે વાજપેય યજ્ઞ છે, તે સ્વરાજ્ય આપનાર યજ્ઞ છે. જે ગૃહસ્થ આ યજ્ઞથી યજન કરે છે, તે સ્વારાજ્યને મેળવી લે છે. હવે આ યજ્ઞ કરીને તો બૃહસ્પતિએ વાજિ—શરતમાં વિજય મેળવી લીધો હતો, માટે જે બ્રહ્મ—મંત્રના રહસ્યને જાણનાર સદ્‌ગૃહસ્થ છે, તે આ વાજપેયથી યજન કરે. એજ યજ્ઞથી બૃહસ્પતિએ ઇંદ્ર પાસે યજન કરાવ્યાં હતાં, માટે જે રાષ્ટ્રનાં હિત કરનાર—રાજકારણી—રાજન્ય પુરુષ છે, તેણે વાજપેયનાં યજન કરવાં જોઇએ.

'દેવોએ તો જુદા જુદા યજ્ઞોના ભાગ વહેંચી લીધા: આ યજ્ઞ તમારો, આ યજ્ઞ તમારો; એમ નિર્દેશ કરીને. જે આ વાજપેય હતો; તેનો ભાગ તો બૃહસ્પતિએ મેળવી લીધો. હવે બીજા દેવોએ તેમાં પોતપોતાના અધિકારો માંગ્યા. એમાં છંદ હતા; તે જુદા જુદા જય આપનાર છે, તે દેવોને આપી દીધા.

હવે અન્ન છે, તે જ વાજ છે. આ રહસ્યને જાણનાર ગૃહસ્થ અન્ન ખાય છે; તો તે ખાધેલું અન્ન તે ગૃહસ્થને હૃષ્ટપુષ્ટ કરે છે—वाजयति. જે

(૧) મૈ. સં. ૧, ૧૧, ૫

સોમરસ છે, તે તો સાચેજ વાજપેય છે. આ રહસ્યને જાણનાર ગૃહસ્થ સોમનાં પાન કરે છે, તે વાજ—ઓજને મેળવી લે છે.

પહેલાં જેટલા જેટલા દેવોએ સોમનાં પાન કર્યાં; તે બધાએ વાજને મેળવી લીધાં, આને કારણે તો દર એક એક દેવ સોમનાં પાન કરવાની ઈચ્છા કરે છે, તે વાજને મેળવી લે છે.

હવે વરસાદ આવે ને અન્ન પેદા થાય. એ વૃષ્ટિ થાય શી રીતે ? સૂર્ય તપે ને વૃષ્ટિ થાય. આ રહસ્ય દેવોના ગુરુ બૃહસ્પતિ જાણે છે, તે વાત અહીં બ્રહ્મવાદી આ રીતે રજૂ કરે છે :

૧ 'દેવો અને અસુરો એ બંને પ્રજાપતિના પુત્રો શરતમાં ઉતર્યા. અસુરોમાં જાતનું અભિમાન હતું, આપણે વળી બીજા કોને હોમ કરવાનો ? એટલે પોતાના મુખમાંજ હોમવા લાગ્યા. આને કારણે તે પરાભવ પામ્યા. હવે દેવો તો પરસ્પર હોમ કરવા લાગ્યા. અંગત અભિમાન છોડી, પ્રજાપતિએ પોતાની જાતજ તે દેવોને આપી દીધી હતી. હવે જે યજ્ઞ છે, તેજ પ્રજાપતિ છે. આથી યજ્ઞ તો દેવોનું અન્ન ગણાય છે.

આ દેવોએ અરસપરસ વિચાર કર્યો. પ્રજાપતિ યજ્ઞ છે અને તેજ આપણું અન્ન છે. તો હવે અન્ન આપણામાં કોના ભાગે જશે ? એક એક દેવ બોલી ઉઠ્યા 'મારા ભાગમાં, મારા ભાગમાં'. આમ તે દેવો અન્નનાં સંપાદન કરવામાં એકમત થયા નહિ, ત્યારે તેમણે જણાવ્યું; ચાલો આપણે આજિ—વાજિ કરીએ, હોડ બકીએ. (અહીં આજિ (મૈ. સં. માં)વાજિ—હોડના શરતના અર્થમાં છે.) આપણામાં જે શરત જીતશે, તેનો આ ભાગ ગણાશે. આમ સંમત થઈને તેમણે શરત પ્રમાણે દોડ શરૂ કરી.

એ દેવોમાં જે બૃહસ્પતિ હતા, તે પોતાના પ્રસવ—શરત સફળ કરવા માટે સવિતાની પાસે દોડીને પહોંચી ગયા. સાચેજ જે સવિતા સૂર્ય છે; તે તો દેવોના પ્રસવિતા છે. બૃહસ્પતિએ જણાવ્યું : આ મારે માટે પ્રસુવ—સફળ કરો તમારાથી પ્રસૂત થતાં હું જય મેળવું.

એ પ્રમાણે સવિતા જે પ્રસવિતા હતા, તેમણે બૃહસ્પતિ માટે સફળતા મેળવી. આમ સવિતાથી પ્રસૂત થતાં, તે બૃહસ્પતિએ જય મેળવી લીધો. આમ તે બૃહસ્પતિ અહીં જે કાંઈ છે, તે રૂપે થયા. તેમણે સર્વ પ્રકારના અન્ન પર વિજય મેળવી લીધો. તેમણે સાચેજ પ્રજાપતિને જીતી લીધા, કારણ કે

(૧) શ. બ્રા. ૫. ૧. ૧.

પ્રજાપતિ પોતે જ આ સર્વ રૂપે છે. આમ બૃહસ્પતિએ પ્રજાપતિનાં યજન કરી, ઊપરની ઊર્ધ્વ દિશા મેળવી લીધી. તેથી તે બૃહસ્પતિની દિશા ગણાય છે.

'ત્યારબાદ ઇન્દ્રે વાજપેય યજ્ઞથી યજન કર્યાં; તેથી તે અહીં જે કાંઈ હતું; તે સર્વરૂપ થયા. તેમણે આ બધું જીતી લીધું; કારણ કે પ્રજાપતિ આ સર્વરૂપે છે. તેથી યજન કરીને, તેમણે ઊર્ધ્વ દિશા મેળવી લીધી.

હવે જે બ્રહ્મ–મંત્રના રહસ્યને જાણનાર બ્રહ્મવિદ બ્રાહ્મણ છે, તેનો આ વાજપેય યજ્ઞમાં અધિકાર છે, કારણ કે સૌથી પહેલાં બૃહસ્પતિએ આનાં યજન કર્યાં હતાં. એ જ રીતે જે રાષ્ટ્રના હિતનો વિચાર કરનાર રાજકારણી પુરુષ છે; તેનો આ યજ્ઞમાં અધિકાર છે, કારણ કે બૃહસ્પતિએ ઇન્દ્રને આ યજ્ઞ કરાવ્યો હતો. એ ઇન્દ્ર તો ક્ષત્રબળ છે. તે તો રાજકારણી–રાષ્ટ્રપુરુષ છે.

રાજસૂય નામનો યજ્ઞ છે, તે કરવાથી રાજા બનાય છે, પણ આ વાજપેય યજ્ઞ કરવાથી તો સમ્રાટ–સર્વના પતિ બનાય છે. રાજ્ય તો નાનું છે, સામ્રાજ્ય તો સર્વ પ્રજાજનોનું છે, માટે મહાન્ છે. આમ રાજસૂય નાનો યજ્ઞ છે, વાજપેય તો મહાન્ યજ્ઞ છે. રાજા હોય, તે પણ સમ્રાટ–પ્રજાજનોનો પતિ બનવા ઇચ્છે છે.

આને કારણે જે ગૃહસ્થ વાજપેયનાં યજન કરે છે, તે સમ્રાટ્ બને છે, તે યજમાન શરુઆતમાં સવિતાને ઉદ્દેશીને આહુતિ આપે છે. તે ઋચા આ છે:

૧ 'હે સવિતા દેવ, યજ્ઞનો પ્રસવ કરો. યજ્ઞના પતિ ગૃહસ્થને તે યજ્ઞમાં ભાગ લેતો કરો. જે ગંધર્વ દિવ્ય પ્રેરણા આપે છે અને જે વિચારોને પવિત્ર કરે છે, તે ગંધર્વ સૂર્ય અમારા વિચારોને પવિત્ર કરો. વાચસ્પતિ દેવ અમારા વાજને સ્વાદિષ્ટ બનાવે.'

સાચેજ, અહીં પ્રજાપતિ પોતેજ વાચસ્પતિ છે. અને અન્ન એ વાજ છે. અમારા ઉત્તમ અન્નનો સ્વાદ પ્રજાપતિ લે, આ ભાવ ગૃહસ્થના હૃદયમાં છે અને એ ભાવે તે આહુતિ આપે છે. વાજપેયની શરૂઆત કરતા પહેલાં આ રીતે સવિતાને આહુતિ આપવાની, જેથી આરંભેલુ કર્મ સફળ થાય અને યજ્ઞ પૂરો થાય, ત્યાં સુધી દેવ સવિતા પ્રસન્ન રહે.

સવિતાની પ્રેરણા મેળવી; એથી તો તનની પુષ્ટિ, મનની તુષ્ટિ અને આત્માની શાંતિ થવાની. આમ સવિતા નારાયણ પોતે વાજપેયના પ્રેરક દેવ છે. તેની સાથે બીજા દેવોની પ્રેરણા મળે છે અને આ વાજપેય યજ્ઞ એક રીતે વિશાળ ભાવનાને પોષે છે, એ રહસ્ય આ બ્રહ્મવાદી રજૂ કરે છે:

(૧) વા. સં. ૯. ૧

૧ 'કેટલાક રહસ્યવાદી યાજ્ઞિકો આ યજ્ઞને વાજપેય કહે છે, તેનું કારણ આ છે, વાજ એતો દેવોના અન્નરૂપે સોમ છે, તે સોમરસનાં પાન કરવા માટે આ યજ્ઞ થાય છે, આ યજ્ઞ કરીને દેવો વાજરૂપ અન્ન ફળને મેળવવા ઈચ્છે છે, માટે અન્નરૂપ વાજ પેય–પ્રાપ્ત થાય છે, એ અર્થ થાય છે.

આ યજ્ઞમાં મુખ્ય આહુતિ સોમરસની હોય છે, તેને કારણે તો ખરેખર સોમ એજ વાજપેય છે. જે ગૃહસ્થ યજમાન સોમને વાજપેયના સ્વરૂપે જાણે છે, તે ગૃહસ્થ પોતે પણ સોમનાં પાન કરીને વાજી બળવાન બને છે તેમજ તેનાં સંતાન ઉત્તમ અન્ન જમે છે.

સાચેજ બ્રહ્મ–વેદમંત્ર તો વાજપેય છે, એને જાણે છે, તે બ્રહ્મમંત્રથી અન્નને મેળવે છે અને તેનાં સંતાન બ્રહ્મજ્ઞાની બને છે. સાચેજ વાણી એ તો વાજપેય–વાજનો પ્રસવ છે, તે વાણીથી વીર્ય પ્રાપ્ત કરે છે.

ઓલેમ્પિક રમતોની હરિફાઈ યોજાય છે અને એમાં જુદા જુદા દેશોના હરિફો ભાગ લે છે; એજ રીતે આ વાજપેય યજ્ઞમાં રથ અને અશ્વોની હરિફાઈઓ યોજાતી અને તેમાં અનેક પ્રજાજનો ભાગ લેતા હતા. આ માટે રથ શણગારવામાં આવતા હતા તેમજ ઘોડાઓ તૈયાર કરવામાં આવતા હતા. એ રથોના સંસ્કાર માટે અને અશ્વને વાજ-બળ વેગ વગેરે પ્રાપ્ત થાય; તેને માટે તેમજ વિજય મેળવવા મંત્રોના પ્રયોગ કરવામાં આવે છે. એ મંત્રોની ભાવના ઋષિ મુનિઓ આ રીતે રજૂ કરે છે:

૨ 'આ વાજ-હરિફાઈમાં પ્રસવ-સફળતા મળે, એટલા માટે અમે મહતી માતા અદિતિને વાણીથી નમસ્કાર કરીએ છીએ; જે અદિતિને વિષે સઘળા વિશ્વનાં ભુવનોએ પ્રવેશ કર્યો છે; તેમાં સવિતા દેવ અમારાં ધર્મ કર્મની પ્રેરણા આપો.

કેટલાક દેવો વાયુર્વા–વાયુ પ્રમાણે વહે છે, કેટલાક મનુર્વા–મન પ્રમાણે વહે છે અને સત્તાવીસ દેવો ગંધર્વા–ગંધ પ્રમાણે ગતિ કરે છે, તે દેવોએ પહેલાં રથોની સાથે ઘોડાઓને જોડયા હતા અને તેમણે તેમાં જવ-વેગ મૂક્યા હતા.

સવિતા દેવના પ્રસવમાં અને વાજ જીતનાર બૃહસ્પતિની સહાયથી હું આ વાજ-હોડ જીતી જાઉં અને ઉત્તમ સ્થાનને મેળવી લઉં.

(૧) તૈ. બ્રા. ૧, ૩, ૨, ૨ તૈ. સં. ૧, ૭, ૭-૮ કા. સં. ૧૪, ૧–૨, ૧–૯ મૈ. સં ૧, ૧૧, ૧–૧૧ વા. સં. ૯–૧૧–૧૯

હે ઋત્વિજો, ઈન્દ્ર વિજય મેળવે, એ પ્રકારની વાણી બોલો. આ હોડમાં ઈન્દ્ર ઈનામ મેળવે એ પ્રકારના જપ કરો, જેથી ઈન્દ્ર હરિફાઈમાં જીતી જાય. ઓ અશ્વાજનિ-ઘોડાની લગામ, ઓ વાજિનિવતી, વિજય મેળવી રહો અને બધા ઘોડાઓને બધા પ્રકારની સમદ-હરીફાઇઓમાં વિજયી બનાવો.

હે અશ્વ, તું વેગીલો અર્વા છે, ઝડપી સપ્તિ છે, વિજયી વાજી છે, મરુતોની પ્રેરણા પ્રમાણે આ વિજયની હરિફાઇઓમાં તું દોડીને વિજય મેળવી લે. જે લાંબી દોડ છે, તેને મેળવી લે, વચલા માર્ગોને ઝડપથી માપી લે, વિજયના સ્થાને પહોંચી જા.

હે વાજી-ઘોડાઓ, અન્ન પાનનાં વાજ-ઓજ મેળવવામાં અમારાં રક્ષણ કરો; એજ રીતે તન-મનનાં ધન સાધનો મેળવવામાં રક્ષણ કરો. તમે બુદ્ધિશાળી માનવો છો, અમૃત દેવો છો, ઋત જાણનાર ઋષિઓ છો. તમે આ હરીફાઈમાં ઉતરો, તે પહેલાં આ મધુર ખાનપાન લો અને મદભર બનો. બધી રીતે હૃષ્ટપુષ્ટ તૃપ્ત બનીને દેવયાન માર્ગો પર ચાલવા માંડો.

આ વાજ-હોડમાં અમે વિજયી થઈએ, જેથી વાજના પ્રસવની સફળતા સુધી અમે પહોંચી જઈએ. દ્યાવા—આકાશ અને પૃથ્વી એ બંને તો વિશ્વરૂપ છે અને સઘળા રોગોને શમાવનાર વિશ્વ શંભુ છે; તે તો અમારાં માતા અને પિતા બનીને અમારી પાસે આવી પહોંચો. સોમ જે દિવ્ય અન્ન છે; તે અમારા અજર અને અમર બનવાના ભાવને પોષી રહો.

હે વાજીઓ, તમે વાજ જીતનારા છો, તેને કારણે અમારી વાજ-હરીફાઈમાં તમે આગળ સરતા રહેશો અને એ રીતે વાજમાં વિજય મેળવી લેશો. અને એ રીતે તમે બૃહસ્પતિએ મેળવેલ યજ્ઞના ભાગને સુગંધિત બનાવશો. તમારે કારણે અમે ગૃહસ્થો વાજી બનીને વાજને જીતનારા, વાજમાં આગળ સરનારા અને વાજમાં વિજય મેળવવા ઇચ્છનારા છીએ, જેથી અમે બૃહસ્પતિના ભાગને મેળવી લઈએ.

આ મંત્રદ્રષ્ટા ઋષિમુનિઓ વાજનાં વિવિધ રીતે દર્શન કરી રહ્યા છે. વાજનો સામાન્ય અર્થ તો બળ થાય છે, પણ તે એકલું બળ નહિ. જે બળમાં ઓજ હોય; તેજ હોય; વીર્ય હોય; તે વાજ ગણાય. આ વાજ મેળવવાનો ઉપાય શું ? તેના પ્રશ્નમાં આ બધાજ ઋષિમુનિઓ એકી અવાજે અન્નનો મહિમા ગણાય છે.

એક દુકાળમાં ખાનપાન મળતાં બંધ થઈ ગયાં, સાથે ઋષિમુનિઓએ અઘરાં તપ કરી, મોટી મહેનત કરી, સખત પરિશ્રમ વેઠી, જે વિવિધ વિદ્યાઓ મેળવી હતી; તે બધીજ ભુલાઇ ગઇ, વીસરાઇ ગઈ.

વૃષ્ટિ થઈ, અન્ન પાકયાં, બળ આવ્યાં ને ઋષિમુનિઓ હૃષ્ટ પુષ્ટ થયા; પરંતુ જે વિદ્યાઓ ભુલાઇ ગઇ, વીસરાઈ ગઇ, તે કંઠે ને કોઠે આવે શી રીતે? અનુભવે મેળવેલી એ વિદ્યાઓ તો રાષ્ટ્રનાં સાચાં ધન! તેના વિના તો રાષ્ટ્ર નિર્ધન બની જાય, નમાલું બની જાય.

હાં, એવે વખતે પણ થોડાક ઋષિમુનિઓ હતા; જેમણે ભૂખમરો વેઠીને પણ, કષ્ટ સંકટ સહન કરીને પણ પોતાના કોઠે ને કંઠે અનુભવની વિદ્યાઓ સાચવી રાખી હતી. સુકાળ આવતાં, તે વિદ્યાઓને નવાં રૂપ મલ્યાં, નવા અક્ષરો મલ્યા, નવી આકૃતિઓ મળી ગઇ. એ વિદ્યાઓ પરંપરાએ પ્રાપ્ત થઈ.

દુકાળ તો ગયો, પણ અન્નપાનની પ્રતિષ્ઠા થઇ. દેવોએ અનેક યજ્ઞો જોયા; પણ વાજપેય સર્વશ્રેષ્ઠ ગણાયો; જેણે અન્નપાન આપીને માનવનાં મન ઘડયાં છે, મનને ઉન્નત બનાવ્યાં છે.

આ વાજપેયમાં સહુને જોડાઇ જવા, ઋષિમુનિઓ જણાવી રહ્યા છે. એની ધજાપતાકા દૂર સુદૂર ફરકતી રહે અને તેનો યૂપ–થાંભલો રાષ્ટ્રની પ્રતિષ્ઠાને ઊંચે ઊંચે લઈ જાય; એ માટે રાષ્ટ્રપુરુષ તે યૂપનું ગીત ગાય છે:

[1] 'ઓ યૂપ, તું ક્ષત્ર–રાષ્ટ્ર ધર્મનું કવચ છે, રાષ્ટ્રનું તું મૂલ કારણ છે. ઓ વીરપુરુષોને જન્મ આપનારી માતાઓ; આવો, આ ઊંચા પ્રતિષ્ઠાના સ્થંભ પર આપણે સાથે સાથે કદમ મિલાવીને આગળ વધીએ. આપણે એ પગલે પગલે રાષ્ટ્રની સંપત્તિ વધતી રહેશે. વાજ અને પ્રસવ, પૂર્વજ અને અંત્યજ–આપિજ, ઉપરનાં અને નીચેનાં અંગો, આગળ વધનાર અને પાછળ પડનાર, થએલા, થનારા અને થવા માંગતા બધા પ્રકારના લોક-નાયકો-અધિપતિઓ અમારી સાથે કદમ મીલાવી રહો.

'ઓ યૂપ, મારા આ જીવન યજ્ઞને અનુરૂપ બનો. મારા પ્રાણ, અપાન અને વ્યાન યજ્ઞની સાથે ગતિ કરતા રહો. મારાં ચક્ષુ અને શ્રોત્ર, મારાં મન અને વાણી યજ્ઞના સાથ સહકારમાં જોડાઈ જાઓ. મારો આત્મા યજ્ઞને અનુરૂપ બનો. મારા આ વાજપેય યજ્ઞની સાથે જીવનનો યજ્ઞ જોડાઇ જાઓ.

અમે આ યૂપને સહારે ઊંચા સ્થાનો સુધી આવી પહોંચ્યા છીએ. અમે પ્રજાજનોની પરંપરા રચીને અજર અમર બન્યા છીએ. અમે પોતે પ્રજાપતિના પ્રજાજનો છીએ. અમે અમારાં પ્રજાજનોની સાથે આગળ વધીએ. અમારાં પાલન પોષણનાં સાધનો અમારી સાથે રહો. અન્નના પાક, ખાદ્ય અન્ન અને વાજ આપનારાં અન્ન વધતાં રહે, એટલા માટે અમે તમારી પ્રતિષ્ઠા કરીએ છીએ. તમે અમારી પુષ્ટિ છો, અમૃત છો, પ્રજનન છો.

---

૧ તૈ. સં. ૧, ૭, ૯ મૈ. સં. ૧, ૧૧, ૧૬ કા. સં. ૧૪, ૧, ૪ વા. સં. ૯, ૨૧

[1] બીજા યજ્ઞો કરતાં વાજપેયની પ્રતિષ્ઠા વધારે છે; એ વિષે આ બ્રહ્મવાદી જણાવે છે. 'પ્રજાપતિએ સઘળા દેવોને જુદા જુદા યજ્ઞો ભાગ પ્રમાણે વહેંચી આપ્યા. તેમણે પોતાને માટે વાજપેય યજ્ઞને રાખી મુકયો. તે જોઇને દેવોએ તેમને જણાવ્યું; 'તમે જે વાજપેય સાચવી રાખ્યો છે, એતો ખરેખર યજ્ઞ ગણાય; માટે તેમાં અમારા બધાના ભાગ હો.' એ સાંભળીને પ્રજાપતિએ તે બધા દેવોને વાજપેયમાંથી ભાગ વહેંચી આપ્યા; આ ભાગો ઉજ્જિતી-વિજય પ્રાપ્ત કરાવનાર નામે પ્રસિદ્ધ થયા છે.

ઋષિઓએ દેવોને વહેંચી આપેલા ઉજ્જિતી ભાગોનાં મંત્રો રૂપે દર્શન કર્યાં છે; તેમજ સાથે સાથે મંત્રોનાં રહસ્ય બતાવતાં બ્રાહ્મણ પણ જોડી આપ્યાં છે. એમાંના એક ઋષિએ ગાએલી વેદ વાણી આ રીતની છે.

[2] અગ્નિએ એક અક્ષરથી વાણી જીતી લીધી; બે અશ્વિનીકુમારોએ બે અક્ષરોથી પ્રાણ અને અપાનને, વિષ્ણુએ ત્રણ અક્ષરથી ત્રણ લોકોને જીતી લીધા. સોમે ચાર અક્ષરથી ચાર પગાં પશુઓને, પૂષાએ પાંચ અક્ષરથી પાંચ પદના પંક્તિ છંદને, ધાતાએ છ અક્ષરથી છ ઋતુઓને, મરુતોએ સાત અક્ષરથી સાત ચરણના શકવરિ છંદને, બૃહસ્પતિએ આઠ અક્ષરથી ગાયત્રીને, મિત્રે નવ અક્ષરથી નવ વાર ગવાતા—ત્રિવૃત સ્તોમને, વરુણે દશ અક્ષરથી વિરાટ છંદને, ઈન્દ્રે અગિઆર અક્ષરથી ત્રિષ્ટુપ છંદને, વિશ્વેદેવોએ બાર અક્ષરથી જગતી છંદને, વસુઓએ તેર અક્ષરથી તેર આવૃત્તિના સ્તોમને, રુદ્રોએ ચૌદ અક્ષરોથી ચૌદ આવર્તનના સ્તોમને, આદિત્યોએ પંદર અક્ષરોથી પંદર સ્તોમને, અદિતિએ સોળ અક્ષરથી સોળ સ્તોમને અને પ્રજાપતિએ સત્તર અક્ષરોથી સત્તર સ્તોમને જીતી લીધા છે.

[3] અગ્નિથી પ્રજાપતિ સુધીના દેવોએ ક્રમસર એક, બે, ત્રણ અક્ષરોના ભાગ મેળવી લીધા, એનાં દર્શન કરી, તેનાં રહસ્ય આ રીતે બોલ્યાં છેઃ

મા એક અક્ષરનો પૃથ્વી છંદ છે, તેને અગ્નિએ જીતી લીધો. પ્રમા બે અક્ષરનો અંતરિક્ષ છંદ છે, તેને અશ્વિનીકુમારોએ. પ્રતિમા ત્રણ અક્ષરનો સ્વર્ગ છંદ છે; તેને વિષ્ણુએ. આશ્રીવી નામના ચાર અક્ષરનો નક્ષત્રોના છંદ છે, તેને સોમે, અક્ષર પંક્તિ નામે પાંચ અક્ષરનો છંદ છે, તેને સવિતાએ જીતી લીધો. ચોવીસ અક્ષરોને ચાર પાદમાં વહેંચો, તો ગાયત્રી છંદ છ અક્ષરોનો થાય, તેને પૂષાએ, સાત અક્ષરોનો ઉષ્ણિક છંદ છે, તેને મરુતોએ, આઠ અક્ષરોનો અનુષ્ટુપ છંદ છે, તેને બુહસ્પતિએ, નવ અક્ષરોનો બ્રુહતી છંદ છે, તેને મિત્રે,

---

૧ તૈ. બ્રા. ૧, ૩, ૨, ૫ ૨ તૈ. સં. ૧, ૭, ૧૧ ૩ મે સં. ૧, ૧૧, ૧૦

દશ અક્ષરોનો વિરાટ છંદ છે, તેને વરુણે, અગિઆર અક્ષરોનો ત્રિષ્ટુપ છંદ છે, તેને ઈન્દ્રે, બાર અક્ષરોનો જગતી છંદ છે, તેને વિશ્વદેવોએ, તેર અક્ષરોથી તેર માસનો છંદ લેવાય છે, તેને વસુઓએ, ચૌદ અક્ષરોથી ચૌદ માસનો છંદ બને છે, તેને રુદ્રોએ. પંદર અક્ષરોથી પંદર માસનો છંદ બને છે, તેને આદિત્યોએ. સોળ અક્ષરોથી સોળ માસનો છંદ બને છે, તેને અદિતિએ તેમજ પ્રજાપતિએ સત્તર અક્ષરોથી બનેલા સત્તર માસના છંદને મેળવી લીધા. આ રીતે જે પ્રજાપતિ છે, તે સત્તર અક્ષરોથી પૂર્ણ બને છે.

ત્રીજા ઋષિએ વળી આ ઉજ્જિતીને ઉજ્જેપ ગણ્યા છે. જેને મેળવીને માનવ પોતાના જીવનનાં કલ્યાણ સાધે છે. વાજપેય યજ્ઞ કરનાર સદ્‌ગૃહસ્થ તે તે દેવોના ભાગને પોતાના જીવનનાં સાધનોમાં પ્રયુક્ત કરે છે, એ ભાવ આ ઋષિએ ગાયો છેઃ

[1] 'જેમ અગ્નિએ એક અક્ષરના છંદથી પ્રાણને જીતી લીધો, એમ હું અગ્નિ દ્વારા પ્રાણ પર વિજય મેળવું. જેમ અશ્વિનીકુમારોએ બે અક્ષરના છંદથી બે પગા મનુષ્યોને જીતી લીધા; એમ જ હું તે અશ્વિનીકુમારો દ્વારા માનવો પર વિજય મેળવી લઉં. એજ રીતે વિષ્ણુએ ત્રણ અક્ષરથી ત્રણ લોક જીતી લીધા, એમજ હું વિષ્ણુની સહાયથી ત્રણ લોક જીતી લઉં; સોમે ચાર અક્ષરથી ચાર પગાં પશુઓને જીતી લીધાં, એ પ્રમાણે હું સોમની સહાયથી ચાર પગાં પશુઓ પર વિજય મેળવું; પૂષાએ પાંચ અક્ષરોથી પાંચ દિશાઓને જીતી લીધા; એ પ્રમાણે હું પાંચ દિશાઓ જીતી લઉં; સવિતાએ છ અક્ષરોથી છ ઋતુઓને જીત્યા; એમજ હું છ ઋતુઓને જીતું. મરુતોએ સાત અક્ષરોથી સાત ગ્રામ્ય પશુઓને જીત્યા, એમજ હું સાત પશુઓને જીતું. બૃહસ્પતિએ આઠ અક્ષરોથી ગાયત્રી છંદ જીત્યો એમ હું ગાયત્રીને જીતી લઉં.

દેવ મિત્રે નવ અક્ષરથી ત્રિવૃત સ્તોમને જીતી લીધો, એમજ હું ત્રિવૃત સ્તોમને મેળવી લઉં; વરુણે દશ અક્ષરથી વિરાટ છંદને જીતી લીધો, એમજ હું વિરાટ છંદને મેળવી લઉં; ઈન્દ્રે અગિઆર અક્ષરથી ત્રિષ્ટુપ છંદને જીતી લીધો; એમજ હું ત્રિષ્ટુપ છંદને જીતી લઉં; વિશ્વદેવોએ બાર અક્ષરથી જગતી છંદને જીતી લીધો, એમજ હું જગતી છંદને જીતી લઉં; વસુઓએ તેર અક્ષરોથી તેર સ્તોમને જીતી લીધા; એમજ હું તેર સ્તોમને જીતી લઉં. રુદ્રોએ ચૌદ અક્ષરોથી ચૌદ સ્તોમને જીતી લીધા; એમજ હું ચૌદ સ્તોમને જીતી લઉં.

---

૧ વા. સં. ૯, ૩૧–૩૪

આદિત્યોએ પંદર અક્ષરોથી પંદર સ્તોમને જીતી લીધા, એ પ્રમાણે હું પંદર સ્તોમને જીતી લઉં. અદિતિએ સોળ અક્ષરોથી સોળ સ્તોમને જીતી લીધા; એમજ હું સોળ સ્તોમને જીતી શકું. પ્રજાપતિની જેમ હું સત્તર સ્તોમને જીતી લઉં.

આ સત્તર મંત્રોથી સત્તર આહુતિઓ આપવામાં આવે છે. પ્રજાપતિ પોતે સત્તર અક્ષરોના સ્વરૂપે રહેલ છે. તે સત્તર અક્ષરો : ओ श्रावय, अस्तु श्रौषट्, यज, ये यजामहे અને वौषट् તે પ્રજાપતિનું સ્વરૂપ ગણાય છે. આ પ્રજાપતિ તે યજ્ઞરૂપ છે અને યજ્ઞોમાં વાજપેય યજ્ઞ સૌથી શ્રેષ્ઠ છે; એ ભાવ અહી જોવાને મળે છે.

આ વાજપેય યજ્ઞમાં સોમની આહુતિઓ અપાય છે, તે સાથે અન્નની આહુતિઓ અપાય છે. સોમની આહુતિઓને સોમગ્રહ અને અન્નની આહુતિઓને સુરાગ્રહ કહે છે; તેનાં રહસ્ય પ્રગટ કરતાં આ બ્રહ્મવાદી જણાવે છે:

[1] 'તે ગૃહસ્થ સોમગ્રહોને તેમજ સુરાગ્રહોને પાત્રો ભરીને ગ્રહણ કરે છે. આમાં જે સોમ છે, તે તો દેવોનું પરમ અન્ન છે. જે સુરા છે, તે મનુષ્યોનું અન્ન છે. જે ઉત્તમ અન્ન છે, જે આદ્ય અન્ન છે, તેથી બીજા હલકા પ્રકારના અન્નને પણ ખાવાના ઉપયોગમાં લેવાય છે.

હવે સોમગ્રહોને ભરે છે. આમાં જે સોમ છે, તે તો બ્રહ્મ–મંત્રનું તેજ છે. એ બ્રહ્મના તેજથી યજમાનમાં તેજને રાખે છે. એ રીતે સુરાગ્રહોને ભરે છે. અહીં જે સુરા છે, તે તો અન્નને શમાવનારૂં બલ છે. હવે જે યજમાનમાં ભૂખને કારણે તાપ જાગે છે, તેને અન્નના શમલથી દૂર કરે છે. અર્થાત્ તે અન્ન ભૂખને શમાવનાર બને છે.

આ રીતે સોમગ્રહો અને સુરાગ્રહોને તે યજમાન ભરે છે. આ બંનેમાં સોમ એ પુરુષ છે અને સુરા સ્ત્રી છે. આ વૃષા અને યોષાનાં મિથુન છે. આ વાજપેય યજ્ઞમાં બંને મિથુન ભેગાં કરે છે, જેથી પ્રજાજનોનાં પ્રજનન થાય. એ પ્રમાણે સોમ ગ્રહોથી યજમાન પોતાના શરીરનો સ્પર્શ કરે છે અને સુરાગ્રહોથી પત્નીનો સ્પર્શ કરે છે. આને કારણે વાજપેયનાં યજન કરનાર ગૃહસ્થ સ્વર્ગ લોકમાં સ્ત્રી સુખને અનુભવે છે; કારણકે યજ્ઞના ફળરૂપે તેને તે સામર્થ્ય મળેલું છે.

અહીં પહેલાં સોમગ્રહો ભરાય છે અને પછી સુરાગ્રહો. સોમ લાવનાર ગાડામાં સોમને આગળ રાખે છે અને સુરાને પાછળ રાખે છે. અહીં જે સોમ છે, તે તો માનોને કે યજમાન પોતે છે અને જે સુરા છે; તે તો અન્ન છે. આથી

૧. તૈ. બ્રા ૧, ૩, ૩

સોમગ્રહોને અને સુરાગ્રહોને એક પછી એક ગોઠવવાના હોય છે, જેથી આદ્ય અન્નની વ્યવસ્થા થાય. અન્ન તો ભદ્ર છે, હિતકારી છે, તેનો સંસર્ગ સાધવાનો છે: એમ માનોને કે જે સુરા છે, તે તો અન્નનો વિકાર છે; પકાવેલ અન્ન છે. હવે જે કાંઈ પાપ હોય; તે પણ પકાવવાનું હોય છે. આથી અહીં સુરા અને અન્નનો સંસર્ગ સધાય છે.

યજમાન સોમગ્રહોથી આહુતિ આપે છે, ત્યારે જે કાંઈ સત્ય છે, તેનાં સર્જન થાય છે. હવે જે વાજ–અન્ન છે, તેનાં સર્જન કરનાર તો વિશ–પ્રજાજનો છે; તેમની પાસેથી સુરાગ્રહો મેળવી લેવાના છે. આમ લોક વ્યવહારમાં જે કાંઈ જૂઠ છે; તે દ્વારા પ્રજાજનોનો સંપર્ક સાધવાનો છે.'

આ બ્રહ્મવાદીએ વાજ તે અન્ન અને પેય તે સોમરસ, એ રીતે વાજપેયની વ્યાખ્યા કરી છે. ક્ષુધા અને પિપાસા તો રોજે રોજ જાગે છે અને તેનાં શમન અન્નપાનથી થાય છે. જેને ભૂખ લાગતી નથી; તેને તો મીઠાં ભોજન પણ કડવાં લાગે છે. જેને શરીરે તાવ હોય; તેને પાણી પણ કડવું લાગે છે.

આમ ભૂખ તરસ ન લાગે, તે રોગ છે. ભૂખ તરસ કુદરતી છે. અન્ન–પાન લઈને માણસ હૃષ્ટપુષ્ટ બને છે, મદમસ્ત રહે છે. સુરાપાન કરીને તો માનવી ઉન્માદ–ગાંડપણ અનુભવે છે. એ તો નશો છે, જે પાયમાલ કરે છે; પણ જે ખાન–પાન છે; તે મદ આપે છે; તે તો સાત્વિક સંતોપ છે; મદ છે, પણ ઉન્માદ નથી. સોમનાં પાન પણ ઉન્માદ જગાડે છે; એ દૈવી ઉન્માદ છે.

માનવ જે કરી શકે; તેથી તે વધારે કાંઈ કરી જાય છે. તેને આ વાજપેય એ પ્રકારની પ્રેરણા આપે છે. જે પ્રેરણા આપે છે, તે પ્રેરણા સ્થૂળ પણ છે, સૂક્ષ્મ પણ છે. મદ છે અને ઉન્માદ પણ છે. એ દૈવી પ્રેરણા છે. વાજપેય યજ્ઞનો યજમાન પોતે વાજી બને છે; તે પોતે પોતાનો પ્રેરક બને છે. ઋષિ તેને મંત્રવાણીમાં જણાવે છે:

[1] 'હે વાજી, તારે જે જે રૂપ ધારણ કરવાં હોય; જે જે કાયાના કલ્પ તારે કરવાના હોય; તે કાયાના કલ્પ તું જાતે કરી લે. તારું સ્વારાજ્ય તારા હાથમાં છે. તારે જે કોઈ પ્રયત્ન કરવાનાં છે, જે યજન–યાજન કરવાનાં છે; તે બધાં સેવા અને પરોપકારનાં કાર્યો તારે જાતેજ કરવાનાં છે. તેં જે કાર્યો કર્યાં છે; તેના પરિણામે જે જે ફળ મળવાનાં છે; તેનો ભોક્તા અને તેનો સ્વામી તું પોતે બનવાનો છે, તે વાતનું તારે ધ્યાન રાખવાનું છે. જો તું સાવધાન બનીને કાર્ય કરશે; તો તારી સરખામણી બીજાથી થઈ શકશે નહિ; અર્થાત્ સેવા અને

---

૧. વા. સં. ૨૩. ૧૫

પરોપકારનાં કાર્યો કરીને રાષ્ટ્રમાં તેં જે પ્રતિષ્ઠા મેળવી લીધી; જે ઊંચાં પદ સુધી તું પહોંચી ગયો; ત્યાં સુધી પહોંચવા માટે બીજાએ તારા જેવાંજ કાર્યો કરવાનાં રહેશે. તું કાર્ય કરે અને તેનાં પરિણામ બીજાને મળે, એવું નહિ બને.

૧ ‘ઓ વાજી, આ વાજપેય યજ્ઞ એ તો સેવા અને પરોપકારનો માર્ગ છે. એ પુરુષાર્થના માર્ગે તારી પ્રગતિ થતી રહેશે. આ માર્ગે તું વધ્યો છે, તો એ માર્ગે તારાં મરણ નથી. જે સેવા અને પરોપકારને માર્ગે દેવો–દિવ્યભાવ જગાડનાર લોકનેતાઓ ગયા છે. જ્યાં સારી રીતે ગમન કરી શકાય છે; એવા માર્ગોએ તું ચાલી રહ્યો છે. જ્યાં પહેલાં પુણ્યશાળી જનોએ ગતિ કરી છે; એ પદની પ્રતિષ્ઠા મેળવવા માટે સવિતા દેવ તને એ સ્થાને પહોંચાડી દો.’

હાં, સૌ પહેલાં બૃહસ્પતિ વાજપેય યજ્ઞ કરીને સવિતા દેવ પાસે પહોંચી ગયા હતા. જે દેવ સવિતા અન્નના પ્રસવિતા છે; એજ સવિતા દેવને પ્રાપ્ત કરી, માનવ અન્ન અને પાન મેળવે છે અને તે રીતે વાજપેય યજ્ઞની પ્રતિષ્ઠા મેળવે છે. આ મહાન યજ્ઞ છે; જેણે લોક વ્યવહારની સૂઝ આપી છે.

આ સરોવરને કીનારે પેલો વડલો ઊભો છે; તેનાં તેં દર્શન કર્યાં છે? ગુરુદેવ, ત્યાં તો અમે રોજ રમીએ છીએ; તેનાં વળી દર્શન કેવાં? એ તો અમારૂ પ્રિય સ્થાન છે. ત્યાં ગયા વિના તો અમને સુખચેન પડે નહિ.

સાચી વાત છે. તમને તે વડલો ગમી ગયો છે; પણ તમે તેનાં દર્શન કર્યાં નથી. તમારે સ્થાને કવિ હોય; તેને હૈયે કવિતા જાગે. તેને વડલાનાં દર્શન થાય, તે વડલાનો મહિમા ગાય. વડલો તેનો દેવ બની જાય.

'એવું તે આ વડલામાં શું છે, ગુરુદેવ?

'સાંભળ, એ વડલો એકલો ઉભો છે. તેની પાસે બીજું કોઇ વૃક્ષ નથી. તે પોતે શાખાઓ અને ડાળીઓ ફેલાવીને મોટા પ્રદેશ પર ફેલાયો છે. બપોરા ઢળે ને ગોચર-માંથી ગાયોનાં ધણ ઉતરી આવે ને વડલાની વિશાળ છાયામાં બેસીને આરામથી વાગોળ્યા કરે. ત્યાં તો બકરાં આવે, ઘેટાં આવે, ગાડાં છૂટે, ગોવાળ વેણુ વગાડે, ભરવાડ લાંબા સાદે ગાતો હોય. તમારા જેવાં બાળકો પહોંચી જાય ને ડાળે ડાળે ઝૂલા ખાતાં રમત આદરે.

હજી સવાર થયું નથી. માનવ બાળ તો સુખની સોડમાં સૂતું છે, પણ વડલાને આરામ ક્યાં છે? તેની

# ૨
# એકતામાં વિલસતી વિવિધતાઓ

ડાળે ડાળે પંખીઓના કલરવ જાગ્યા છે. રાતના અંધકારમાં આ વડલાનો આધાર લઈ કેટલાંય પક્ષીઓ સુઈ ગયાં હશે. હાં, ઘૂવડ, ચીબરી ને ચામાચીડીયાંએ રાત આખી કલશોર મચાવ્યો હશે ને કેટકેટલી હિંસાઓ આદરી હશે? આ વડલાને જોઇને તો પેલા ઋષિને હૈયે કવિતા જાગી. મંત્રનાં દર્શન થયાં :

૧ 'હાં, એ તો વિવેકી–વેન જન છે, જેણે બ્રહ્મનાં દર્શન કર્યાં છે. તે પોતે જણાવી રહ્યો છે: આ વટવૃક્ષ તો બ્રહ્મ છે, મહાન દેવ છે. તેની ગુફામાં આ રહસ્ય છુપાયું છે. સાચે જ, આખું વિશ્વ અહીં આ વટવૃક્ષમાં એક માળામાં સમાઇ જાય; એ રીતે સમાઈ ગયું છે. સાંજ પડતાં; આખું વિશ્વ એમાં સમાઈ જાય છે, સવાર થતાં વિશ્વ એમાંથી જ ઊડીને બધે વિસ્તાર પામી જાય છે. માનોને કે, સર્વનો સંહાર બ્રહ્મમાં પ્રલયકાળે થાય છે અને સર્વનાં સર્જન એજ બ્રહ્મમાંથી થઇ રહ્યાં છે. આ વટવૃક્ષમાં બધું ઓતપ્રોત છે. એ પોતે વિભુ છે, એ પ્રભુ છે, સર્વ પ્રજાઓમાં તે એક વિલસી રહ્યો છે.'

જો, નદીને કીનારે પીંપળો છે. એ પણ એક મહાન દેવ છે. માની લો કે, જટાધારી વડલો કો'ક સનાતન બ્રહ્મ ઋષિ છે. તો અશ્વત્થ સ્થિર છતાં નિત્ય ગતિશીલ દેવ ઇન્દ્ર છે. વડલો જ્ઞાનની પ્રતિમા છે, તો અશ્વત્થ બલની પ્રતિમા છે. જેણે વડલો જોયો, તેણે વટવૃક્ષનો મહિમા ગાયો; જેણે આ અશ્વત્થ વૃક્ષનાં દર્શન કર્યાં; તેણે તેની સ્તુતિ કરી; પ્રશંસા કરી. તે બંનેની પ્રતિભા આગવી છે. બંને પોતપોતાને સ્થાને મહાન છે.

એ તો બરોબર, ગુરુદેવ, પણ બંનેનાં મૂલ તત્વ તો એક જ ને?

ના, એ સમજણ ઉપયોગી નથી. લોક વ્યવહાર એ રીતે ચાલે નહિ. સર્જનની પ્રક્રિયા તો વિવિધતા પર નિર્ભર છે. જો ને, વડનો ટેટો હોય કે પીંપળાનો પેંપડો હોય અને ઉંબરાનું ફળ હોય કે પછી અંજીરનું. એ ટેટાને ફોડો કે ફળને તોડો; તો તેમાંથી કેટલાં બધાં બીજ નીકળી પડે. એ બધાં બીજ સેળભેળ થઇ જાય; તો ઓળખવાં પણ અઘરાં થઈ પડે. એ બધાનાં રૂપ રંગ સરખાં, ઘાટ ને આકાર પણ એક સરખાં. તેથી શું? બધાં બીજમાંથી બધાં વૃક્ષ તો નજ થાયને!

એ તે કેમ બને? વડના બીજમાંથી વટવૃક્ષ જ થાય ને? અશ્વત્થના બીજમાં અશ્વત્થ રહે છે. પણ તેનું કારણ શું હશે ગુરુદેવ?

તેનું કોઇ કારણ આપી શકાય એમ નથી. એ બીજની અંદર જ સૂક્ષ્મ રીતે આખું વટવૃક્ષ રહેલું છે. માનોને કે પિંડમાંજ બ્રહ્માંડ વસ્યું છે. તેને બીજું

૧. વા. સં. ૩૨, ૮

કોઇ નામ આપી શકાય એમ નથી. બીજનો એ પ્રભાવ છે. એ પ્રભુશક્તિ છે, જે સૂક્ષ્મ રીતે બીજમાં રહી છે; તેજ વિભુ વ્યાપક બને છે અને તે વિશાળ વટવૃક્ષનો આકાર લે છે. જે પ્રભુ છે, તેજ વિભુ બને છે; તેજ સ્વયંભૂ છે.

ઈન્દ્ર, અગ્નિ, વરુણ, સોમ વગેરે દેવો વિષે પણ આ પ્રકારનો મહિમા જાણી શકાય ખરો કે?

વેદોમાં દેવોની વિવિધતાનાં વર્ણન છે. ઋષિઓ તેમની વિવિધ શક્તિઓ જાણે છે, જુએ છે અને તે પ્રમાણે તેમના ગુણગાન ગાય છે. અગ્નિ ગૃહપતિ છે, ઈન્દ્ર યુદ્ધનો દેવ છે, વરુણ ઋતનાં પાલન કરે છે. સોમ વનસ્પતિ છે. એમાં એક દેવ બીજા દેવની તુલના–સરખામણી કરી શકે એમ નથી. તે તે દેવ પોતાની રીતે આગવી વિભૂતિ ધરાવે છે.

તમારી વાત સમજાય છે, ગુરુદેવ, સરોવરનો વડલો પોતાનું આગવું સ્થાન ધરાવે છે. નદી પરનું અશ્વત્થ વૃક્ષ પોતાની રીતે રાચે છે. વેરાન જંગલમાં એકલો ઉમરડો ઉભો હોય, પણ તે ડોક ઊંચી કરીને કેટકેટલાં પ્રાણીઓને પોતાની તરફ ખેંચી લાવે છે.

દેવો વિષે પણ એમ જ છે. અગ્નિહોત્ર કરવો હોય; ત્યારે તો અગ્નિ નારાયણ જ ગૌરવ ધરાવે. ઇષ્ટિ કરવી હોય; તો દેવરાજ ઇન્દ્ર પ્રધાનપદે હોય. સોમયાગ થવાનો હોય, ત્યારે તો રાજા સોમને વધામણાં આપવાનાં. તેમને લાવવા રથ જોડાય. અતિથિ જેવા આદર સત્કાર થાય અને તેમને મહાવેદિ પર આસન મળે.

ભલા, એક દેવ હોય, ત્યાં બીજા દેવો આવે ખરા કે?

આવે, જરૂર આવે. સરોવર પર ભલે એક વડલો હોય; પણ વનમાં પંચવટી હોય; ત્યાં તો વડની સાથે પીંપળો હોય, ને ઊંબરો પણ હોય. એ રીતે તો પાંચ વૃક્ષોનો મહિમા ગવાયો છે. અશ્વત્થ અને ઊદુંબર, પ્લક્ષ-ખાખરો અને આંબો, પાંચમો ન્યગ્રોધ તે વટવૃક્ષ.

એવું જ, દેવોને વિષે. સદ્‌ગૃહસ્થને હૈયે જેવી કામના હોય; એની સફળતા માટે ઇષ્ટિ કરે, યજ્ઞયાગ કરે અને એ દેવોનાં આહ્‌વાન કરે; તેમને આહુતિઓ આપે અને તે દેવો પ્રસન્ન થઇ, કામનાઓ પુરી પાડે.

આ વિષે કોઇ વ્યવસ્થા ખરી કે? કયા દેવને કઇ કામના માટે યાદ કરવા; એનો નિર્દેશ મળે ખરો કે?

જરૂર, વેદની વાણી આ બાબતમાં વ્યવસ્થિત છે. વિવિધ દેવોનો સંબંધ તેમની શક્તિઓની સાથે છે; તે તે દેવો અને તેમની વિવિધતાઓનાં વર્ણન આ ઋષિમુનિઓએ અનેક રીતે કર્યાં છે:

આ એક ઋષિ છે. તે એક એક દેવનાં નામ લેતા જાય છે અને સાથે તે દેવ છે; તેમાં એક દૈવત રહેલું છે, આટલું કહેતાં તો તે આનંદવિભોર બની જાય છે.

૧ ‘અગ્નિ એ દૈવત છે, દેવ છે. વાયુ એ દેવતા છે. સૂર્ય એ દેવતા છે. ચંદ્રમા એ દેવતા છે. વસુઓ એ દેવતા છે, રુદ્રો એ દેવતા છે, આદિત્યો એ દેવતા છે, મરુતો એ દેવતા છે, વિશ્વેદેવો એ દેવતા છે, બૃહસ્પતિ એ દેવતા છે, ઇન્દ્ર એ દેવતા છે, વરુણ એ દેવતા છે.

૨ ‘બીજા એક ઋષિ છે; તેમણે એક વિધિ શરુ કર્યો છે, જેમાં દેવોને બોલાવવા છે; માટે તે દેવહૂતિ ગણાય છે, તેમાં તે બ્રહ્મ–મંત્રને પામવા. ક્ષત્રનાં બળ મેળવવા, એમાં આશિષ લેવા, એમાં આગળનાં હિત–પુરોધા સાધવા અને એ રીતે એ કર્મને સફળ કરવા અગ્નિ વગેરે દેવોનાં રક્ષણ માંગે છે. તે જણાવે છે :

મારા આ દેવહૂતિ યજ્ઞમાં દેવ અગ્નિ ભૂત–પ્રાણીઓના અધિપતિ સ્વામી છે, તે મારાં રક્ષણ કરો; દેવ ઇન્દ્ર જયેષ્ટ અને શ્રેષ્ઠ પદાર્થોના સ્વામી છે. દેવ યમરાજ પૃથ્વીના સ્વામી છે, વાયુ અંતરિક્ષના, સૂર્ય દ્યૌસ્–આકાશના, ચંદ્રમા નક્ષત્રોના, બૃહસ્પતિ બ્રહ્મ–મંત્રના, દેવ મિત્ર સત્ય પદાર્થોના, વરુણ સૌ પ્રકારનાં અપસ્–તન્માત્રાઓના, સમુદ્ર પ્રવાહી જલોના, તેમજ દેવ અન્ન સર્વ પ્રકારનાં સામ્રાજ્યોના અધિપતિ છે, તે મારાં રક્ષણ કરો.

એજ રીતે રાજા સોમ ઔષધિ–વનસ્પતિઓના અધિપતિ છે. દેવ સવિતા સર્વ પ્રકારના પ્રસવ–પેદા થતા પદાર્થોના, રુદ્ર બધાં પશુઓના, ત્વષ્ટા વિશ્વકર્મા વિવિધ પ્રકારનાં રૂપકલાઓના, વિષ્ણુ ઊંચા ઊંચા પર્વતોના અને મરુતો સર્વ પ્રકારના ગણોના અધિપતિ છે, તે અમારાં રક્ષણ કરો.

ઓ પિતરો અને પિતામહો, તમે જે દૂર હો અને જે પાસે હો; તે બધા અમારાં રક્ષણ કરો. ઓ માતાના પિતાઓ અને નાના–દાદાઓ તમે અહીં અમારા આ દેવહૂતિ વિધિનાં રક્ષણ કરો.’

આ બધા દેવો એક યજ્ઞમાં ભેગા તો થાય; પણ એકે એક દેવ પોતાની આગવી શક્તિ અને વિભૂતિ ધરાવે છે. જો ને; આંબાવાડિયામાં કેટલા બધા આંબા સાથે ઉછરે છે ને સાથે ફળ આપે છે; પણ તેમાં કેટલાંક ફળ મીઠાં મધ જેવાં, તો કો’કનાં આંબલીના ચીચુડા જેવાં ખાટાં.

દેવો પણ દેખાવે ને આકારે સરખા હોય; ફળની સિદ્ધિઓ અને કામનાઓ પોષવામાં તે દેવોના પ્રભાવો જુદા જુદા છે. ઋષિઓએ દેવોની સ્તુતિ–પ્રશંસાઓ

૧. વા. સં. ૨૦. ૨. તૈ. સં. ૩, ૪, ૫.

ગાતાં ગાતાં; તેમની વિશિષ્ટ શક્તિઓ અને પ્રભાવોનાં વર્ણન કર્યાં છે. તે પરથી આ દેવોના વિભાગો કરી શકાય એમ છે.

જેમ વડલો, પીંપળો, શામળો, ઉંબરો આગવાં સ્થાન ધરાવે છે, તે એકલાં અટૂલાં હોય કે વનવૃક્ષોની અંદર ઘેરાયાં હોય; એમજ ઈન્દ્ર, અગ્નિ, વરુણ, સોમ દેવો આગવી પ્રતિભા ધરાવે છે. વસુઓ, રુદ્રો, આદિત્યો વગેરે ગણમાં રહે છે, ગણમાં રહીને પણ પોતાની વિશિષ્ટ શક્તિઓ હોય છે. ત્યારે મરુતો ગણ દેવો છે. સાત સાત ગણની સાત હરોળમાં ઓગણ પચાશ મરુતો સાથે જ યુદ્ધ ભૂમિ પર ઉતરી આવે છે. આ ઉપરાંત કેટલાક દેવો વિશ્વેદેવો છે, જે એક મેકમાં ભળી જાય છે.

ગુરુદેવ, આપે જે દેવોના વિભાગો જણાવ્યા; તેમની સરખામણી થઈ શકે ખરી કે? આ ગણમાં રહેનારા અને મિશ્ર બનીને રહેનારા દેવોને જાણવા માટે આપ કો'ક દાખલો આપશો કે?

વડ, પીંપળ, ઉમરડા જેવા વૃક્ષોના દાખલા તો ઈન્દ્ર, અગ્નિ, વરુણ, સોમ જેવા એકાકી પ્રતિભા ધરાવતા દેવો માટે છે. તે દેવો કામનાઓ પ્રમાણે ઈષ્ટિઓમાં—યજ્ઞોમાં ભાગ લે છે અને કલ્પવૃક્ષોની જેમ ઈષ્ટકામનાઓ આપે છે.

આઠ વસુઓ, અગિઆર રુદ્રો, બાર આદિત્યો સાથે રહે છે, સાથે યજ્ઞમાં આવે છે, પણ ઈષ્ટકામનાઓ આપવામાં તે દેવો આગવી પ્રતિભા ધરાવે છે. આંબા અને ફળારુ વૃક્ષોની જેવી તેમની વિશેષતા છે.

ખેતરોમાં જવાર, બાજરી, મકાઈ વગેરે અન્નનાં કણ—બીજો સાથે રોપાય છે, સાથે ઉછરે છે, સાથેજ લણાય છે. આ બધાં અન્ન એક સરખાં છે. બાજરીના કણથી બાજરી, મકાઈના કણથી મકાઈ; એમાં કોઈ ફેરફાર પડતો નથી. એ પ્રમાણે કેટલાક દેવો ગણમાં રહે છે, ગણ સાથે હરે ફરે છે અને ફળ આપવામાં પણ સાથેજ સહકાર સાધે છે, આ વસુ, રૂદ્ર વગેરે ગણ સાથે હરે ફરે છે અને ફળ આપવામાં પણ સાથેજ સહકાર સાધે છે. મરુતો પણ આ પ્રકારના ગણદેવો છે; તે સાથે કેટલાક મિશ્રદેવો પણ છે, જે એકમેકમાં ભળી જાય છે.

બાજરીની સાથે ડાંગેરનું ધરૂ રોપાય નહિ, પણ મઠ, ચોળા કે મગ જેવાં કઠોર સાથે ઉગે ખરાં. ઘઉંની સાથે ચણા ઉછરી જાય. આમ કેટલાક દેવો એક મેકમાં ભળતા નથી; તો જુદા જુદા સ્વભાવ હોવા છતાં કેટલાક દેવો ભળી જતા હોય છે. જુદા જુદા ઋષિ મુનિઓએ આ વિષે સ્તુતિઓ ગાઈ છે, તેનાં દર્શન આ રીતે કરવાં જોઈએ ને તેનાં રહસ્ય ઉકેલવા માટે પણ તેમના ભાવ જોવા જોઈએ;

[૧]હે અગ્નિ, હે સોમ, હે સૂર્ય; તમે વસવ્ય–એવા પ્રકારના દેવો છો; જેને અમારે વસાવી લેવા જોઈએ. હે મિત્ર, હે વરુણ, હે અર્યમા; તમે શર્મણ્ય–એવા પ્રકારના દેવો છો, જે અમારાં શર્મ–હૃદયનાં મર્મસ્થાનોનાં રક્ષણ કરનારા છો.

[૨]આ તે દેવો છે, જે દ્યૌસ–આકાશના વિભાગમાં રહે છે, આ તે દેવો છે, જે અંતરિક્ષના ભાગમાં રહે છે અને આ દેવો છે, જે પૃથ્વીના ભાગમાં રહે છે; આ બધા દેવો ભેગા થઈને અમારા આ યજ્ઞનાં રક્ષણ કરો. અમારા ક્ષેત્રમાં પ્રવેશ કરો; અમારા આ ક્ષેત્રમાં એક પછી એકના અનુક્રમથી પ્રવેશ કરતા રહો.

[૩]આ તે વિશ્વેદેવો છે, જે ઋત–સદાચાર પ્રમાણે વૃદ્ધિ કરનારા છે. જ્યારે જ્યારે ઋતુઓને અનુસરીને અમે હવન કરીએ છીએ; ત્યારે તે હવનનાં આહ્વાન સાંભળીને આ દેવો અમારા યજ્ઞમાં આવી પહોંચે છે. એ વિશ્વેદેવો અમારા યજ્ઞમાં આવીને દુધનાં પાન સારી રીતે કરો.

[૪]જે વિશ્વેદેવો અન્તરિક્ષમાં અને દ્યૌસ–આકાશની ઉપર રહેલ: છે, તે દેવો અમારાં હવ–આહ્વાનને સાંભળો. આ તે વિશ્વેદેવો અમારા યજ્ઞોનાં આસનો પર આવીને બેસો અને મદભર બની રહો.

[૫]'આ તે દેવો છે; જે આકાશમાં અગિઆરની સંખ્યામાં રહે છે, જે પૃથ્વી પર અગિઆરની સંખ્યામાં રહે છે અને જે પોતાના મહત્ત્વની સાથે જલથી ભરેલાં અંતરિક્ષમાં અગિઆરની સંખ્યામાં રહે છે, તે દેવો અમારા યજ્ઞમાં આવી આહુતિઓનાં સેવન કરો. અગ્નિ વગેરે એકાકી દેવો વસુઓ વગેરે ગણદેવોના સાથ 'સહકાર સાધે, એ ભાવના આ ઋષિ સેવે છે.

[૬]'સૌથી પહેલાં તો અગ્નિ વસુઓની સાથે અમારાં રક્ષણ કરો. સોમ રુદ્રોની સાથે પોતે જાતે આવીને અમારાં રક્ષણ કરો. ઈન્દ્ર મરુતોની સાથે આવી ઋતુઓને અનુકૂળ વાતાવરણ બનાવો વરુણ આદિત્યોની સાથે અમારાં રક્ષણ કરવા શીઘ્રતાથી આવે'. પોતપોતાના ગણોના દેવો બીજા ગણોના સાથ સાધી રહે, એ ભાવના પણ આ ઋષિ બતાવે છે:

'જેવી રીતે દેવો આદિત્યો છે, તે વસુઓની સાથે આવે છે અને જેમ રુદ્રદેવો મરુતોના સાથ સહકાર સાધી રહ્યા છે. એવીજ રીતે ત્રણ ત્રણ નામો ધરાવનારા આ વિશ્વેદેવો છે, તે અમારે માટે સરખા મનના હો.

---

૧. તૈ. સં. ૨, ૪, ૮, ૧; મૈ. સં. ૨, ૪, ૭, ૧૬ ૨. તૈ. સં. ૨, ૪, ૮, ૧૦. મૈ. સં.૨, ૪, ૮, ૩૩. ૩. તૈં. સં. ૨, ૪, ૧૪, ૧૬–૧૭ ૪. ઋ. સં. ૬, ૫૨, ૧૦–૧૩ ૫. કા. સં. ૪, ૫, ૨૩, ઋ સં. ૧, ૧૩૯, ૧૧ અ. સં. ૧૯, ૨૭ તૈ. સં. ૧, ૪, ૧૦, ૧, મૈ. સં. ૧, ૩, ૪૦, ૬. તૈ. સં. ૨, ૧, ૧૧, ૯, મૈ. સં. ૪, ૧૨, ૪૮ કા. સં. ૧૦, ૧૨, ૩૬

[1]'ઓ આદિત્ય દેવો, તમે આ જગતમાં નિવાસ કરીને તેને આધાર આપી રહ્યા છો. તમે તે વિશિષ્ટ દેવો છો, જે સઘળાં વિશ્વનાં લોકોનાં રક્ષણ કરે છે. તમારી દૃષ્ટિઓ ઘણી લાંબી છે, જેને કારણે તમે પ્રાણવાન સત્વનાં રક્ષણ કરો છો. તમે ઋત-સદાચારનાં પાલન કરીને સર્વ પ્રાણીઓનાં ઋણ અદા કરો છો.

'ઓ આદિત્ય દેવો, તમે ત્રણ ત્રણ ભૂમિઓને ધારણ કરતા રહો છો. એજ રીતે તમે ત્રણ ત્રણ આકાશનાં સ્થાનોને ધારણ કરો છો. તમારી આંકેલી વ્રતોની મર્યાદાઓમાં ત્રણ ત્રણ પ્રજાજનોનો સમાવેશ થઈ જાય છે. સાચેજ, ઓ આદિત્ય દેવો, તમારા પોતાના મહિમાને લીધે તો તમે વિશેષ મહિમાવાન બની રહ્યા છો. હે અર્યમા, હે વરુણ, હે મિત્ર; આદિત્યોની સાથે તમારા સાથ સહકાર મળી રહો.

જેમ વટવૃક્ષ એક છે, પણ તેનાં થડ અને મૂળ, સ્કંધ અને શાખા; પાંદડાં ફળ વગેરેથી મોટી વિશેષતા ધરાવે છે; એજરીતે અગ્નિ, ઈન્દ્ર વગેરે દેવો એક પ્રકારના વિશેષ દેવો છે, એ પોતાનાં અંગો, ઉપાંગો અને શક્તિઓની સાથે રહે છે અને તે અનેક જનોને અવનવી પ્રેરણાઓ આપતા રહે છે. તેનો નિર્દેશ કરતાં આ ઋષિ જણાવે છે :

[2]'હું ઋત્વિજ આ દશ દેવોની આજ્ઞાથી અને તેમની પ્રેરણા શક્તિથી જીવનરૂપી યજ્ઞની વિશાળ ભૂમિ પર ધીરી છતાં દૃઢ ગતિથી પ્રસર્પણ કરી રહ્યો છું, તેમાંના પહેલા દેવ સવિતા છે, જે પોતાની પ્રસવિતા–સર્જન શક્તિથી મને પ્રેરણા આપે છે, બીજાં દેવી સરસ્વતી પોતાની વાણીની શક્તિથી, ત્રીજા દેવ ત્વષ્ટા પોતાની વિવિધ રૂપકલાઓથી, ચોથા દેવ પૂષા પોતાનાં પોષક પશુ દ્રવ્યથી; પાંચમા દેવ ઈન્દ્ર પોતાની અસ્મિતા શક્તિથી, છટ્ઠા દેવ બૃહસ્પતિ બ્રહ્મ–મંત્રની શક્તિથી, સાતમા દેવ વરુણ અને આઠમા દેવ અગ્નિ પોતાના તેજથી તેમજ નવમા સોમ પોતાની વિરાજતી શોભા શક્તિથી અને દેવોમાં જે દશમા દેવ વિષ્ણુ છે, તેમની અધિષ્ઠાન શક્તિથી હું આગળ ગતિ કરી રહ્યો છું,'

બીજો એક ઋત્વિજ બનીને યજમાન માટેના શુભાશિષ વાક્યો ઉચ્ચારે છે.:

[3]'સવિતા તમને સર્જન માટે પ્રેરણા આપો, જે પ્રસવ–સર્જન પદાર્થોના સ્વામી છે. તે રીતે અગ્નિ તમને પ્રેરણા આપો, જે ગૃહપતિઓના સ્વામી છે. તેજ પ્રમાણે દેવ રુદ્ર પશુઓના, બૃહસ્પતિ વાણીઓના, ઈન્દ્ર જ્યેષ્ઠ પદાર્થોના, મિત્ર સત્યપદાર્થોના અને વરુણ ધર્મનાં પાલન કરનાર ગૃહસ્થોના સ્વામી છે, તે તમને પ્રેરણા આપો.

---

૧. તૈ. સં. ૨, ૧, ૧૧. ૧૬ ૨. વાસં ૧૦, ૩૦. ૩. તૈ. સં. ૧, ૮, ૧૦

આ સવિતા, સૂર્ય, પૂષા વગેરે એવા પ્રકારના દેવો છે, જે બીજા દેવોને પ્રસવ–સર્જન માટે પ્રેરણા આપે છે; એવા હે પ્રેરક દેવો, તમે અમારા આ યજમાનને એવી પ્રેરણા આપો કે જેથી તેનો કોઈ વૈરી ન હોય ને મહાન ક્ષત્ર-બળ મળે, મહાન આધિપત્ય મળે તેમજ મોટા જન સમાજમાં જનનાયક બનીને જાનરાજ્ય મેળવવા માટે પ્રેરણા મળો.

યજમાનના રક્ષણમાં પૂર્વ વગેરે દિશાઓના સ્વામી અગ્નિ વગેરે પોતાના છંદ, સ્તોમ અને સામગાન સાથે જોડાએલા રહો; એ ભાવઃ

[૧]'આ પૂર્વ દિશા સમિધથી પ્રકાશતી રહે છે; તેમ તમે ઉભા રહો. તમારાં બ્રહ્મ અને દ્રવ્યનાં રક્ષણ છંદોમાં ગાયત્રી, સ્તોમ સ્તુતિના આવર્તનમાં ત્રિવૃત્, સામગાનમાં રથંતર અને દેવોમાં અગ્નિ કરતા રહો. દક્ષિણ દિશા ઉગ્ર લાગે છે; તેમાં તમારાં ક્ષત્રબળ અને દ્રવ્યનાં રક્ષણ છંદોમાં ત્રિષ્ટુપ્, સ્તોમમાં પંચદશ, સામમાં બૃહત અને દેવોમાં ઇન્દ્ર કરતા રહો. પશ્ચિમ દિશા પ્રકાશથી વિરાજે છે; તેમાં તમારાં વૈશ્યપ્રજાજનોનાં દ્રવ્યનાં રક્ષણ છંદોમાં જગતી, સ્તોમમાં સપ્તદશ, સામમાં વૈરૂપ અને દેવોમાં મરુતો કરતા રહો. તમે તે ઉત્તર દિશામાં ઉભા રહો; તેમાં તમારાં બળ અને દ્રવ્યનાં રક્ષણ છંદોમાં અનુષ્ટુપ્, એકવિંશસ્તોમ, વૈરાજ સામ અને દેવોમાં મિત્ર અને વરુણ કરતા રહો. તમે તે ઊંચી દિશામાં રહો, તેમાં તમારાં વર્ચસ્વ અને દ્રવ્યનાં રક્ષણ છંદોમાં પંક્તિ, સ્તોમોમાં સપ્તવિંશ અને ત્રયસ્ત્રિંશ, સામગાનોમાં શાક્વર અને રૈવત અને દેવોમાં બૃહસ્પતિ કરતા રહો.

આ દિશાઓના પ્રદેશોની સાથે છ ઋતુઓનો સંબંધ જોડીને; બીજા ઋષિ યજમાનમાં બ્રાહ્મ, ક્ષત્ર, વિટ્, ફલ અને વચનનાં રક્ષણ માગતાં, જણાવે છે :

[૨]'હે યજમાન, આ પૂર્વદિશાએ ચઢો, ગાયત્રી, રથન્તર સામ, ત્રિવૃત્ સ્તોમ, વસંત ઋતુ અને બ્રાહ્મરૂપ દ્રવ્યનાં રક્ષણ કરો. હવે આ દક્ષિણદિશાએ ચઢો 'ત્રિષ્ટુપ્' બૃહત્ સામ, પંચદશ સ્તોમ, ગ્રીષ્મ ઋતુ અને ક્ષત્રરૂપ દ્રવ્યનાં રક્ષણ કરો. હવે આ પશ્ચિમ દિશાએ ચઢો; જગતી, વૈરૂપ સામ, સપ્તદશસ્તોમ, વર્ષા ઋતુ અને વૈશ્યરૂપ દ્રવ્યનાં રક્ષણ કરો.

હે યજમાન, આ ઉત્તર દિશાએ ચઢો, અનુષ્ટુપ્, વૈરાજ સામ, એકવિંશ સ્તોમ, શારદ્ ઋતુ અને ફળ–દ્રવ્યનાં રક્ષણ કરો. હવે આ ઊંચી દિશાએ ચઢો. પંક્તિછંદ, શાક્વર અને રૈવત બે સામ, સપ્તવિંશ અને ત્રયસ્ત્રિંશ બે સ્તોમ, હેમંત અને શિશિર બે ઋતુઓ અને વર્ચ–દ્રવ્યનાં રક્ષણ કરો.

૧. તૈ. સં. ૧. ૮, ૧૪ કા. સં. ૧૫, ૭ મૈ. સં. ૨, ૬, ૧૦, ૧૧ ૨. વા. સં. ૧૦, ૧૦–૧૪

[1]હે યજમાન, તમે અભિભાવુક છો; તેથી બધી રીતે તમારો જય થતો રહો. આ પાંચેય દિશાઓ તમારી ભાવના પ્રમાણે રક્ષણ કરતી રહો. હે બ્રહ્મરૂપ યજમાન, તમે પોતે બ્રહ્મા છો, સત્યને પ્રસવ–પ્રેરણા આપનાર સવિતા છો, સત્ય ઓજ આપનાર વરુણ છો, વિટ્ પ્રજાજનોને ઓજ–બળ આપનાર ઇન્દ્ર છો અને જેનાં સેવનથી સુખ મળે, એવા તમે રુદ્ર દેવ છો.'

દિશાઓના પ્રદેશો અને વિવિધ ઋતુઓના કાળની સાથે જે તે તે દેવોનો વિશેષ સંબંધ રહેલો છે, તે ઋતુઓની સાથે ગણદેવોના સંબંધ પણ આ ઋષિની વાણીમાં વ્યક્ત થયા છે.

[2]જે દેવો વસુઓની સ્તુતિ વસંત ઋતુ, ત્રિવૃત્ત સ્તોમ અને રથંતર પૃષ્ઠ સામથી કરવામાં આવે છે, તે દેવો વિશેષ દેવરાજ ઇન્દ્રમાં હવિની સાથે વયની શક્તિને ધારણ કરે.

જે રુદ્ર દેવોની સ્તુતિ ગ્રીષ્મ ઋતુ, પંચદશસ્તોમ અને બૃહત સામથી કરવામાં આવે છે, તે દેવો ઇન્દ્રમાં હવિના યશ સાથે બળને રાખો. જે આદિત્ય દેવોની સ્તુતિ વર્ષાઋતુ, સપ્તદશ સ્તોમે અને વૈરૂપ સામથી કરવામાં આવે છે, તે દેવો ઇન્દ્રમાં હવિની સાથે વિટ–પ્રજાજનો અને બળની સાથે વયની શક્તિને ધારણ કરો.

જે ઋભુ દેવોની સ્તુતિ શરદઋતુ, એકવિંશ સ્તોમ અને વૈરાજ સામથી કરવામાં આવે છે, તે દેવો ઇન્દ્રમાં હવિની સાથે, શ્રીની શોભા સાથે વયની શક્તિને ધારણ કરો. જે મરુતો દેવોની સ્તુતિ હેમન્ત ઋતુ, સપ્તવિંશ સ્તોમ અને શાક્વર સામથી કરવામાં આવે છે, તે દેવો ઇન્દ્રમાં હવિની સાથે બલ અને સહનશક્તિને ધારણ કરો.

જે અજર અમર દેવોની સ્તુતિ શિશિર ઋતુ, ત્રયસ્ત્રિંશ સ્તોમ અને રૈવત સામથી કરવામાં આવે છે; તે દેવો ઇન્દ્રમાં હવિની સાથે સત્ય અને ક્ષત્ર વયને ધારણ કરો.

[3] સતાવીસ નક્ષત્રોના અધિપતિ–સ્વામીઓ તો પ્રકાશ આપનાર અગ્નિ જ્યોતિ રૂપે છે. દરેક નક્ષત્ર અને તેના સ્વામી, એ ક્રમે ઋષિઓએ તેમનો મહિમા ગાયો છે, તે ભાવ આ પ્રમાણે છેઃ

પહેલું નક્ષત્ર કૃતિકા છે, તેની દેવતા અગ્નિ છે; માટે તમે અગ્નિ, પ્રજાપતિ, ધાતા અને સોમ એ દેવોના પ્રકાશ–રુચ છો; માટે અમે તમને ઋચ્યા માટે, રુચા

૧. વા સં. ૧૦, ૨૮ ૨. વા. સં. ૨૧. ૨૩–૨૮ ૩ તૈ. સં. ૪, ૪, ૧૦ કા.સં. ૩૦, ૧૩ મે. સં. ૨, ૧૩, ૨૦

માટે, દ્યુત–ચમકારા માટે, ભાસ-પ્રકાશને માટે, જ્યોતિને માટે સેવીએ છીએ.' એજ પ્રમાણે દરેક નક્ષત્ર અને તેના સ્વામીનો નિર્દેશ કરીને જ્યોતિ-પ્રકાશ મેળવવાની યોજના બતાવી છે; (૨) રોહિણીનક્ષણ્ તેની દેવતા પ્રજાપતિ, (૩) મૃગશીર્ષનક્ષત્ર, તેની દેવતા સોમ, (૪) આર્દ્રાનક્ષત્ર, તેની દેવતા રુદ્ર (૫) પુનર્વસુનક્ષત્ર, દેવતા અદિતિ (૬) તિષ્ય (પુષ્ય) નક્ષત્ર, દેવતા બૃહસ્પતિ, (૭) આશ્રેષા (આશ્લેલા) નક્ષત્ર, દેવતા સર્પો (૮) મઘા નક્ષત્ર, દેવતા પિતરો (૯) પૂર્વા ફાલ્ગુની, અર્યમા (૧૦) ઉત્તરા ફાલ્ગુની અને ભગ નક્ષત્ર દેવતા (૧૧) હસ્ત નક્ષત્ર, દેવતા સવિતા (૧૨) ચિત્રાનક્ષત્ર, દેવતા ત્વષ્ટા (૧૩) સ્વાતિ નક્ષત્ર, દેવતા વાયુ (૧૪) બે વિશાખા, બે દેવતા ઈન્દ્ર અને અગ્નિ (૧૫) અનુરાધા નક્ષત્ર, દેવતા મિત્ર (૧૬) રોહિણી નક્ષત્ર, દેવતા ઈન્દ્ર (૧૭) વિચૃત નક્ષત્રો, દેવતા પિતરો (૧૮) પૂર્વા આષાઢા નક્ષત્ર, દેવતા આપઃ (જલ) (૧૯) ઉતરાષાઢા નક્ષત્ર, દેવતા વિશ્વેદેવો, (૨૦) શ્રોણા (શ્રવણ) નક્ષત્ર, દેવતા વિષ્ણુ (૨૧) શ્રવિષ્ઠા (ધનિષ્ઠા) નક્ષત્ર, દેવતા વસુ (૨૨) શતભિષા નક્ષત્ર, દેવતા ઈન્દ્ર (વરુણ) (૨૩) પ્રોષ્ઠપદા (પૂર્વા ભાદ્રપદા) નક્ષત્ર, દેવતા અજ એકપાત્, (૨૪) પ્રોષ્ટાપદા (ઉતરા ભાદ્રપદા) નક્ષત્ર, દેવતા અહિર્બુધ્નિય (૨૫) રેવતી નક્ષત્ર, દેવતા પૂષા (૨૬) અશ્વિની યુગલ બે નક્ષત્ર, બે દેવતા અશ્વિની કુમાર (૨૭) આપભરણી નક્ષત્ર, દેવતા યમ છે.

અગ્નિચયનની મહાવેદિ બનાવવામાં આવે, ત્યારે ઉપર જણાવેલાં નક્ષત્રોના નામની ઇષ્ટિકાઓ ઇશાનથી શરુ કરી દિશા અને ખુણાઓના મંડળ પ્રમાણે ચિતિ રચવામાં આવે છે. તે ઉપરાંત ૭ ઋતુઓ અને બારમાસના નામની ઇષ્ટિકાઓ રચે છે. તેમનાં નામ આ સાથે જોવાને મળે છે :

[૧] વસન્ત ઋતુના આ બે માસ મધું (ચૈત્ર) અને માધવ (વૈશાખ) ગ્રીષ્મ ઋતુના આ બે માસ શુક્ર (જેઠ) અને શુચિ (અષાઢ), વર્ષાઋતુના આ બે માસ નભ (શ્રાવણ) અને નભસ્ય (ભાદરવો) શરદ ઋતુના બે માસ ઈશ (આસો) અને ઊર્જ (કારતક) હેમન્તના બે માસ સહ (માગશર) અને સહસ્ય (પોષ) તેમજ શિશિરના બે માસ તપ (માઘ) અને તપસ્યા (ફાગણ) વગેરે અમે પ્રકાશ માટે સેવીએ છીએ

દેશ, કાલ અને દશાના સંબંધે જેમ આ દેવોનાં વિવિધ રૂપો જોવાને મળે છે, તેમજ ભાવનાની વિવિધતા પ્રમાણે પણ દેવોનાં નામ અને રૂપ જુદાં જુદાં જોવાને મળે છે. આમાં મૂળ વસ્તુ તો ભાવના છે. માનવ પોતાની ભાવના પ્રમાણે દેવોને પ્રસન્ન કરવા, ઇષ્ટિઓ આદરે છે, યજન યાજન કરે છે અને આહુતિઓનાં પ્રદાન કરે છે.

---

(૧) તૈ. સં. ૪, ૪, ૧૧ કા. સં. ૧૭, ૧૦ મૈ. સં. ૨, ૮, ૧૨ વા, ૧૩, ૨૫

જે ભાવે દેવને ભજીએ, એ ભાવે તે ફળ આપે. ઈષ્ટદેવની પાસે ઈષ્ટિકામના લઈને જવાનું; તે તે કોઈ અંગત સ્વાર્થને માટે નહિ, લોભ લાલચને વશ થઇને નહિ, પણ સેવા અને પરોપકારની વૃત્તિ હોય, તોજ દેવોની પાસે જરાય આ એક દૃષ્ટિ છે. જે દીન જન હોય, અસહાય હોય, તેજ પ્રાર્થના કરે, સ્તુતિ કરે અને તેની સહાય દેવ કરે.

આ સ્તુતિ–પ્રાર્થનાઓ વિવિધ છે, ઈષ્ટકામનાઓ પણ વિવિધ છે અને તે પ્રમાણે દેવો પણ વિવિધ છે. એક દેવ પણ કામના પ્રમાણે જુદાં જુદાં નામ ધારણ કરે છે અને યોગ્ય અધિકારી જનને સહાય કરે છે.

આ વિષે બ્રહ્મવાદી–ઋષિઓ દૃષ્ટાન્ત આપીને ભાવના રજૂ કરે છેઃ

[1] એક બાજુએ દેવો, મનુષ્યો અને પિતરો રહેલા છે, તો બીજી બાજુએ અસુરો, રાક્ષસો અને પિશાચો રહેલા છે. રાતના સમયનો લાભ લઈને આ રાક્ષસો તે દેવો વગેરેમાંથી કો'કનું થોડું લોહી લઈ લે અને સવાર પડતા પહેલાં તો લોહી ચુસાઈ જવાને કારણે તે લોકો મરેલા જોવામાં આવે. બધા દેવો ભેગા થયા અને તેમને લાગ્યું કે, આપણામાં જે કોઈ મરી જાય છે, તેને તો ખરેખર આ રાક્ષસો મારી નાખે છે.

તે દેવોએ મંત્રણા કરવા માટે રાક્ષસોને બોલાવ્યા. તેમણે જણાવ્યું, અમે તમારી પાસે એક માંગણી રજૂ કરીએ છીએ. જે આ અસુર લોકો છે, તેમને અમે જીતી લઈએ અને તેમની પાસેથી જે જીતનો ભાગ મળે; તે આપણે બધા વહેંચી લઈએ. આ પ્રમાણે બંને વચ્ચે સલાહ સંધિ કરવામાં આવી; તે પ્રમાણે દેવોએ અસુરો પર વિજય મેળવી લીધો. અહીં રાક્ષસોએ જણાવ્યું: તમે આ ખોટું કામ કર્યું છે. તમે બધા દેવોએજ ભેગા થઈને અસુરોને જીતી લીધા છે. એ બરાબર ન ગણાય' અને એમ કહીને તે રાક્ષસો અસુરોને પોતાની સાથે લઈ ગયા.

ત્યારબાદ દેવોએ ભેગા થઈને પોતાનું રક્ષણ કરનાર દેવ અગ્નિની પોતાના નાયક–નાથ તરીકે નિમણૂંક કરી; તેને માટે ત્રણ ઇષ્ટિઓ કરી:

'જે અગ્નિ પ્રવત–આગળ આવીને રક્ષણ કરે છે, તેને પુરોડાશ–ભાખરીનાં હવિ આપવાં. જે આઠ કપાલ (કોડીયા)માં તૈયાર થાય છે. તેજ રીતે જે અગ્નિ વિબાધ–શત્રુઓને હણે છે; તેને માટે; તેમજ જે અગ્નિ પ્રતીક–સામે આવીને રક્ષણ કરે, તેને માટે. આમ ત્રણ ઈષ્ટિઓ કરવાનું વિચાર્યું.

પ્રવત અગ્નિ માટે આહુતિ તૈયાર કરી, ઇષ્ટિ કરી, તેથી જે રાક્ષસો આગળ આવીને ઉભા હતા, તેમનો નાશ કર્યો. બીજો જે વિબાધવાન અગ્નિ છે, તેને

૧. તૈ. સં. ૨, ૪, ૧ કા. સં. ૧૦, ૭ મૈ. સં. ૨, ૧, ૧૧

માટે આહુતિથી ઈષ્ટિ કરી; તેથી જે રાક્ષસો બાધ–અડચણો ઉભી કરતા હતા, તેમનો નાશ કર્યો અને ત્રીજા પ્રતીકવાન અગ્નિ માટે આહુતિથી ઈષ્ટિ કરી; તેથી જે રાક્ષસો પાછળથી આવીને સામે ઉભા રહ્યા; તેમનો નાશ કર્યો. આ રીતે દેવોએ વિજય મેળવી લીધો અને અસુરો પરાજિત થયા.

જે વિદ્વાન યાજ્ઞિક આ રહસ્ય જાણીને અગ્નિથી ઈષ્ટિઓ કરે છે, તે શત્રુઓનો નાશ કરીને પોતાની મનગમતી કામનાઓ મેળવે છે. અગ્નિની આ ઈષ્ટિઓ માટે, જે સ્તુતિ–ઋચાઓ છે, તેનો ભાવ આ પ્રમાણે છે :

૧ 'હે અગ્નિ, જે શત્રુઓ–યાતુધાન–નિશાચરો તમારી સામે રહેલા છે, તેનો તમે નાશ કરો. તમે તો વિશાળ નિવાસ–ઘરોમાં પ્રકાશિત થાઓ છો.'

અહિં દેવ અગ્નિ છે, પણ તે ઋષિની ઇષ્ટિ–કામનાને સફળ કરવા માટે ત્રણ ત્રણ રૂપ અને નામ ધારણ કરે છે. એ જ રીતે દેવરાજ ઇન્દ્ર પણ ત્રણ સ્વરૂપોને ધારણ કરે છે, એ વિષે આ ઋષિઓ જણાવી રહ્યા છે :

'પહેલાં દેવો અને અસુરો બંને લડાઈમાં ઉતરી પડયા. દેવોએ મળીને વિચારણા કરી : 'આપણામાં જે દેવ સૌથી વધારે પરાક્રમી હોય; તેને આગળ રાખીને આપણે યુદ્ધની શરુઆત કરીએ. તેમણે ભેગા મળીને ઇન્દ્રને કહ્યું. 'તમે સૌથી વધારે વીર્યવાન્ છો, માટે તમને આગળ કરીને અમે યુદ્ધ કરવા માંગીએ છીએ.'

તે ઇન્દ્રે દેવોને જણાવ્યું : મારાં એ ત્રણ શરીર વીર્યવાન છે; તેમને તમે રાજી રાખો; તેમ કરવાથી તમે અસુરોને જીતી જશો. ત્યારે દેવોએ પૂછ્યું : તમારાં તે શરીરનાં રૂપોનાં નામ કહો. તેણે ઉત્તરમાં જણાવ્યું :

'પહેલું શરીર તે અંહોમુક નામે છે, જે પાપમાંથી છોડાવે છે, બીજું શરીર તે બિમૃધ નામે છે, જે શત્રુને યુદ્ધમાં હાંકી કાઢે છે; ત્રીજું શરીર વીર્યાવાન છે, જેમાં સામર્થ્ય–પરાક્રમ રહેલાં છે.'

તે પ્રમાણે દેવોએ ઇન્દ્રનાં ત્રણ સ્વરૂપોને રાજી કરવા ત્રણ ઈષ્ટિઓ કરી : અંહોમુક્ ઇન્દ્રને એકાદશ કપાલ પુરોડાશની આહુતિ, વૈમૃધ ઇન્દ્રને બીજી આહુતિ અને ઇન્દ્રિયાવાન ઇન્દ્રને ત્રીજી આહુતિ આપી.

આમ જ્યારે દેવોએ અંહોમુક્ ઇન્દ્રને પહેલી આહુતિ આપી, ત્યારે તે દેવો સર્વ પ્રકારનાં પાપથી છૂટી ગયા. વૈમૃધ ઇન્દ્રને બીજી આહુતિ આપી; તેથી તે દેવો અસુરોના–યુદ્ધમાંથી વિજય મેળવી છૂટા થયા તેમજ ઇન્દ્રિયાવાન

૧. તૈ. સં. ૨, ૫. ૧૨ ૩. તૈ. સં ૨, ૪, ૨, કા. સં. ૧૦, ૧૦ મૈ. સં. ૨, ૨, ૫, ૨૦

ઇન્દ્રને ત્રીજી આહુતિ આપી; તેથી તે દેવોએ પોતાની અંદર ઇંદ્રનાં સામર્થ્ય મેળવી લીધાં.

દેવોએ ઇન્દ્રને આપવાની પુરોડાશની પહેલી આહુતિ તેત્રીશ કપાલોમાં તૈયાર કરી હતી; કારણ કે બધા મળીને દેવો તેત્રીશ છે; આથી દેવોને વિજય મળે, એ કારણે ઇન્દ્ર તેમની અંદર પોતાનું રૂપ મુકી દે છે, આ રીતે ઇન્દ્રનાં રૂપ મેળવીને દેવોએ અસુરો પર મોટામાં મોટો વિજય મેળવ્યો હતો.

આ પ્રમાણે જે સદ્‌ગૃહસ્થ યજમાન ઇન્દ્રને માટે ઉપર જણાવેલ ત્રણ પ્રકારની આહુતિઓ તૈયાર કરીને ઈષ્ટિ કરે છે, તે યજમાનની અંદર વિજય માટે તેત્રીશ દેવો નિવાસ કરે છે. આને કારણે આ ઇષ્ટિનું નામ વિજિતિ છે; જેથી યજમાન શત્રુ પર મોટામાં મોટો વિજય મેળવે છે.'

[1] ઇન્દ્ર સર્વત્ર વિજય મેળવે છે; તે સ્વરૂપનાં દર્શન ઋષિઓ આ રીતે કરે છે: હે ઇન્દ્ર. તમે પૂર્વ દિશામાં રાજા બનીને રહો છો; હે વૃત્રહન્, તમે ઉત્તર દિશામાં વૃત્રનો નાશ કરનાર વૃત્રઘ્ન બનીને રહો છો. જે બાજુએ તમે શ્રેષ્ઠ પુરુષ–વૃષભ રૂપે વિજેતા રૂપે જીતી લીધી છે. અમે તમને બોલાવીએ છીએ.

'આ તે ઇન્દ્ર છે, જે પોતે યુદ્ધમાં વિજય મેળવે છે; પરંતુ જે ઇન્દ્રને બીજો કોઇ જીતશે નહિ. બધા પ્રકારનાં રાષ્ટ્રોના અધિરાજ–રાષ્ટ્ર પુરુષ બનીને તે ઇન્દ્ર સર્વસત્તાધીશ બને છે. બધા પ્રકારની યુદ્ધભૂમિઓમાં તે ઇન્દ્ર પોતે બધાના સંરક્ષક બનીને આવી પહોંચશે. એ ઇન્દ્ર બધા દેવોથી પૂજાશે અને બધામાં ઊંચાં માન મેળવશે.

તે ઇન્દ્રનાં રૂપ અને સામર્થ્યનો આ મહિમા છે; જે આકાશ, અંતરિક્ષ અને પૃથ્વીની સીમાઓથી પર પહોંચી જાય છે. એ ઇન્દ્ર તો સ્વારાજ્યનો અધિપતિ છે અને પોતાની ગૃહસભામાં પણ સૌ વિશ્વજનોથી માન મેળવે છે. શત્રુઓ પર પરાક્રમ મેળવે, એ રીતે તે યુદ્ધભૂમિ પર જઈને ઉભા રહે છે.

જેમ કામધેનુઓ ગોચરભૂમિથી સાંજે પાછી ફરે અને સવારે ગોચરભૂમિમાં મોકલવાની હોય, તે પહેલાં તે દોહવાતી હોતી નથી; તેને કારણે તેમના આંચળ દૂધથી ભરેલા હોય છે અને તેથી તેમને દોહનાર યજમાનો પોતાની મનઃકામના પ્રમાણે પૂરેપૂરાં દૂધ મેળવી રહે છે, તે રીતે ઇન્દ્ર સ્વર્ગથી યજ્ઞભૂમિ પર આવે છે અને સ્વર્ગમાં વિદાય લે છે, તે પહેલાં યજમાનોને તૃપ્ત કરવા માટેની પૂરી-પુરી ઇષ્ટ–કામનાઓ ધરાવતા હોય છે; એવા શૂર પરાક્રમી અને કામનાઓને

૧. તૈ. સં. ૨, ૪, ૧૪, ૩ કા. સં. ૮, ૬૬ મૈ. સં. ૪, ૧૨, ૪૦ અ. સં. ૬, ૯૮, ૩

પોપનાર ઇન્દ્રને અમે નમન કરીએ છીએ. એ ઇન્દ્ર સર્વ જંગમ પદાર્થોનો ઇશાન છે અને સઘળા સ્થાવર પદાર્થોનો સ્વામી છે.

દેવરાજ ઈન્દ્ર દેવોના વિજયને માટે નવલાં રૂપ ધારણ કરે છે; એ તો જાણે કે રોજે રોજ ઉદય પામતો ચંદ્ર નવલાં રૂપ લે; એ કુદરતનાં દર્શન ઋષિ આ રીતે કરે છે:

[1] 'ગગનમંડળમાં બિરાજતો આ ચંદ્ર છે, જે રોજે રોજ નવલાં રૂપ ધારણ કરીને કલાઓની સાથે જન્મ લે છે. સવારે આવી પહોંચતી આ ઉષાઓ તો દિવસોની ધજાઓનાં ચિહ્ન ધારણ કરનારી છે; તે પહેલાં આ ચંદ્રે તો નવલાં રૂપ ધારણ કર્યાં હોય છે. આ તે ચંદ્ર છે, જે પોતાની કલાઓના ભાગ રૂપે બધા દેવોને અમૃતની વહેંચણી કરે છે. આ ચંદ્ર તો દીર્ઘ આયુષ્યને તરી જાય છે.'

ચંદ્રનું આ નવલું અમૃત છે; જેને જોઇને જ દેવો તૃપ્ત થાય છે. દેવો કાંઇ અન્નની જેમ અમૃતને ખાતા નથી કે પાનની જેમ પીતા નથી. હાં; દેવોને યજ્ઞોમાં જે દ્રવ્યોની આહુતિ આપવામાં આવે છે, તેમાં આજ્ય–ઘી ઉત્તમ દ્રવ્ય તો એક જ, પણ તેનાં રૂપો દેવોની જેમ વિવિધ છે, એ ભાવ અહીં આ રહસ્યવાદી ઋષિઓ રજૂ કરે છે:

[2] 'દહીં વલોવતાં જે ઉપર તરી આવે છે અને તેને લઇ લેવામાં આવે છે, માટે તે સ્નિગ્ધ પદાર્થને નવનીત–માખણ કહે છે. ત્યારબાદ તે માખણને અગ્નિ પર તપાવવામાં આવે છે, ત્યારે તે તરલ પદાર્થ બને છે, તેને તો સર્પિ કહે છે અને પછી તે ઘટ્ટ બનીને રહે છે, માટે તેને ઘૃત કહે છે. એ ઘીની આહુતિ આપતાં ઋષિ જણાવે છે:

'ઓ ઘૃત, તું અશ્વિનીકુમારોના પ્રાણ રૂપે છે, માટે એ બંને દેવો તારાં પ્રદાન એ યજમાનને કરે, જેના તું પ્રાણરૂપે છે. એ રીતે તું ઇન્દ્રના પ્રાણરૂપે છે, માટે તે ઇન્દ્ર તારાં પ્રાણરૂપે પ્રદાન કરે. તું મિત્ર અને વરુણના પ્રાણ છે, તે બંને દેવો તારાં પ્રદાન યજમાનને પ્રાણરૂપે કરે. તું વિશ્વના સઘળા દેવોના પ્રાણરૂપે છે, તે વિશ્વેદેવો તારાં યજમાનને પ્રાણરૂપે પ્રદાન કરે.

હે ઘૃત, તારું રૂપ ઘીની ધારાની જેમ અને અમૃતના માર્ગની જેમ રહેલું છે. મરુતોની પ્રેરણા મેળવીને ઈન્દ્રે તારાં દાન કર્યાં છે. દેવ વિષ્ણુએ તારાં દર્શન કર્યાં છે. મનુની પુત્રી ઇડાએ કામધેનુ ગાયોમાં તારાં સ્થાન રાખ્યાં છે.

---

૧ તૈ.સં. ૨, ૪, ૧૪ ઋ.સં. ૧૦, ૮૫, ૧૯ ૨ તૈ. સં ૨, ૩, ૧૦ કા. સં. ૧૧, ૭ મૈ.સં. ૨, ૩, ૪

અગ્નિ, ઈન્દ્ર વગેરે દેવોનાં વિવિધ સ્વરૂપોની જેમ આ ઋષિઓ ગાયથી નીકળેલ અમૃત જેવા ઘૃતનો મહિમા ગાય છે. એ રીતે દેવોને ધરવાનું નૈવેદ્ય પણ દેવરૂપ બને છે; એ ભાવ છે.

યજ્ઞમાં અગ્નિ મુખ્ય દેવ છે, તે અગ્નિને પ્રગટ રાખનારાં, સળગતો રાખનારાં ઈંધન, સમિધ અને પરિધિ પણ અગ્નિના સંગે અગ્નિરૂપ બને છે, એટલું જ નહિ; અગ્નિમાં હોમવાનું હુત દ્રવ્ય પણ અગ્નિરૂપ બને છે. એથી આગળ વધીને સમિધાઓને અગ્નિમાં રાખતી વખતે જે ઋચાઓ ભણાય છે, તે સામિધેની ઋચાઓ પણ અગ્નિરૂપ છે અને ઋષિની વાણી તો અગ્નિ રૂપ છે જ, એ વિષેની એક સુંદર કથા આ રહસ્યવાદી રજૂ કરે છે:

[1] ઈધ્મ- ઈંધનથી અધ્વર્યુ—ઋત્વિજ અગ્નિને સમિદ્ધ કરે છે—સળગાવે છે; તેને કારણે તે લાકડા—ઈંધનને ઈધ્મ કહે છે. એજ રીતે પ્રવો વાજા० વગેરે ઋચાઓ બોલીને હોતા ઋત્વિજ અગ્નિને સમિદ્ધ કરે છે; માટે તે ઋચાઓનાં નામ સામિધેની રાખવામાં આવ્યાં છે.

આ સમયે અધ્વર્યુ હોતાને કહે છે: જે અગ્નિને સમિદ્ધ કરવો છે, તે અગ્નિને માટે ઋચાઓ બોલો; કારણ કે જ્યારે અગ્નિને સમિદ્ધ કરવાનો હોય, ત્યારે આ ઋચાઓ બોલવામાં આવે છે

[2] હોતા અગિઆર ઋચાઓ દેવ અગ્નિને ઉદ્દેશીને ભણે છે, માટે તે ઋચાઓ આગ્નેયી—અગ્નિ સ્વરૂપ છે; અગ્નિ તે ઋચાઓના દેવ છે. આમ જેના દેવ પોતે છે, એ ઋચાઓ ગાયત્રી છંદમાં છે. હવે ગાયત્રી એ તો અગ્નિનો છંદ છે. આમ પોતાના છંદથીજ તે અગ્નિ સમિદ્ધ થાય છે. ગાયત્રી તો વીર્યનું રૂપ છે. ગાયત્રીતો બ્રહ્મ—મંત્રનું રૂપ છે. એ રીતે અગ્નિના પોતાના વીર્ય—સામર્થ્યથી અગ્નિને સમિદ્ધ કરે છે.

[3] અગિઆર ઋચાઓમાં પહેલી ઋચાની શરુઆત પ્રવોવાજા થી થાય છે, તેના ત્રીજા ચરણમાં ઘૃતાચી શબ્દ છે, તે વિષેની કથા આ રહસ્યવાદી રજૂ કરે છે:

મનુના પુત્ર વિદેઘ નામના રાજાએ પોતાના મુખમાં વૈશ્વાનર અગ્નિને રાખી મુકયો હતો. તે રાજાના પુરોહિત રહૂગણના પુત્ર ગોતમ નામે ઋષિ હતા. તે પુરોહિતે રાજાને બોલાવ્યો, પણ રાજાએ વાણી બોલીને પુરોહિતને ઉત્તર આપ્યો નહિ. તેને શંકા હતી કે, જો હું બોલવા માટે મુખ ઉઘાડીશ; તો મુખમાં રહેલો અગ્નિ બહાર પડી જશે.

૧. શ બ્રા. ૧, ૩, ૫, ૧–૨ ૨. શ. બ્રા. ૧, ૩, ૫, ૪ ૩. શ. બ્રા. ૧, ૪, ૧, ૧૦

તે પુરોહિતે એ ત્રણ ઋચાઓ ભણીને વિદેઘ વિદેઘ એમ સંબોધન કર્યું, છતાં પણ તેણે વાણીથી ઉત્તર આપ્યો નહિ. ત્યાર બાદ તેણે ઘૃતસ્રવી શબ્દ સાથેની ઋચા ભણી. જેમાં ઘૃત શબ્દનું કીર્તન છે, એવી ઋચા ભણાતાંની સાથેજ રાજાના મુખમાં રહેલ અગ્નિ બહાર નીકળી પડયો. તે અગ્નિને પાછો મુખમાં મુકી શકયો નહિ, તે મુખમાંથી નીકળ્યો અને પૃથ્વી પર જઈને પડયો.

એ વખતે માનવ વિદેઘ સરસ્વતીને કીનારે રહેતો હતો. તેના મુખમાંથી નીકળેલો અગ્નિ બળતો પૂર્વ દિશા તરફ જવા લાગ્યો. તે અગ્નિ જે માર્ગને બાળતો આગળ જતો હતો, તે માર્ગે ગોતમ અને વિદેઘ પાછળ પાછળ જવા લાગ્યા. માર્ગમાં જે નદીઓ આવી તે બધી અગ્નિથી બળી ગઈ. ત્યારબાદ સદાનીરા નામની નદી આવી; જે ઉત્તર ગિરિ હિમાલયથી નીકળીને દક્ષિણ તરફ વહે છે; તે નદીને અગ્નિ બાળી શકયો નહિ.

તે નદીને કીનારે રહેલા બ્રહ્મવાદી વેદપાઠીઓ નદીને ઓળંગીને તેના પૂર્વ કીનારે જતા નથી તે લોકો એમ માને છે કે, વૈશ્વાનર અગ્નિએ આ નદીને બાળી નથી, માટે તે નદી અશુદ્ધ છે. ... ..

[૪] ત્યારબાદ ગોતમ રાહૂગણે રાજાને પૂછ્યું : મારા બોલાવ્યા છતાં, તમે મને ઉત્તર આપતા નહતા, તેનું કારણ શું ? ત્યારે રાજાએ કહ્યું કે, તે વખતે મારા મુખમાં વૈશ્વાનર અગ્નિ હતો. હવે જો મેં તમને ઉત્તર આપ્યો હોત, તો તે અગ્નિ મારા મુખમાંથી નીકળી જાત.

તે પછી શું બન્યું ? તેના ઉત્તરમાં રાજાએ જણાવ્યું કે, તમે ઘૃતસ્રવી ઋચા ભણ્યા. તેમાં ઘૃતની વાત આવી, તે સાંભળીને મારા મુખમાં રહેલ અગ્નિ વધારે જવાળાથી સળગી ઉઠયો; તેને હું ધારણ કરી શકયો નહિ. એટલે તે અગ્નિ મારા મુખમાંથી નીકળી પડયો.

આ રીતે સામિધેની ઋચાઓમાં જે ઋચા ઘૃત શબ્દ સાથે રહેલી છે, તે ઋચાથી અગ્નિ સમિદ્ધ થાય છે. તે ઋચાથી યજમાન પણ વીર્યથી સમિદ્ધ બને છે.

બીજાં બધાં હવિ કરતાં, અગ્નિને ઘી વધારે પ્રિય છે, તે બતાવવાનું તાત્પર્ય આ કથામાં રહેલું છે, સાથે સામિધેની ઋચાઓનો મહિમા પણ ગવાયો છે. સાધારણ રીતે તો અગ્નિમાં ઇંધન નાખો કે બીજાં દ્રવ્ય નાખો; તો તેથી અગ્નિ ખૂબજ પ્રજવલિત થાય છે; પરંતુ ઋષિઓએ ઇંધન અને સમિધાઓ રાખતી વખતે સામિધેની ઋચાઓ ભણવાનો પ્રયોગ બતાવ્યો છે, તે અગ્નિમાં

૪. શ. બ્રા. ૧, ૪, ૧, ૧૮

અને ઇંધનમાં તેમજ મંત્ર ભણનાર ઋત્વિજો અને યજમાન ગૃહસ્થોમાં દેવની ભાવના જગાડવા માટે છે, આ રહસ્ય બ્રહ્મવાદી રજૂ કરે છે :

૧ 'આ સામિધેની નામની જે ઋચાઓ છે; તેને હોતા ભણે છે અને એક એક ઋચા ભણતાં, એક એક સમિદ્ધ–ઇંધન અગ્નિમાં મુકવામાં આવે છે. એથી અગ્નિ એટલો તો સારી રીતે સમિદ્ધ થાય છે કે, તે રીતે બીજો અગ્નિ તપતો નથી. આ રીતે સમિદ્ધ થએલો અગ્નિ બીજાથી ધારણ કરી શકાતો નથી અને બીજો કોઈ અગ્નિ તેની સરખામણીમાં ઉભો રહી શકતો નથી.

આમ યજ્ઞનો અગ્નિ આ સામિધેની ઋચાઓથી સમિદ્ધ થતાં, અધિક રીતે તપે છે. એજ રીતે જે બ્રહ્મ–મંત્રોના રહસ્યને જાણનાર યાજ્ઞિક હોતા આ સામિધેની ઋચાઓને ભણે છે, તે તેજ અને વીર્યથી વધારે પ્રતાપી બને છે. તેને કોઈ ધારણ કરી શકતું નથી અને બીજો કોઈ તેની સરખામણી કરી શકતો નથી.

આ સામિધેનીની અગિઆર ઋચાઓ છે, તેમાંની પહેલી ઋચામાં પ્રવ : પદ છે, તે પ્રાણના અર્થમાં વપરાય છે. આ ભણવાથી હોતા પોતાના પ્રાણને સમિદ્ધ કરે છે. બીજી ઋચામાં अग्न आयाहि થી અપાનનો બોધ થાય છે, તે ભણવાથી હોતા અપાનને સમિદ્ધ કરે છે. ત્રીજી ઋચામાં રહેલ बृहच्छोचा પદથી ઉદાનનો બોધ થાય છે, તે ભણવાથી ઉદાન સમિદ્ધ થાય છે. ચોથી ઋચામાં રહેલ पृथु श्रवाय्य પદથી શ્રોત્ર–કાનનો બોધ થાય છે, જે ભણવાથી કાનની શ્રવણ શક્તિ સમિદ્ધ થાય છે. પાંચમી ઋચાના ईडेन्याथी વાણીનો બોધ થાય છે અને તેથી વાણી સમિદ્ધ થાય છે, છઠ્ઠી ઋચાના अश्वो न देववाहनથી મનનો બોધ થાય છે અને તે ભણવાથી મનની શક્તિ સમિદ્ધ થાય છે. સાતમી ઋચાના दीद्यतम्થી દીપ્ત આંખનો બોધ થાય છે અને તે ભણવાથી આંખનું તેજ સમિદ્ધ થાય છે. આઠમી ઋચાના अग्निं दूतम्થી અંદરના રહેલા પ્રાણોનો બોધ થાય છે અને તે ભણવાથી અંદરના પ્રાણ સમિદ્ધ થાય છે. નવમી ઋચામાં शोचिष्केशથી શિશ્ન–ગુપ્ત લિંગનો બોધ થાય છે, જે ભણવાથી ગુપ્ત લિંગનું તેજ સમિદ્ધ થાય છે. દશમી ઋચામાં समिध्ध अग्निथी બહારના પ્રાણ–ઇંદ્રિયોનો બોધ થાય છે, જે ભણવાથી ઇંદ્રિયોનાં તેજ સમિદ્ધ થાય છે. અગિઆરમી ઋચામાં आजुहोत પદથી આખાય શરીરનો બોધ થાય છે, જે ભણવાથી હોતાના પગના નખથી શરુ કરી, માથાના કેશ સુધી વીર્ય સમિદ્ધ થાય છે.

સામિધેની ઋચાઓ વિષે આ બીજા ઋષિ આ પ્રમાણે જણાવે છે :

૧. શ. બ્રા. ૧, ૪, ૩

૧ 'પહેલાંના વખતમાં અગ્નિ તો આકાશ–પરલોકમાં હતો અને સૂર્ય તો આ પૃથ્વી લોકમાં હતો. આમ થવાથી તો બંને લોક તપવા લાગ્યા. દેવોએ પરસ્પર વિચારણા કરી, ચાલો આપણે આ બંનેને ફેરવી દઈએ. તે દેવોએ આ ઋચા ગાઈ. 'હે અગ્નિ, અહિં હવિ લેવા માટે આવો : એ રીતે અગ્નિને બોલાવીને, તેની આ પૃથ્વી પર સ્થાપના કરી. ત્યારબાદ બીજી ઋચા ભણી 'હે અગ્નિ, તમે મોટા અને પરાક્રમી છો.' એમ બોલીને સૂર્યને સ્વર્ગમાં રાખી દીધો. આમ કરવાથી બંને લોક શાંત થઈ ગયા.

અહીં સામિધેની માટેની પંદર ઋચાઓ બોલાય છે; તેનું રહસ્ય આ છે : એક અર્ધમાસ–પક્ષની રાત્રિઓ પંદર હોય છે અને પક્ષ પક્ષની વર્ષની પ્રાપ્તિ થાય છે, હવે આ પંદર ઋચાઓમાં ત્રણસોને સાઠ અક્ષરો છે, તો વર્ષની રાત્રિઓ પણ તેટલી છે. એ રીતે તે ઋચાઓ ભણનાર વર્ષની સિદ્ધિ મેળવે છે.

નૃમેધ અને પરુચ્છેપ નામના બે બ્રહ્મવાદીઓ ભેગા થયા. તે પરસ્પર રહસ્ય ઉકેલવા તૈયાર થયા. તેમણે જણાવ્યું : 'ચાલો, આ લાકડું લીલું છે, તેમાં આપણે અગ્નિને સળગાવવાનો છે. આ પરથી આપણામાં બ્રહ્મ રહસ્યને જાણનાર બ્રહ્મનિષ્ઠ કોણ છે, તેની ખબર પડશે. એ પ્રમાણે કહીને નૃમેધે અગ્નિ સળગાવ્યો; પરંતુ લીલા લાકડામાં ધૂમાડો થયો. ત્યારબાદ પરુચ્છેપે કહ્યું અને તેણે અગ્નિને સળગાવ્યો. આ જોઈને નૃમેધે કહ્યું : 'ઓ ઋષિ. આપણા બંનેનાં જ્ઞાન અગ્નિ સળગાવવાની બાબતમાં સરખાં છે, તો પછી તમે અગ્નિને સળગાવ્યો અને હું સળગાવી શક્યો નહિ; તે કેમ બન્યું ?

તેના ઉત્તરમાં પરુચ્છેપે જણાવ્યું : 'હું સામિધેની ઋચાઓનાં લક્ષણ સારી રીતે જાણું છું. આ સામિધેની ઋચાઓમાં જે ઘૃતવદ્ પદ આવ્યું છે, તે અગ્નિને સળગાવવાનું લક્ષણ છે. તે રીતે तंत्वा समिद्भि रंगिरએ ઋચામાં समिद्भिः પદ છે, તેથી સામિધેની ઋચાઓમાં અગ્નિની જ્યોતિ પ્રગટાવવાનું લક્ષણ રહેલું છે.'

આજે તો ઘણી સહેલાઈથી અગ્નિ સળગાવી શકાય છે; તેથી અરણિનાં મંથન કરવાની જરૂર રહી નથી અને ઋચાઓ ભણવાની જરૂર પણ રહી નહિ. હાં; આથી એક વાત ધ્યાનમાં લેવાની છે. માનવને દિવ્યતા તરફ લઈ જવો છે, જે દિવ્યતા તેને રાષ્ટ્ર અને સમાજનાં હિત કરવાની પ્રેરણા આપે; સેવા અને પરોપકારનાં કાર્યો કરવા માટે પ્રેરણા જોઈએ, પ્રોત્સાહન જોઈએ, આદર્શ દૃષ્ટાંત સામે હોવું જોઈએ; તે માટે આ મંત્રો ભણાય છે.

૧. તૈ. સં. ૨, ૫, ૮ તૈ. બ્રા. ૩, ૫, ૨

# ૩
# એ દેવો હિતકારી હો !

'માનવીનું મૂલ્ય કેટલું ?

આના ઉત્તરમાં વૈજ્ઞાનિક દેહમાં રહેલાં તત્વો ગણવા માંડે. કાર્બન, કેલ્શિયમ, ફોસ્ફરસ, ઓક્સિજન, હાઈડ્રોજન, નાઈટ્રોજન આ બધાં ભેગાં થયાં છે; તેની કિંમત ત્રણ ડોલર અને ૫૦ સેન્ટ : લગભગ એંશીથી સો રૂપિયા જેટલી થાય.

એકાદ સ્ફોટક બોમ્બ, રોકેટ કે સાબર જેટ પાછળ લાખ લાખ કે કરોડ કરોડના ખર્ચ થાય છે; તેની આગળ તો આ માનવીનું કાંઈ મૂલ્ય નથી. આજના વિજ્ઞાન યુગમાં કરોડો કરોડો ડોલર ખર્ચાય છે. તેનું પ્રયોજન તો માનવના હિત માટે છે. માનવના કલ્યાણ માટે આ વિજ્ઞાનનાં સાધન શોધાય છે, પણ તેનો ઉપયોગ તો સંહારમાં થઈ રહ્યો છે.

શરીરમાં ઉપર જણાવેલ તત્વો સિવાય બીજું કાંઈ છે ખરું કે ? તેના ઉત્તરમાં વૈજ્ઞાનિક કહેશે : નરી આંખે દેખાય કે અમારાં સાધનોથી દેખાય એવું તો બીજું કાંઈ નથી.

માનવને મન છે; તે વિષે તમે વિચાર્યું છે ખરું ?

ના, અમારો એ વિષય નથી. હાં, થોડાક વિજ્ઞાનની નજરે આ બાબત વિચારતા થયા છે ખરા. પણ હજી મનોવિજ્ઞાન કહી શકાય; એ શાસ્ત્ર નવું સવું છે. મન વિષે,

મનના વિકારો વિષે તે થોડું ઘણું વિચારતું થયું છે; પણ તેથી તે વિજ્ઞાન ગણાય નહિ. વિજ્ઞાનની કસોટી પર તે ચઢી શકે નહિ.

આમ મનોવિજ્ઞાન ભલે નવું સવું ગણાય; પણ માનવને મન છે; એ વાત તો સર્જનજૂની છે. એનો અનુભવ એકે એક માનવ કરી રહ્યો છે. આખાય સમાજનો વ્યવહાર પણ મન પર જ નભી રહ્યો છે.

કોઇ વર કે કન્યાની પસંદગી કરવી હોય; ત્યારે તેના હાથપગ, નાક કાન અંગ ઉપાંગ વગેરે જોવાશે. આ બધું બરાબર હોય; પણ કો'ક કહે કે, મનનું ચક્કર જરા ઢીલું છે. હાં, મનનું ઠેકાણું નથી. કયારે શું કરી બેસે, તે કહેવાય નહિ.

હાં, આંખ, કાન કે અંગ ઉપાંગમાં થોડી ઉણપ હોય; તો તે નભાવી લેવાય, પણ જો મનનું ઠેકાણું ન હોય, તો તે માનવ જ ન ગણાયને ? પછી તેનું કામ શું ?

ઋષિઓએ સૃષ્ટિના સર્જનની સાથે સાથે મનના સર્જનની કથા પણ જોડી છે. પ્રજાપતિએ પ્રજાનાં સર્જન કર્યાં. એ પ્રજાપતિએ પ્રજાનાં સર્જન કર્યાં શી રીતે, તેના ઉત્તરમાં આ બ્રહ્મવાદી જણાવે છે:

[1]'કામની આ ત્રણ દશા છે. પ્રજાપતિએ મનથી મનન કર્યું, વાણીથી વચન કહ્યું અને તનથી કર્મ કર્યું. મનનો દેવ પ્રજાપતિ, વાણીનો દેવ ઇન્દ્ર અને તનનો દેવ વાયુ છે. મન એ પ્રજાપતિનું સર્જન છે; તો મન પોતે પ્રજાપતિ છે. પ્રજાપતિ પોતે કામ છે, તો મન પોતે કામ છે. પ્રજાપતિ જાતે જણાતા નથી, તો મન પણ જણાતું નથી. મન અને પ્રજાપતિ બંને કામ છે. તે કામે પ્રજાઓનાં સર્જન કર્યાં છે, એજ કામે મનનાં સર્જન કર્યાં છે.

બીજો એક બ્રહ્મવાદી મનના સર્જનની કથા આ રીતે આલેખે છે :

[2]'ત્યારે ત્યાં કાંઈજ ન હતું, અસત્ કે સત્. હાં, જે મન હતું; તે તો સત્ પણ નહિ—અર્થાત્ તેને ઘટ, પટ જેવા આકાર નથી; તેમજ તે અસત્— અંધકારની જેમ ખાલી નથી; તેનો અનુભવ થાય છે.

તે મનનું સર્જન કરવામાં આવ્યું; ત્યારે તેણે પોતે વ્યક્ત થવાની ઇચ્છા કરી, પોતાની જાતને વાણીથી જણાવાય અને આંખથી બતાવાય, એ રીતે વિશેષ નિરુક્ત અને મૂર્ત રૂપ કરવાની ઇચ્છા કરી. તે માટે તેણે તપ કર્યું. અર્થાત્ સારી રીતે વિચારણા—આલોચના કરી. માનવનું મન અન્નથી બન્યું છે, પણ તે અન્નની જેમ ફક્ત ભૌતિક નથી; સ્થૂલ નથી. તે તો સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે, અણુથી પણ અણુ છે. તે દિવ્ય સર્જન છે.

---

૧. તૈ. આ. ૧, ૨, ૩ ૨. શ.બ્રા. ૧૦, ૫, ૩, ૧

'આ મન દેવ છે,' એ બ્રહ્મવાદીઓની સમજાવવાની રીત છે, પણ મનને દેવ કહેવાથી બધું આવી જતું નથી. દેવ વિષે ઘણો આદર હોવા છતાં, દેવ બધા એકજ પ્રકારના હોતા નથી; એનો સ્વીકાર આ બ્રહ્મવાદીઓએ કર્યો છે :

જેમ માનવોમાં કોઇ ડાહ્યોજન હોય, કોઇ બલવાન હોય, કોઇ સત્તાધારી હોય, કોઇ સદાચારી હોય; એમજ બૃહસ્પતિ, ઇન્દ્ર, વરુણ, સવિતા એ દેવો કોઈ વ્યક્તિ નથી પણ ગુણવાચક છે. સેવાનાં અને પરોપકારનાં કાર્યો કરવાને લીધે; તેમની માન–પ્રતિષ્ઠા થાય છે; તેમની સ્તુતિ–પ્રાર્થનાઓ રચાય છે.

જે રાક્ષસો છે, અસુરો છે, તેમનાં કાર્ય અંગત સ્વાર્થનાં હોય છે. રાષ્ટ્રને વિઘાતક જે નાષ્ટ્ર બને છે, જે સમાજના શત્રુ બને છે; તેથી તો દરેક સાવધાન રહે છે, ચેતતા રહે છે, પણ જેને રાષ્ટ્રની સેવા કરવાનાં વ્રત લીધાં હોય, જે સમાજના હિતમાં લાગી ગયા હોય; તે લોકો હિતનાં કાર્યો કરતા નહોય; એ સમજવું અઘરૂં છે. કો'ક સારો માણસ બુરૂં આચરે, ત્યારે મનમાં વિસ્મય જાગે : આ માણસ આવું કરે ? 'આ તો દેવ છે.' આમાં ઘણું આવી જાય છે.

એ રીતે 'મન દેવ છે', એટલું કહેવાથી પુરૂં થતું નથી. મનને એ રીતે ઘડવાનું છે. મનને સારા સંસ્કાર આપવાના છે. મન ચંચળ બને, વિકારી બને; તો એ દેવ મટી જાય. તે મન શિવ હો; તેની વૃત્તિ ભલી હો. આ ભાવના કાયમ રાખવાની છે. સદા જાગતા રહીને તે જોવાનું છે.

[1] આ ઋષિ દેવો પાસે રક્ષણ માંગતાં, સ્તુતિ–પ્રાર્થના કરે છે :

'આ તે દેવો છે, જે યજ્ઞ જેવાં સેવા અને પરોપકારનાં કાર્યોનો નાશ કરે છે, જે યજ્ઞમાં ઉપયોગી ચીજ વસ્તુઓ ચોરી જાય છે. આ પ્રકારના દેવો પૃથ્વી પર વસેલા છે. દેવ અગ્નિ તે દેવોથી અમારાં રક્ષણ કરે. જે દેવો સેવા અને પરોપકારનાં કાર્યો કરે છે, તેમની પાસે અમે પહોંચી જઈએ.

[2] એજ પ્રકારે યજ્ઞહન અને યજ્ઞમુષ દેવો આકાશમાં વસેલા છે. દેવ સૂર્ય તે દેવોથી અમારાં રક્ષણ કરો, જેથી અમે સુકૃત દેવો પાસે પહોંચી જઈએ.

[3] 'જે દેવો યજ્ઞને હણનારા અને યજ્ઞમાં ચોરી કરનારા ગણાય છે; તે દેવો તો આ બધા લોકોમાં વસેલા છે. હવે આ લોકોમાં જે મનુષ્ય દાન આપે છે અને યજન કરે છે; તેને વિઘ્ન કરે છે અને તેનાં સાધન હરી લે છે. આ તે દેવો છે, જે પૃથ્વી પર, અંતરિક્ષમાં અને આકાશમાં વસેલા છે. હવે આ લોકોમાં તરીને ગૃહસ્થ પોતાનાં ઘર અને પશુઓની સમૃદ્ધિની સાથે સ્વર્ગલોકમાં પહોંચી જાય છે; આ કહેવાનું તાત્પર્ય છે.

---

૧. તૈ.સં. ૩, ૫, ૪, ૨ કા.સં. ૫, ૬, મૈ. સં. ૧, ૪, ૮, ૯ ૩. તૈ સં. ૩, ૫, ૪, ૧૦

૧ ‘દેવ સૂર્ય બીજા દેવોથી મારાં રક્ષણ કરો. વાયુ અંતરિક્ષથી અને અગ્નિ યજમાન બનીને મારાં રક્ષણ કરો કે જેથી કોઈ ઝેર ભરેલી નજર મને લાગે નહિ. હે દેવ સોમ, તમે ચક્ષ–શક્તિમાન છો, શૂષ-શોકને સોસનારા છો, તમે સવિતા–સર્જન કરનારા છો, વિશ્વચર્ષણ–વિશ્વમાં ફરનારાં બધાં માનવોમાં તમે રહેલા છો. અમે તમારાં આ નામ લઈને તમારાં પૂજન કરીએ છીએ. અમે આ તમારાં નામની સ્તુતિ કરીએ છીએ.

જે દેવો હિતકારી નથી, પણ હાનિકારક છે; તેથી આપણે રક્ષણ માંગ્યાં; પરંતુ મૂળ હિત કે અહિત તો આપણા મનમાં વસ્યું છે. મન પોતે હિતકારી બની રહે; એ પ્રકારના સંસ્કાર આપણે મન પર ઘડવાના છે. મનને ઘડવાનું છે. મન મહાન છે. મન મોટું છે, મન રાજા છે, મન દેવ છે. આ ભાવ, આ કલ્પ, આ સંકલ્પ, આ સંસ્કાર, આ યજ્ઞ જાગે; તો આપણું મન મહાન બને. ઋષિઓ મનને મહાન બનાવવાની આ ભાવના સેવી રહ્યા છે :

૨ ‘અમે બધા ભેગા થઈને તે મનને બોલાવી રહ્યા છીએ. આ મનને રાજી કરવા માટે તો અમે માનવીને ગમી જાય; એવી નારાશંસ સ્તુતિઓ=સ્તોત્રની રચના કરી છે; તેના આધારે અમે મનનો મહિમા ગાઇએ છીએ. અમે તે મનને અમારા પિતરોનો મહિમા ગાઈને બોલાવી રહ્યા છીએ.

‘એ મન હિતકારી બની અમારી પાસે પાછું આવી પહોંચે. જેથી તે મનમાં નવા ક્રતુ–સંકલ્પ, દક્ષ કુશળતા અને જીવન જાગતાં રહે. એ મનના નવા જીવનથી અમે સૂર્યનાં દર્શન લાંબા કાળ સુધી કરી શકીએ.

એ પિતરો અમારાં મનને ફરીથી નવાં બનાવો. એ મનને દિવ્ય જન બનાવો કે જેથી અમે વ્રતનાં જીવન સુખપૂર્વક પસાર કરીએ.

આ મન પર એ દેવોના સંસ્કાર જામતા રહે; જે દેવો મનમાં વસેલી રાક્ષસી વૃત્તિઓને દૂર કરે છે. આને કારણે મનની ભૂમિકા પર દેવોની પ્રતિષ્ઠા કરતાં, આ ઋષિમુનિઓ જણાવી રહ્યા છે :

૩ ‘મનને શુદ્ધ સંસ્કાર આપતા, આ તે દેવો છે, જે પૂર્વદિશામાં વસેલા છે અને જેમને દોરનાર દેવ અગ્નિ નેત્ર સમાન છે. એ રીતે દક્ષિણ દિશામાં વસેલા એ દેવો છે, જેમને દોરનાર દેવ યમ છે, એજ રીતે પશ્ચિમ દિશામાં વસેલા દેવો છે, જેમનાં નેત્ર સવિતા છે. તે ઉત્તર દિશામાં વસેલા દેવો છે, જેમનાં નેત્ર વરુણ છે. તે ઉપરની દિશામાં વસેલા છે, જેમનાં નેત્ર બૃહસ્પતિ છે. આ રીતે અગ્નિનેત્ર, યમનેત્ર, સવિતૃનેત્ર, વરુણનેત્ર અને બૃહસ્પતિનેત્ર દેવો

---

૧. તૈ સં. ૩, ૫, ૫, ૧ ૨. તૈ. સં. ૧, ૮, ૫ ૩. તૈ. સં. ૧, ૮, ૭ વા. સં. ૯, ૩૫–૩૬

રાક્ષસોને હણનારા છે, તે અમારાં પાલન કરો. તે અમારાં રક્ષણ કરો. તેમને અમારા નમસ્કાર હો, તેમને અમે સ્વાહા ભણીને આહુતિઓનાં પ્રદાન કરીએ છીએ.

આ મનની વૃત્તિઓમાં અડચણ ઉભા કરનાર રાક્ષસોને અમે ભેગા કર્યા છે અને તેમને એક સાથે અમે બાળી મુકીએ છીએ. રક્ષોઘ્ન અગ્નિને સ્વાહા, જેને અમે બાળી મુકીએ છીએ. તે રીતે રક્ષોઘ્ન યમ, સવિતા, વરૂણ અને બૃહસ્પતિને સ્વાહા :

આ મનનો રાજારૂપે, દેવરૂપે અભિષેક કરવા માટે, જલ તૈયાર કર્યાં છે, તે ભાવનાનાં દર્શન કરતાં આ ઋષિઓ જણાવી રહ્યા છેઃ

[1] ઓ દિવ્ય જલ, તમે પોતે મધુર રસથી ભરેલાં છો, માટે આ મનને મધુર બનાવવા માટે તેની મધુર વૃત્તિઓની સાથે એક રૂપ બની જાઓ. આ મનમાં ક્ષત્રનાં બલ અને મોટાં વર્ચસ્ વધતાં રહો; જેથી મનને કોઈ મહાત ન કરે.

ઓ દિવ્ય જલ, મનમાં ક્ષત્ર બલ વધતાં રહે, એ પ્રમાણે તમે ઉર્જ બનીને તેના તેજમાં વધારો કરો. તમે વાણીનાં સંબંધીજન છો, તમારો જન્મ વિશેષ તપના પ્રભાવે થયો છે. તમે સોમની સાથે સરખા ભાગે મધુર રસ ધારણ કરો છો. તમે પોતે શુક્ર–શુદ્ધ છો, માટે આ શુક્ર–મનની શુદ્ધતા–સચવાઈ રહે, એ માટે તમારો વિનિયોગ કરૂં છું. તમે પોતે ચંદ્રની જેમ શીતળ ચાંદની ધારણ કરો છે, તેથી ચંદ્ર જેવા મનની શીતળતા સાચવવા માટે તમારો વિનિયોગ કરૂં છું; એજ રીતે તમે દેવોનાં અમૃત–પાન છો; તેથી તે અમૃત જેવા મનને અમૃતરૂપ બનાવવા માટે તમારો વિનિયોગ કરૂં છું. આ મનનો અભિષેક કરવા માટે તમારો ઉપયોગ અમે કરીએ છીએ. જેથી એ મન પર રાજસૂય–રાજા બનવાની ઉત્તમ વૃત્તિ જાગે.

હે મન, તું ક્ષત્ર બળનું કવચ છે. તું ક્ષત્રબળનું કારણ છે. તારો આ રાજસૂય યજ્ઞમાં અભિષેક કરવામાં આવે છે, જેથી ગૃહપતિ અગ્નિ અમારાં રક્ષણ કરો. એ ઈન્દ્ર અમારાં રક્ષણ કરો, જેનાં યશ કીર્તિ દિનદિન વધતાં રહે છે. એ દેવ પૂષા અમારાં રક્ષણ કરો, જે સઘળા વિશ્વનાં જ્ઞાન–રહસ્ય સારીરીતે જાણે છે. એ દેવ મિત્ર અને વરુણ અમારાં રક્ષણ કરો; જે સદાચાર ઋત પ્રમાણે વધતાં રહે છે. આકાશ અને પૃથ્વી રક્ષણ કરો, જેમણે સેવા અને પરોપકાર કરવાનાં વ્રત આદર્યાં છે. એ દેવી અદિતિ અમારાં રક્ષણ કરો, જેણે વિશ્વમાં વિવિધ રૂપ ધારણ કર્યાં છે.

એજ રીતે જે દેવ અમારાં પ્રજાજનોમાં અને અમારા રાષ્ટ્રમાં સેવા કરવાની પ્રેરણા મનને આપે છે, તે તે દેવ અમારાં રક્ષણ કરો, જેથી અમારા

૧. તૈ. સં. ૧, ૮, ૧૨ કા. સં. ૧૫, ૬, ૭ મૈ. સં. ૨, ૬, ૮, ૯ વા. સં. ૧૦, ૪, ૬–૯

આ મનને વિશેષ પ્રકારનાં ક્ષત્ર–બળ, મોટાં આધિપત્ય, મોટાં જાનરાજ્ય વગેરે પ્રાપ્ત થાય.

હે મન, તું રાજા બનીને આ વિવિધ પ્રકારની સેવાની વૃત્તિઓને ભરતો રહે. હા; તને પણ અવનવાં અમૃતનાં પાન કરાવનાર અને પ્રેરણા આપનાર દેવ તો સોમ છે; તે તો અમારો રાજા છે, જેમને હૈયે બ્રહ્મ–મંત્રનાં રહસ્ય જાગ્યાં છે.

ઓ મન, સાચે જ તું તો ઈન્દ્રનું એ દૃઢ વજ્ર છે, જે વૃત્રઘ્ન–ઈન્દ્રની શક્તિનું દિવ્ય બળ છે. તારા એ દિવ્ય બળનો આધાર લઈને અમે અમારા માર્ગમાં અડચણ ઉભી કરતા વૃત્રનો નાશ કરીએ.

હે દેવો તમે મનના શત્રુઓનો નાશ કરનારા છો, એ ભાવે અમારાં આગળની બાજુએ રક્ષણ કરો, એક બાજુએ રક્ષણ કરો, પાછળની બાજુએ રક્ષણ કરો, બધી દિશાઓથી રક્ષણ કરો, જે શત્રુઓ રાષ્ટ્રનો સંહાર કરનાર નાષ્ટ્ર છે, તે લોકો તરફથી તમે અમારાં રક્ષણ કરો.

'વહેલી સવારે જ્યારે ઉષાઓ સોનેરી વર્ણથી શોભી ઉઠે છે, અને ધગધગતા લાલ તાંબાના થાંભલાની જેમ સૂર્યનો ઉદય થતો હોય છે, ત્યારે ઓ રાત્રિના દેવ વરુણ અને દિવસના દેવ મિત્ર, તમે બંને તમારા રથમાં બેસી જાઓ અને દૂર દૂર ફેલાએલી અદિતિ અને પાસેમાં પાસે રહેલી દિતિ એ બંને દિશાઓ તરફ તમે જોતા રહો અને અમારા મનને પ્રેરણા આપો.'

મનને પ્રેરણા આપનારા દેવોમાં અગ્નિ પ્રથમ છે. અગ્નિ યજ્ઞના પુરોહિત છે; તેથી માનવોનાં હિત અને શિવ–કલ્યાણ તેને આધારે થાય; એ ભાવે ઋષિ સ્તુતિ કરે છે :

૧ 'હે અગ્નિ, તું અભ્યાવર્તી છે–તારાં આવર્તન વારંવાર થાય છે. જ્યારે જ્યારે તારાં આવર્તન થાય, ત્યારે તું અમને નવાં આયુ, વર્ચ, પ્રજા, ધન, કામના અને મેધાથી ભરી દે.

હે અગ્નિ, તું અમારાં અંગોના રસ છો, તમારાં આવર્તન સેંકડો થતાં રહો અને ઉપાવર્ત હજાર થતાં રહો. તું અમારૂં નીચેથી પોષણ કર. અમારાં જે સાધન નાશ પામ્યાં છે, તેને પોષણથી નવાં કરો અને અમને નવાં ધન આપો.

હે અગ્નિ, અમને નવાં ઉર્જ આપીને તમે પાછા ફરો. અમને ઈષ્ટિકામનાઓ આયુથી પુષ્ટ કરો તેમજ પાપથી અમારાં ફરી રક્ષણ કરો.

હે અગ્નિ, ધરતીના આ ખોળામાં કે મનની ભૂમિકામાં તમે સ્થાન લો; જે તમારૂં ઉત્પત્તિસ્થાન છે; એ તમારી માતા છે. હે અગ્નિ, તમે વિશ્વનાં વિવિધ પ્રકાર

૧. કા. સં. ૧૯, ૮

નાં કાર્યોને સારી રીતે જાણે છે. તમારી એ માતાને તાપથી કે જ્વાળાઓથી તપાવીને શોકમાં મુકતો નહિ. તેની અંદર શુદ્ધ જ્યોતિરૂપે રહેલ મનને વિશેષ પ્રકાશ આપો. એ શરીરની અંદર રહેલ અંતરગ્નિ રૂપ રહેલ મનની જ્યોતિ, તારી પોતાની આ ભૂમિમાં તારા પોતાના સ્થાનમાં પ્રકાશિત થા. એ જાતવેદસ તું તારા સુવર્ણના પ્રકાશથી તપતો રહીને તે ભૂમિને માટે શિવ–કલ્યાણકારક હો.

હે અગ્નિ, તું મારે માટે શિવ બનીને અંદરની ભૂમિમાં નિવાસ કર. તું પોતે શિવ છે, તેને કારણે તું બધી દિશાઓને શિવ–કલ્યાણકારી બનાવીને, તારી પોતાની મૂલભૂમિમાં સારી રીતે નિવાસ કરો.

પહેલાં રાજ્યની સમૃધ્ધિ મેળવવા શત્રુઓનો નાશ કરવા તેમજ નવાં રાજ્ય પ્રાપ્ત કરવા, રાજા રાજસૂય યજ્ઞ કરતા, તેમાં સૌથી પહેલાં વૈશ્વદેવ યજ્ઞ કરવામાં આવતો, જેના મુખ્યદેવ વિશ્વેદેવ ગણાય; બીજા વરુણ પ્રઘાસ યજ્ઞના મુખ્ય દેવ વરુણ છે. ત્રીજા સાકમેધના મુખ્ય દેવ ઈન્દ્ર છે અને ચોથા શુનાસીરના મુખ્ય દેવ વાયુ અને સૂર્ય ગણાય છે. ચાતુર્માસ્ય યાગ પછી દિશાઓનાં રક્ષણ માટે ઇષ્ટિ કરવામાં આવતી અને છેવટે વિવિધ જલોથી રાજા પર અભિષેક કરવામાં આવતો. એજ રાજસૂયની પ્રક્રિયાનું રહસ્ય પ્રગટ કરતાં, બ્રહ્મવાદી મનની ભૂમિકાને શુદ્ધ કરી, રાજા રૂપે મનનો અભિષેક કરવાનું સૂચવે છે. તે ભાવ આ પ્રમાણે છે :

[1] સદ્‌ગૃહસ્થ સૌથી પહેલાં વૈશ્વદેવ યાગ કરે છે. જેમાં વિશ્વેદેવો આવે છે; એવા એ યજ્ઞથી તો પ્રજાપતિએ ઘણાં ધાન્ય અને પ્રજાજનો પેદા કર્યાં હતાં.

ત્યારબાદ તે વરુણપ્રઘાસ યાગ કરે છે. એ યાગ કરીને પ્રજાપતિએ પ્રજાઓને વરુણના પ્રઘાસ--પાશોથી મુક્ત કર્યાં હતાં અને તેથી પ્રજાજનો નીરોગી અને સ્વસ્થ પેદા થયાં હતાં. ત્યારબાદ તે સાકમેધ યાગ કરે છે. એ યાગ કરીને દેવોએ વૃત્રપર સૌથી મોટો વિજય મેળવી લીધો હતો. અંતમાં તે શુનાસીર યાગ કરે છે. 'સૂર્ય અને વાયુ બંનેના રસ મેળવી, હું પ્રજાઓનાં સર્જન કરું,' એ ભાવે પ્રજાપતિએ યાગ કર્યો હતો. આમાં પાંચ આહુતિઓ પંચવાતીય નામે અપાય છે; તે મંત્રોનો ભાવ આ છે :

[2] 'પૂર્વદિશામાં રહેનાર અગ્નિનેત્ર દેવોને સ્વાહા, દક્ષિણ દિશામાં રહેનાર યમનેત્ર દેવોને સ્વાહા, પશ્ચિમદિશામાં રહેનાર વિશ્વદેવનેત્ર દેવોને સ્વાહા, ઉત્તર દિશામાં રહેનાર વરુણનેત્ર અથવા મરુન્નેત્ર દેવોને સ્વાહા, દ્યૌસ્—આકાશમાં રહેનાર સોમનેત્ર દેવોને સ્વાહા.'

પહેલાં દેવોએ આ સાકમેધ યાગની પાંચ આહુતિઓ આપીને વિજય મેળવી લીધો હતો. તે વખતે દેવોએ જોયું કે, 'આ પાંચ દિશાઓમાં જે નાષ્ટ્ર રાક્ષસો

---

૧. શ° બ્રા. ૫, ૨, ૪ ૨. વા. સં. ૯, ૩૬

રહે છે; તે વિજયના રસનાં પાન કરી જાય છે. ચાલો; તેમનો નાશ કરવા આપણે વજ્રનો પ્રહાર કરીએ. હવે ત્યારે તે દેવોની પાસે આજ્ય–ઘી હતું; તેજ તેમનું વજ્ર હતું. તેના પ્રહારથી તેમણે રાક્ષસોનો નાશ કર્યો. આ રીતે યજ્ઞ કરનાર સદ્‌ગૃહસ્થ ઘીની પાંચ આહુતિઓથી નાષ્ટ્ર રાક્ષસોનો નાશ કરે છે અને વિજય મેળવે છે. ઘીનાં પાંચ આહુતિઓ આપતી વખતે તેમના મનમાં આ સંકલ્પ હોય છે: 'જે રાષ્ટ્ર નાષ્ટ્રથી રહિત બનીને નિર્ભય રીતે પ્રગતિ સાધે છે; તે રાષ્ટ્રની વૃદ્ધિ કરીને હું વિજય પ્રાપ્ત કરું.'

[1] ત્યારબાદ ઇન્દ્રતુરીય યાગ થાય છે, તેનું રહસ્ય આ પ્રમાણે છે:

'સાચેજ, તે અગ્નિએ જણાવ્યું: આ યજ્ઞમાં મારા ત્રણ ભાગ હો અને એક તમારો હો. 'તો ભલે,, એમ કહીને તેમણે સ્વીકાર કર્યો. તે બંને ભાગથી તેમણે રાષ્ટ્રનો નાશ કરનાર રાક્ષસોનો નાશ કર્યો અને તેમણે વિજય મેળવ્યો. આ રીતે ગૃહસ્થ યજમાન કરે છે; તે હવિથી નાષ્ટ્ર રાક્ષસોનો નાશ કરે છે અને તે દિશાઓમાં વિજય મેળવે છે. ત્યારે તેના મનમાં આ સંકલ્પ હોય છે: 'જે રાષ્ટ્ર નાષ્ટ્રથી રહિત બનીને નિર્ભય રીતે પ્રગતિ સાધે છે, તે રાષ્ટ્ર માટે વિજય મેળવે છે.

આમ ઇન્દ્રને ચોથો ભાગ મળે છે, માટે તે ઇન્દ્ર તુરીય યાગ ગણાય છે.

જેમ સૂર્યને રાહુ ગળે છે, એ કુદરતી ઘટના છે; પરંતુ રાષ્ટ્રનો વિકાસ રુંધાય કે માણસની પ્રગતિ અટકે, તે અવરોધ કે દોષને દૂર કરવાનું રહસ્ય આ બ્રહ્મવાદી રજૂ કરે છે:

[2]'પહેલાં એક વખતે સ્વર્ભાનુ નામે રાક્ષસ હતો; તેણે અંધકારથી સૂર્યને રોકી રાખ્યો. જ્યારે અંધકારથી તે ઘેરાઇ ગયો, ત્યારે તે પ્રકાશ આપતો બંધ પડી ગયો. તે વખતે સોમ અને રુદ્ર નામના બે દેવોએ તે અંધકારનો નાશ કર્યો. આમ જે અંધકાર હતો; તે તો એક પ્રકારનું પાપ ગણાય. તે પાપથી સૂર્ય છૂટી ગયો, એટલે તે સારી રીતે તપવા લાગ્યો.

આ પ્રમાણે જ્યારે ગૃહસ્થ યજમાન આ રાજસૂય યાગમાં ઊપયોગી ન હોય; તેવાં અશુદ્ધ દ્રવ્યોનો ઉપયોગ કરે છે અથવા તો યજ્ઞમાં વિઘ્ન કરનારા માણસોનો ઉપયોગ કરે છે, ત્યારે તે ગૃહસ્થ અંધકારમાં અટવાઇ પડે છે. એ સમયે સોમ અને રુદ્ર એ બે દેવો છે, જે ગૃહસ્થના અંધકારને દૂર કરે છે અને તે રીતે ગૃહસ્થ પાપથી મુક્ત થયા પછી આ યજ્ઞમાં દીક્ષા લે છે.

જે યાગમાં સોમ અને રુદ્ર બંને દેવો છે, તે યાગનાં યજન આ ગૃહસ્થ કરે છે. આ ગૃહસ્થ યશ–પ્રતિષ્ઠાની યોગ્યતા ધરાવતો હોય; છતાં પણ કોઈ કારણે

---

૧. શ. બ્રા. ૫, ૨, ૪, ૧૨–૧૩ ૨. શ. બ્રા ૫, ૩, ૨, ૨

તેને યશ—પ્રતિષ્ઠા મળતાં ન હોય; તો તેણે આ યજ્ઞ કરવો જોઇએ. એજ રીતે જે ગૃહસ્થે વેદવિદ્યામાં કુશળતા મેળવી હોય અને એ પ્રકારના વિદ્વાન હોવાના યશને યોગ્ય હોય; છતાં પણ તેને યશ ન મળે; તો એમ માનવું જોઇએ કે, તે વિદ્વાન અંધકારથી ઘેરાએલો છે. હવે સોમ અને રુદ્ર બંને દેવો તો આ પ્રકારનાં તમ, પાપ વગેરેને દૂર કરે છે, આ રીતે જ્યારે તેનાં પાપ દૂર થાય છે; ત્યારે તે વિદ્વાન યશ અને પ્રતિષ્ઠા મેળવે છે. યશ અને શ્રી એજ જ્યોતિ છે; જે મેળવીને ગૃહસ્થ રાજાની જેમ શોભા પ્રાપ્ત કરે છે.

ત્યારબાદ તે ગૃહસ્થ મિત્ર અને બૃહસ્પતિને રાજી કરવા યજ્ઞ કરે છે. સાચેજ, જે ગૃહસ્થ યજ્ઞનો માર્ગ છોડી બીજે ભટકે છે, તે તો પોતાના હિતના માર્ગથી ડગી જાય છે. હવે જે યજ્ઞનો માર્ગ છે; તેને જાણનાર તો આ બે દેવ મિત્ર અને બૃહસ્પતિ છે. આમાં જે મિત્ર છે, એ તો બ્રહ્મ મંત્રનું સ્વરૂપ છે અને જે બ્રહ્મ છે, તેજ યજ્ઞ છે. એ પ્રમાણે જે બૃહસ્પતિ છે, તે તો બ્રહ્મ છે અને જે બ્રહ્મ—મંત્રરૂપ છે, તેજ યજ્ઞ પોતે છે. આમ જે ગૃહસ્થ મિત્ર અને બૃહસ્પતિ બંનેનાં યજન કરે છે, તે તો યજ્ઞના માર્ગને મેળવે છે, અને જ્યારે તે યજ્ઞની દીક્ષા લે છે. ત્યારે તે હિતને મેળવે છે.

આ બંને દેવોની આહુતિ માટે ભાત રાંધવામાં આવે છે. એ ભાત માટે જે ચોખા ઉપયોગમાં લેવાના છે, તે બે જાતના હોય છે. ‘જે ચોખા ઝીણા અને ભાંગેલા હોય, તે બૃહસ્પતિના ભાગના ગણાય. જે ચોખા મોટા અને આખા હોય, તે મિત્રના ભાગના ગણાય. હવે જેમ દેવ મિત્ર કોઇને હાનિ કરતો નથી; એ રીતે ગૃહસ્થ—મિત્રને કોઈ હાનિ કરતો નથી; કારણ કે જે દેવ મિત્ર છે. તે પોતે વ્રણની જેમ ભોંકાતો નથી, કારણ કે જે દેવ મિત્ર છે, તે તો બધાં પ્રાણીઓનો હિતકારી બની રહે છે.

માનવના મનને ઉત્તમ સંસ્કાર આપવાની આ પ્રક્રિયા છે. મન દેવ બને, ઇંદ્રિયોના રાજા બને, તો એ મન સમાજનાં અને રાષ્ટ્રનાં હિત કરે. એ મન સોમની જેમ સૌમ્ય ગુણ ધરાવે છે, તો રુદ્રની જેમ ઉગ્ર ગુણ પણ તેની અંદર રહેલ છે. આ પ્રકારના મનસ્વી લોકો પણ મળી આવે છે; જે સમાજ અને રાષ્ટ્રનાં હિતનાં સદા ચિંતન કરતા હોય છે; છતાં તેમની સારી શક્તિઓ પણ એવી રીતે વપરાય છે કે, તેથી સમાજ કે રાષ્ટ્રનાં હિતને બદલે અહિત થાય.

યજ્ઞ એ પ્રકારની પ્રક્રિયા છે; કે જ્યાં સારી શક્તિઓનો વિનિયોગ કરવામાં આવે છે. રાષ્ટ્રમાં જે વિભૂતિ છે, સમૃદ્ધિ છે, સંપત્તિ છે, કલા છે, તેનો વિનિયોગ રાષ્ટ્ર અને સમાજના હિતમાં થાય. આ ભાવના સેવીને ઋષિ

અને બ્રહ્મવાદી સમાજના પુરોહિતરૂપે જે યજ્ઞ આદરે છે; તેની ભાવના રજૂ કરે છે:

આ રાષ્ટ્રમાં જે બુદ્ધિની પ્રતિભા છે અને બલની પ્રતિષ્ઠા છે; તેનાં પ્રતીક બ્રહ્મ અને ક્ષત્ર છે. આ બંને બળ પરસ્પર વિરોધી છે અને જ્યારે તે બંને સંઘર્ષમાં ઉતરે છે, ત્યારે સમાજ અને રાષ્ટ્રનો વિનાશ થાય છે. રાષ્ટ્રના પુરોહિત સવિતા સર્જન કરનાર પુરુષ છે. તેણે આ યજ્ઞનો આરંભ કર્યો છે; જેમાં સમાજની વિભૂતિનો વિનિયોગ કરવાનો છે. રાષ્ટ્રની પ્રતિષ્ઠાના આ યજ્ઞમાં ઋષિ પ્રેરણા માગે છે:

[1]'હે દેવ સવિતા, તમે રાષ્ટ્રના હિતકારી પરમાર્થ યજ્ઞ કાર્યમાં દરેક માનવને પ્રેરણા આપો . જેણે જેણે આ સેવાના યજ્ઞના કાર્યમાં અધિકાર મેળવેલ છે; તે તે યજ્ઞપતિને તેનાં ઐશ્વર્ય—સામર્થ્યને માટે પ્રેરણા આપો. જે પરોપકારી માનવ સહજ સ્વભાવે સુવાસ ફેલાવે છે અને સારાં કાર્યકરી રાષ્ટ્રની પ્રતિષ્ઠા વધારે છે, તે આ રાષ્ટ્રના હિત કાર્યમાં અમારા પ્રેરક બનો. જેમણે રાષ્ટ્રના હિતમાં વાણીનો સફળ પ્રયોગ કર્યો છે, તે વાચસ્પતિ અમને મીઠી મધુરી વાણીનો આસ્વાદ કરાવો.

[2]'હાં; આ તે સવિતા દેવ છે, જે રાષ્ટ્રના હિતકારી પુરોહિત બને છે અને જે અમારી મતિઓને પ્રેરણા આપે છે. તેમના ઉત્તમ તેજને અમે ધારણ કરીએ, જેથી રાષ્ટ્રનાં કાર્યો કરવામાં અમને પ્રેરણા મળે.

હે દેવ સવિતા, અમારા આ રાષ્ટ્રમાં વૃત્ર અને સ્વર્ભાનું જેવા રાક્ષસો છે. જેમણે રાષ્ટ્ર અને સમાજમાં અડચણો, અવરોધો ઉભા કર્યા છે. તેમનાં તમ અને પાપને કારણે રાષ્ટ્રનો વિકાસ અટકી ગયો છે; માટે તમે તે દુરિત—પાપોને દૂર કરો અને એવી વિભૂતિઓ તૈયાર કરો; તેથી રાષ્ટ્રનાં ભદ્ર, હિત થાય.

આ રાષ્ટ્રમાં બુદ્ધિ, બળ, કળા કારીગરિ, સંગીત, નૃત્ત વગેરે સૌમ્ય પ્રવૃતિઓ તેમજ દવાદારુ, વાઢકાપ, ખોદકામ વગેરે ઉગ્ર પ્રવૃત્તિઓ સાથે સાથે સહકાર સાધે છે; તે પ્રવૃત્તિઓ અંગત સ્વાર્થ કે લોભ લાલચ માટે નહિં વપરાતાં, સર્વના કલ્યાણમાં વપરાય; એ પ્રકારે તે તે વિભૂતિઓનો વિનિયોગ થાય; એ ભાવના આ ઋષિ અને બ્રહ્મવાદી સેવી રહ્યા છે:

[3]'સમાજ અને રાષ્ટ્રમાં જુદા જુદા પ્રકારનાં ધન સાધન અને મનને ગળી જાય; એવાં સુંદર કલા સાધનો છે, તે બધાનો સમાજના અને રાષ્ટ્રના કલ્યાણમાં સરખી રીતે વિનિયોગ કરનારા અધિકારી પુરુષવર્ગને અમે આમંત્રણ આપીને

૧. વા સં. ૩૦, ૧ ૨. વા. સં. ૩૦, ૨ ૩. વા. સં. ૩૦, ૩–૪

આ યજ્ઞના કાર્યમાં બોલાવી રહ્યા છીએ. એ તો સવિતા સર્વના પુરોહિત પોતે છે, જેને પુરુષોને પારખી લેવાની વિશેષ દૃષ્ટિ મળી છે.

[1]આ રાષ્ટ્રના બ્રહ્મ–મંત્રના પ્રભાવ માટે બ્રાહ્મણ–બ્રહ્મવાદીને મેળવી લો; ક્ષત્રબલ માટે રાજન્ય રાજકારણી આગેવાનને મેળવી લો, મારુતોની જેમ ઝડપી કાર્યો કરવા માટે વિરાટ–પ્રજાજનને, તેમજ તપ અને શ્રમનાં કાર્ય માટે શૂદ્ર–સમાજના શોકને દૂર કરનાર સેવકોને મેળવી લો. આ રીતે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોના સેવાભાવી પુરુષોને રાષ્ટ્રના હિતમાં જોડી દો.

નૃત્ત અને ગીત માટે સૂત અને શૈલૂષ (નટ)ને, ધર્મ અને નર્મનાં કાર્યોમાટે સભાચર અને રેભ–ઉત્સાહીને, આનંદવિનોદનાં કાર્યો અને સ્ત્રીસુખ માટે કુમારી-પુત્રને, મેધા માટે રથકારને, ધૈર્યમાટે તક્ષા-સુથારને, શ્રમને માટે કુંભારને, રૂપને માટે મણિકારને, શરસંધાન માટે ઇષુકાર અને ધનુષ્કારને, ઉત્સાદ–નિરાશા માટે વામન–ઠીંગુને, દવાદારુ માટે ભિષગ–વૈદ્યને, ઋતુઋતુના ફેરફાર જાણવા માટે નક્ષત્રવિદ્–જોષીને, મન્યુ વેગને માટે લુહારને, ક્રોધને માટે યોકતા-જોડીદારને, ક્ષેમમાટે વિમોકતાને, જલાશયો માટે પારધીઓને, વિકટ જંગલો માટે વનવાસી દાસજનોને, તીર્થસ્થળોને માટે અને વિષમસ્થાનોને માટે લોભિયા જનોને, પર્વતોના પ્રદેશો માટે કિંપુરુષો (ચીનાઓ) ને, બીભત્સ-ભાવ માટે પૌલ્કસ-વનવાસીને, વર્ણ માટે હિરણ્યકા રસોનીને, તુલા માટે વણિકને, એમ રાષ્ટ્રનાં સર્વ જનોના હિતમાં તે તે કુશળ માણસોનો વિનિયોગ કરવો જોઈએ.

આ રાષ્ટ્રમાં હૃષ્ટપુષ્ટ, નીરોગી, સ્વસ્થ પુરુષો પાસેથી સેવા લેવામાં આવે છે, તો સાથે અપંગ, લુલા, લંગડા, પતિત, દીન, પાપી જનોને પણ રાષ્ટ્રની સેવામાં જોડવા જોઈએ, જેથી તેમનાં કાર્ય અને ઉત્સાહમાં વધારો થાય અને રાષ્ટ્રની શક્તિ કાર્યમાં જોડાય; એ ભાવ બતાવતાં, આ ઋષિ અને બ્રહ્મવાદી જણાવી રહ્યા છેઃ

[2]આ રાષ્ટ્રની વાણીમાં ઓજ આવે, એ માટે જે પ્રતાપી પુરુષ છે, તેનો યોગ કરવો જોઈએ. તેજ રીતે પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન એ પાંચ વૃત્તિઓને પોષવા માટે વાયુ જેવા વેગશીલ ઉત્સાહી જનોનો વિનિયોગ કરો તેજ રીતે રાષ્ટ્રના મનનો ચંદ્ર જેવી સૌમ્ય શીતળ વિભૂતિનો, દિશાઓને માટે શ્રોમ-શ્રવણશીલ નેતાઓને અને પ્રજાપતિના કાર્યને માટે પુરુષનો વિનિયોગ કરો.

[3]આ રાષ્ટ્રમાં જે ખોડ ખાંપણવાળાં કદ્રૂપાં માનવો છે, તેમને પણ રાષ્ટ્રના આયોજનમાં કામ કરતા થાય; એ પ્રકારનાં સાધનો વસાવી આપવાં જોઈએ,

---

૧. વા. સં. ૩૦, ૫–૨૧ તૈ. બ્રા. ૩, ૪, ૧ ૨. તૈ. બ્રા. ૩,૪, ૧૮-૧૯ ૩. વા. સં ૩૦,૨૨

જેથી રાષ્ટ્રની વેડફાતી આ શક્તિ અવળે માર્ગે ન જતાં રાષ્ટ્રનાં હિતમાં જોડાય. એ રીતનાં કદ્રૂપાં આઠ પ્રકારનાં માનવીઓ જોવાને મળે છે: એક તો એ માનવો, જે સામાન્ય કદ કરતાં ઘણા લાંબા હોય, બીજા એકે જે ઘણા ટૂંકાં-ઠીંગણા હોય, ત્રીજા એકે જે ઘણા સ્થૂળ હોય, તો ચોથા એકે જે ઘણા પાતળા હોય, પાંચમા એકે જે સફેદ રંગના કોઢવાળા હોય, છઠ્ઠા એ કે જે રોગને કારણે ઘણા કાળા પડી ગયા હોય, સાતમા એકે જેમને શરીરે કોઈ જાતની રુવાંટી ન હોય, તો આઠમા એ કે જે ઘણી રુંવાટીવાળા હોય. આવાં કદ્રૂપાં માનવીઓ રાષ્ટ્રના હિતમાં જોડાઈ જાઓ.

વેદના ઋષિ અને બ્રહ્મવાદી જણાવે છે: સેવા અને પરોપકારની વૃત્તિ સ્વયંભૂ છે, સહજ છે સવિતા તપે છે, વાયુ વાય છે, નદી વહે છે, વૃક્ષ ફળે છે. આ બધા દેવો છે અને તેમને સેવાનાં કાર્યો કરવાં ગમે છે. તેમનું મૂલ પ્રેરક બળ આદિ પ્રજાપતિ છે. તેમને સર્જનની પ્રેરણા જાગી, સાથે સેવાની વૃત્તિ પણ જાગી. આ પ્રજાપતિ એજ પુરુષ છે, એજ નારાયણ છે, તે વિષે બ્રહ્મવાદી જણાવે છે.

[૧] 'એ પુરુષ, એ નારાયણ પહેલાંના પ્રલયમાં સૂતા હતા, ત્યારે તેમણે પોતાના મનમાં કામના કરી. હું પોતે સર્વ રીતે સર્વ ભૂત-પદાર્થોથી ગુણોદ્વારા અધિક બનીને રહું. પોતેજ સર્વરીતે સર્વરૂપ (મેધ્ય-પવિત્ર) બની રહું, તેણે આ પુરુષમેધ નામના સોમયાગનાં દર્શન કર્યાં; જેનો પ્રયોગ પાંચ દિવસ-અહોરાત્ર સુધી ચાલે છે.

આ નારાયણ પોતે નાર-બધાં ભૂતપ્રાણીઓના અયન ગતિરૂપ ગણાય છે; અર્થાત્ પુરુષમેધ યજ્ઞ કરવો, તેનું તાત્પર્ય આ છે. પોતે પુરૂષ છે, તે સર્વ પુરોમાં વસે, પોતે નારાયણ છે, તે સર્વ નાર- માનવોના સમૂહ માટે આદર્શ ગુણરૂપ બને, નારાયણ બને; અર્થાત્ જે કાંઈ જડ કે ચેતન, સ્થાવર કે જંગમ છે, તે બધામાં પોતે એક ઓતપ્રોત બનીને રહે. મારા મનમાં જે કાંઈ જાગે છે, એ પ્રમાણે હું સર્વરૂપ બનું, આ ભાવ યજ્ઞમાં રહેલો છે.

આ રીતે જ્યારે તે નારાયણ પુરુષે ઈચ્છા કરી; ત્યારે તેણે પાંચ અહોરાત્ર સોમયાગ માટે સાધન સામગ્રી ભેગી કરી અને પછી પુરુષમેધનાં સારી રીતે યજન કર્યાં. એ પ્રમાણે નારાયણે યજન કર્યાં; તો તેનાં ધારેલાં ફળ તેને સારી રીતે મળી ગયાં. તેણે યજ્ઞ કરતા પહેલાં જે કામના સેવી હતી; તે પ્રમાણે તેને ફળ મળી ગયાં, અર્થાત્ તે પોતે યજ્ઞના પરિણામે સર્વભૂત—પદાર્થોથી ગુણોદ્વારા

૧. શ. બ્રા. ૧૩, ૬, ૧

અધિક બનીને રહ્યા. જે કાંઈ અહીં દેખાય છે, તે બધા પદાર્થોના રૂપે તે પોતે બની ગયા.

આ પુરુષમેધ નામના સોમયાગના રહસ્યને જે બ્રહ્મવાદી જાણે છે અને જે યાજ્ઞિક એ સોમયાગનાં યજન કરે છે; તે ગૃહસ્થ પુરુષ પોતે ગુણો દ્વારા સર્વ-ભૂત–પદાર્થોથી અધિક બનીને રહે છે. તે પોતે આ સર્વરૂપ બને છે, અર્થાત્ તે ગૃહસ્થ બ્રહ્મવાદી નારાયણ બને છે, પુરુષ બને છે.

આ પુરુષમેધ યાગમાં તેવીસ અહોરાત્ર દીક્ષા માટે; બાર અહોરાત્ર ઉપસદ–બેઠક માટે અને પાંચ અહોરાત્ર મુખ્ય સવન માટે લાગે, એ રીતે ચાલીશ અહોરાત્ર થાય. હવે દશ અક્ષરના વિરાટ છંદમાં ચાર પાદ હોય, તે ચાલીશ થાય. આમ આ યજ્ઞ વિરાટરૂપ ગણાય છે. વિરાટની વિભૂતિ–સંપત્તિ ગણાય. વિરાટ પુરુષની ઉપાસના કરવાની ભાવના છે. એ વિરાટની સંપત્તિથી યજ્ઞરૂપ પુરુષ જન્મે છે. આમ પુરુષમેધના રહસ્યને વેદના ઋષિ જાણે છે અને તે પુરુષનો મહિમા આ સૂક્ત દ્વારા ગાઈ રહ્યા છે :

[1] આ તે પુરુષ છે, જેને હજાર મસ્તક છે, હજાર હજાર આંખ છે અને હજાર હજાર પગ છે. તે પુરુષ બધી રીતે ભૂમિનો સ્પર્શ કરે છે, એટલુંજ નહિ. ભૂમિના સર્વ પદાર્થોમાં વસીને, પૂરેપૂરી રીતે ભરી દઈને એક–એક આંગળ ચઢીને દશેય દિશાઓથી ઉપર રહે છે.

આ જે વર્તમાન જગત છે, તેના પહેલાં પણ ભૂત જગત્ હતું અને હવે પછી ભાવી જગત થવાનું છે. આ ત્રણેયે કાળના જગતની સ્થિતિ તો પુરુષ રૂપેજ છે. વિસ્મય તો આ વાતનું છે કે, જે પુરુષ પોતે અજર–અમર ધર્મોનો ઈશાન–સ્વામી છે, તે પોતે પોતાના અન્નરૂપ ભોગ્ય પદાર્થથી વૃદ્ધિ પામે છે અને વધી રહે છે.

અન્નરૂપ જગતની ત્રણ દશાઓથી ભરપૂર આ પુરુષ છે, એમ કહેવું તે તો આ પુરુષનો મહિમા છે. એ પુરુષ પોતે તો દશે દિશાઓથી ઘણો ઘણો જ્યેષ્ઠ–મોટો છે. એમ કહોને કે આ પુરુષને ચાર પાદ હોય; તો તેમાંનાં ત્રણ પાદ તો પર અમૃત આકાશમાં અવ્યય રીતે સુરક્ષિત છે. તેમાંનું જે એક ચોથું પાદ છે, તેમાંથી તો આ સઘળાં વિશ્વભરનાં ભૂત–પદાર્થો બનીને રહે છે.

હવે એમ માનોને કે, જે ચોથું પાદ સર્વ વિશ્વરૂપે બનીને રહેલું છે, તેને વળી પાદ છે. તેમાંનાં ત્રણ પાદને સાથે લઈને આ પુરુષ પોતે વિશ્વરૂપ પદાર્થોથી પર રહે છે અને જે પુરુષ ચોથા પાદનું રૂપ છે, તેથી તો આખું વિશ્વ

---

(૧) વા. સં. ૩૧, ૧–૨૨ ઋ સં ૧૦, ૯૦

ભૂતોના રૂપે બનીને રહેલું છે. એ ચોથું પાદ ગણો કે પછી સોળમી કલાનો અંશ ગણો; તેથી તો વિશ્વના બધા પદાર્થો બનેલા છે. તેમાંથી તો આખા વિશ્વનાં પરાક્રમો રચાયાં છે, જેમાં ભોગ્ય અને ભોક્તા, જડ અને ચેતન, સ્થાવર અને જંગમ બધું આવી જાય છે.

એ પુરુષે, એ નારાયણે કામના સેવી કે, હું સર્વ પદાર્થોમાં અધિક બનીને રહું. એ પ્રમાણે તેણે પુરુષમેધ નામના સોમયાગથી યજન કરવાનો સંકલ્પ કર્યો. એને માટેનાં સાધન સામગ્રી અને સંભાર જોઈએ, એ માટે પોતાની સોળમી કળાનો ઉપયોગ કર્યો. પુરુષની એ સોળમી કળા, એજ આ વિશ્વરૂપ છે, એજ આ યજ્ઞ પુરુષ છે. આ યજ્ઞ પુરુષથી વિશ્વના સઘળા પદાર્થો બનેલા છે, એ રહસ્ય આ ઋષિ હવે વેદવાણીમાં પ્રગટ કરી રહ્યા છે.

'જે પુરુષમેધ યજ્ઞની રચના કરી, તે યજ્ઞ પોતેજ વિરાટરૂપે પેદા થયો. જે બધે વિભૂતિમાંથી આ અધિ–પુરુષ યજ્ઞરૂપે થયો છે. એ યજ્ઞપુરુષ પોતેજ બધે અધિક ઉન્નત બનીને રહે છે, નીચેની પૃથ્વીની પાછળ અને ઉપરના આકાશથી પણ ઉપર તે રહેલો છે.

આ યજ્ઞ પુરુષ યજ્ઞનો ઈષ્ટદેવ છે, જેને સર્વરીતે બોલાવવામાં આવે છે. અને જે યજ્ઞમાં સર્વની આહુતિઓ આપવામાં આવે છે. એ યજ્ઞમાંથી સર્વના સંભારરૂપે, અન્નરૂપે અને તેજરૂપે પૃષત–સ્થૂલ અન્ન અને આજ્ય–સૂક્ષ્મ તેજ પેદા થયાં છે. આ જગતનાં પ્રાણીઓમાં સૌથી પહેલાં પશુઓ પેદા થયાં છે, જેમના દેવ વાયુ અંતરિક્ષમાં વાસ કરે છે, જે આ પશુઓ બે પ્રકારનાં છે, જે સહજ રીતે અરણ્યમાં પેદા થાય છે અને જે લાલન પાલન પામીને ગામમાં પેદા થાય છે.

આ તે સર્વહુત યજ્ઞપુરુષ છે; જેમાંથી ચાર વેદોની ઋચાઓ અને સામગીતિઓ થયાં છે, જેમાંથી અથર્વના છંદ અને યજુઓ પેદા થયાં છે.

આ તે સર્વહુત યજ્ઞપુરુષ છે, જેમાંથી અશુ-શીઘ્ર ગતિએ શ્વાસ લેનાર પ્રાણીઓ થયાં છે. આમાં જે અશ્વ પ્રાણીઓ છે, તેમને એક જડબામાં દાંત હોય છે અને ગધેડા ખચ્ચર વગેરેને બંને જડબાંમાં દાંત હોય છે. તેમાંથીજ ગોજાતિનો જન્મ થયો છે અને તેમાંથીજ ઘેટાં બકરાં થએલાં છે.

માનોને કે, આ યજ્ઞના સંભાર–સાધન સામગ્રી પુરુષે પોતે એકઠાં કર્યાં. તેમાં ઋચાઓ પણ યજ્ઞના સંભાર ગણાય છે. ગાય, અશ્વ વગેરે પશુઓ તો યજ્ઞમાં ઉપયોગી છે જ, તેથી તો અન્ન, દૂધ, ઘી વગેરે પેદા થાય છે.

'આમ નારાયણે સંકલ્પ કરીને, જે યજ્ઞ પુરુષને સૌથી આગળ પેદા કર્યો; તેને દર્ભનાં આસન પર બેસાડયો અને પછી તેના પર જલનો અભિષેક કર્યો, તેથી તેની શુદ્ધિ થઈ અને તે યજ્ઞને યોગ્ય પવિત્ર મેધરૂપ બની ગયો. તે પુરુષ ને પુરુષ યજ્ઞનાં રૂપ આપવામાં આવ્યાં અને પછી તે યુગના સાધ્ય દેવો અને

ઋષિઓએ ભેગા થઈને નારાયણ પુરુષની કામના પ્રમાણે પુરુષમેધ યજ્ઞનાં યજન કર્યાં.

હવે યજ્ઞને પુરુષની પ્રતિમા આપી. એટલે તેની આકૃતિ ઘડવી જોઈએ, પુરુષ જેવોજ આકાર ઘડવાનો અને તેનાં વિવિધ અંગોની યોજના કરવાની, એ ભાવને હવે ઋષિઓ વ્યક્ત કરી રહ્યા છે :

'જે દેવો અને ઋષિઓ છે, તે તો પ્રજાપતિના પ્રાણરૂપ છે. તેમણે આ યજ્ઞપુરુષની રચના કરી. તો તેના કેટલા આકાર અને પ્રકાર બનાવ્યા? તેના મુખને કોણ રચ્યું હતું? તેના બે બાહુઓ, બે સાથળો અને ચાર ચાર પાદ એ બધાંનું વર્ણન કરો.

'સાચેજ, આ યજ્ઞ તો વિશ્વની પ્રતિમા છે, માટે વિશ્વમાં જે બ્રહ્મ–મંત્ર રૂપ વાણીનાં ઉચ્ચારણ કરે છે, એ બ્રહ્મવાદીઓ તો આ વિરાટ યજ્ઞનું મુખ છે. જે રાષ્ટ્રનાં બળ વધારનાર રાજકારણી પુરુષો છે; તે તો તેના બે બાહુ છે. જે વૈશ્ય પ્રજાજનો છે, તેતો બે સાથળો છે અને જે લોકો સેવા કરીને રાષ્ટ્રના શોક સંતાપ દૂર કરે છે, તે શૂદ્ર–સેવકજનો યજ્ઞ પુરુષના ચરણ છે.

સૂર્ય મંડળથી ઉપર રહીને સોમની વર્ષા કરનાર ચંદ્ર તો તે વિરાટ પુરુષના મનનું સર્જન છે, તેની બંને આંખોમાંથી સૂર્ય, કાનથી વાયુ અને પ્રાણ તેમજ મુખથી અગ્નિ વગેરે પેદા થયાં છે.

એ યજ્ઞ પુરુષની નાભિમાંથી અંતરિક્ષ, માથામાંથી સ્વર્ગ, બે પગમાંથી પૃથ્વી અને શ્રોત્રથી બધી દિશાઓ, એ પ્રકારે બધા લોકોની રચના થઈ છે.

જ્યારે પ્રજાપતિના પ્રાણરૂપ એ દેવો અને ઋષિઓએ આ યજ્ઞપુરુષથી યજ્ઞનો વિસ્તાર કરવા માંડયો, ત્યારે વર્ષમાંની વસન્ત ઋતુ આજ્ય–ઘીની આહુતિરૂપે, ગ્રીષ્મ ઋતુ ઈધ્મ ઈંધનરૂપે અને શરદ ઋતુ હવિદ્રવ્યરૂપ બન્યાં હતાં.

એ યજ્ઞ રુપ માટે મહાવેદિની રચના કરવામાં આવી અને તેના મધ્યભાગે અગ્નિની સ્થાપના કરવામાં આવી, ત્યારે તેની પરિધિઓમાં સાત સમુદ્રોની રચના કરવામાં આવી અને તે અગ્નિને વિશેષ સમિધ્ધ કરવા માટે તો એકવીસ સમિધાઓ રચવામાં આવી. આ રીતે જ્યારે દેવોએ યજ્ઞનો વિસ્તાર કર્યો, ત્યારે તેના મધ્યસ્થાને રહેલા યૂપ–સ્થંભની સાથે યજ્ઞપુરુષને પશુરૂપે બાંધવામાં આવ્યો હતો.

આ પૂર્વના સાધ્ય દેવો અને ઋષિઓએ યજ્ઞપુરુષ દ્વારાજ પુરુષમેધ નામના સોમયાગનાં યજન કર્યાં હતાં. આ સૃષ્ટિના સર્જનનો પ્રથમ યજ્ઞ છે. તે સમયે વિશ્વને ધારણ કરવાનાં વ્રત તપ સાધન રચવામાં આવ્યાં; તે તો સર્વને ધારણ કરનાર મૂલ ધર્મ ગણાયા. આમ પૂર્વ કાલના જે પ્રાચીન સાધ્યજનો હતા, તે યજ્ઞની રચના કરીને દેવરૂપ બની ગયા અને તેમણે તે યજ્ઞના ફલરૂપે ઉત્તમ સુખ આપનારૂ સ્વર્ગને પ્રાપ્ત કરી લીધા હતા.

આ એજ દેવ છે: એક અગ્નિ છે, બીજો સોમ છે. આ એજ પદાર્થ છે: એક ઉગ્ર છે, બીજો સૌમ્ય–શાન્ત છે. એક જ પદાર્થ દાહક હોય; તે શામક પણ બને. અગ્નિ દાહક છે, તેનો એક શામક છે. જલ શામક છે પણ તે અતિશય શીત બને, હિમ પડે, તો અગ્નિની જેમ પાકને બાળી મુકે.

સાચું પૂછો, તો મનનું આ સર્જન છે. મન એજ પ્રજાપતિ છે, પુરુષ છે. મન રુદ્ર બને, ઉગ્ર બને, તો વિનાશ સરજે. મન શિવ બને, સૌમ્ય બને, તો પ્રગતિ સાધે.

એક માનવ ઉગ્ર બને, ક્રોધ કરે, તે દોષ ગણાય. એક રાષ્ટ્ર ઉગ્ર બને, મન્યુ-ઉત્સાહ વધારે, તે ગુણ ગણાય. જે રાષ્ટ્ર દીન હોય, હીન હોય, તેના પર સૌ કોઈ આક્રમણ કરે. સૌ કોઈ તેને પજવે, તેનું ગૌરવ હણે.

રુદ્ર આવો એક દેવ છે, જે શત્રુને શમાવે છે, જે દોષ હણે છે, જે પાપીને દંડ દે છે, તેજ જ્યારે મિત્ર પર આક્રમણ કરે, નિર્દોષનાં દમન કરે, દીન હીનને હણે, ત્યારે તે રુદ્રના રોષને શમાવવો પડે. રુદ્રની સ્તુતિ કરવી પડે, નમન કરવાં પડે, આહુતિ આપવી પડે,

રુદ્રનાં વિવિધ સ્વરૂપો છે, જે સંહારના કાર્યમાં લાગી જાય; તો સર્વ નાશ થઈ જાય. તેને શમાવવાનાં છે. ત્યાં ઉગ્રતા એકલી કામ આવતી નથી. વૈરથી વૈર શમતાં નથી. યુદ્ધ પર યુદ્ધ લદાય; તેથી કાંઈ શાંતિ વળે ?

# ૪
# નમન હો રુદ્ર વિવિધરૂપે

રાષ્ટ્ર પર સંકટ આવી પડે, મહામારી લાગૂ પડે, દુષ્કાળના ઓળા પથરાય, ભૂખમરો ડોકિયાં કરે. જર્જરિત કાષ્ઠપિંજર જેવા શિવના ગણો; ભૂત, પ્રેત, પિશાચ કાખલીયાં કૂટતાં નાચતાં હોય, એવે વખતે કોઈ બહારનો ઉપાય કામ આવતો નથી.

એવે સમયે તો દૈવી સંપત કામ આવે. અંદરનું બળ ત્યારે જણાય; માનવ બધી રીતે હારી બેસે: યુદ્ધ પર યુદ્ધ લદાતાં જતાં હોય અને હાર પર હાર આવી પડતી હોય; ત્યારે પ્રજાજનને પ્રાર્થના સિવાય કશું સુઝતું નથી.

ઋષિમુનિઓએ શોધેલો અને અજમાવી જોએલો ઉપાય: તે આ શતરુદ્રિય હોમ છે. શતરુદ્રિય જપ છે. શતરુદ્રિય ઉપનિષદ્–રહસ્યવિદ્યા છે. સાધન સંપતિ હોય, તો હોમ થાય, મનની સ્વસ્થતા હોય, તો જપ થાય અને દૈવી બળ મેળવવું હોય; તો તેનું રહસ્ય જાણી લેવાય. આ ઋષિ તેના રહસ્યને આ રીતે રજૂ કરે છે:

[1] અહીં જે અગ્નિ છે, તે જ આ રુદ્ર છે. મહાવેદિ પર જ્યારે તેનાં ચયન કરવામાં આવ્યાં, ત્યારે તેનો નવો જન્મ થયો, એમ માનોને! હવે જેમ ગાયને વાછડું અવતરે, તેની સાથે જ તે ગાયના થાનને વળગી પડે, તેનું કારણ શું? તેને ભૂખ લાગી છે, તે શમાવવી છે. દૂધ તેનું અન્ન છે, તેથી તેની ભૂખ શમે છે.

આ સૃષ્ટિનાં સર્જન એ તો માનોને કે મહાવેદિનાં ચણતર છે. એકપર એક ઇષ્ટિકાઓ–ઈંટો ગોઠવાતી જાય છે અને સર્જનનાં કાર્ય આગળ વધતાં જાય છે. આ ઇષ્ટિકાઓ તો માનોને કે રાષ્ટ્રની કામદુધા ગાયો છે. રાષ્ટ્રના વિકાસમાં યોજનાઓ આગળ વધતી જાય અને ઇષ્ટિઓ–સિદ્ધિઓ સફળ બનતી જાય, પરંતુ બધીજ યોજના એકધારી આગળ વધતી નથી. તેમાં અડચણો આવે છે, અવરોધ ઊભા થાય છે, તે બધા દૂર થાય; તેના ઉપાય કરવા જોઈએ; જેથી રાષ્ટ્રની પ્રગતિ સધાય.

આ એક પ્રાચીન ઋષિ છે. મહાવેદિની ઇષ્ટિકાઓનાં તે રહસ્ય ઉકેલે છે:

[1] પ્રકાશ પાથરનાર એ તો સ્વર્ગલોક છે. તેની વચમાં અંધકાર આવીને ઉભો રહે છે. એ વખતે તો મહાવેદિ ચણવા માટે જ્યોતિથી ભરેલી ઇષ્ટિકાઓ ઉપયોગમાં લેવાય; તે પર સોનાની સળીઓથી જલ છાંટવામાં આવે છે.

અગ્નિ માટેની આ મહાવેદિ છે; તેના ચણતરમાં આ ઇષ્ટિકાઓ કામધેનુઓ બની રહો. આ કામધેનુઓ તો સાચેજ ઇષ્ટિકાઓ છે. તેમનો ઉપયોગ કરીને પહેલાં પ્રજાપતિએ પોતાની મનગમતી કામનાઓ પુરી કરી હતી. એજ રીતે યજમાન પણ જે જે કામનાઓ સેવે છે, તે બધાનાં દોહન કરે છે ...

---

૧. તૈ. સં. ૫. ૪, ૩ ૧ મૈ. સં. ૩, ૩, ૪

પહેલાં દેવોએ રુદ્રને યજ્ઞમાં ભાગ લેતાં રોકી રાખ્યો હતો. એથી તો દેવો ભય પામતા હતા. તે દેવો પ્રજાપતિ પાસે પહોંચી ગયા. તેમણે શતરુદ્રિય નામે હોમનાં દર્શન કર્યાં. તે હવન કરી, પ્રજાપતિએ અગ્નિના ભયને શમાવ્યો.

આ રીતે જે શતરુદ્રિય હોમને જાણે છે તેને અગ્નિનો ભય જાગતો નથી. પ્રજાપતિએ તો પહેલાં એને જાણી લીધો હતો, તેથી તે દેવ અગ્નિ પ્રજાપતિને હાનિ પહોંચાડતો નથી. જે દિશામાં રુદ્ર પ્રજાજનોને શાન્ત પાડે છે, તે ઉત્તર દિશામાં તે રહે છે. એજ દિશામાં પોતાના ભાગને મેળવી આપીને, તે ગૃહસ્થ રુદ્રને શમાવે છે.

આ શતરુદ્રિયમાં ત્રણ પ્રકારના હોમ છે. સાથળ સુધી પહોંચે એવા ભાગમાં ઉભા રહીને પહેલો હોમ કરવો, તેથી આ પૃથ્વીમાં તેને શમાવે છે, નાભિ સુધી પહોંચે; એવા ખાડામાં ઉભા રહીને બીજો હોમ કરવો; તેથી અંતરિક્ષમાં તેને શમાવે છે. ચિબુક–દાઢી પહોંચે એવા ખાડામાં ઉભા રહીને ત્રીજો હોમ કરવો, તેથી સ્વર્ગમાં શમાવે છે.

આ રીતે તે ત્રણ હોમથી આહુતિઓ આપે છે. તેનું તાત્પર્ય આ છે :

ત્રણ તો આ લોક છે. તે ગૃહસ્થ ત્રણ લોકોથી રૂદ્રને શમાવે છે. ત્યાર બાદ ત્રણ આહુતિઓ સીધીરીતે હોય છે અને ત્રણ ઉલટીરીતે હોય છે. આમ તે ઋતુઓ ૭ થાય છે, તેથી તે રુદ્ર પર વિજય મેળવે છે.

એ યજમાન આકડાના પાનથી આહુતિ આપે છે. આમ અર્કથી આ અર્ક–તેજસ્વી રુદ્ર પર તે વિજય મેળવે છે. આ પાત્રથી હોમ કરે છે, એથી તો તો રુદ્રને પ્રજાજનો વિષે વિનયી બનાવે છે.

જે સમયે મહાવેદિ પર ઈષ્ટિકાઓનાં ચયન થાય, તેજ વખતે આ અગ્નિ જન્મ લે છે. જન્મ લેતાં જ તે અગ્નિ પોતાના ભાગને ઈચ્છે છે. જેમ વાછડું જન્મે કે તરતજ તે ગાયના થાનને ઈચ્છે છે; એમ જ જન્મ લેતાંની સાથેજ અગ્નિ અધ્વર્યુ અને યજમાન તરફ જુએ છે. હવે તે ગૃહસ્થ શતરુદ્રિય હોમ કરે છે, તેથી તે અગ્નિને તેનો ભાગ આપીને શમાવે છે.

[૧] સંવત્સર. વર્ષનો કાલ છે; એ તો માનોને કે, અંતરાયની જેમ આડે આવતો અંધકાર છે, જેથી સ્વર્ગલોકનો પ્રકાશ રોકાય છે. એ અંતરાય દૂર કરવા માંટે જ્યોતિષ્મતી નામની એક હજાર ઈષ્ટિકાઓનાં ચયન કરવાં. તે ઈષ્ટિકાઓનાં પ્રોક્ષણ સોનેરી સળીઓથી થાય છે. આમ તે ગૃહસ્થ સંવત્સર કાલને જ્યોતિ પ્રકાશથી વસાવી દે છે. તેનું રહસ્ય બ્રહ્મવાદી બતાવે છે :

(૧) કા, સં. ૨૧, ૬, ૩૧

'હે ઇષ્ટિકાઓ, તમે સહસ્રની પ્રમા છો—પ્રમાણ છો. તમે સહસ્રની પ્રતિમા છો. આમ કહેવાનો ભાવ આ છે. આ બધા લોકો છે, તે ગણનામાં હજાર જેટલા છે. હવે જો અગ્નિને માટે ઇષ્ટિકાઓનાં પ્રોક્ષણ ન કરે, અથવા તો હજારનાં ચયન ન કરે, તો તે યજમાન અગ્નિને આઘાત પહોંચાડે છે. જે હિરણ્ય છે, તે તો અમૃતની જેમ શામક છે, હિરણ્યની સળીઓથી તે પ્રોક્ષણ કરે છે, તેનો ભાવ આ થાય છે, તે અમૃતથીજ રુદ્રના શરીર પર પ્રોક્ષણ કરે છે:

[1] શતરુદ્રિય હોમનું રહસ્ય, બ્રહ્મવાદી આ રીતે રજૂ કરે છે.

'મહાવેદિનાં ચયન પુરાં થયા પછી; અગ્નિનો નવો જન્મ થયો. તે દેવ અગ્નિને શાન્ત પાડવા માટે. હવે ગૃહસ્થ શતરુદ્રિય નામનો હોમ કરે છે. આ વખતે તો અગ્નિને બધા સંસ્કાર સારીરીતે આપવામાં આવ્યા છે. આને કારણે અહીં એ અગ્નિ સાક્ષાત્ રુદ્ર દેવ બને છે. દેવોએ ઇષ્ટિકાઓનાં ચયન કરીને તો અગ્નિમાં ઉત્તમ રૂપ મુકી દીધું છે, જે અમૃત મળવાને કારણે તો એ દેવ વિશેષે કરીને દીપી રહ્યો છે. પણ હવે તે રાહ જોઈ રહ્યા છે, કે 'મને અન્ન મળે.'

આને કારણે તો દેવો ડરવા લાગ્યા. રખેને આ રુદ્ર બનેલ અગ્નિ અમારી હિંસા કરી નાખે! એવો ઉપાય કરો કે, એ આપણી હિંસા ન કરે. આ દેવોએ ભેગા મળીને વિચારણા કરી, આ રુદ્રને અન્નના સંભાર આપો, જેથી આપણે તે દેવને શાન્ત કરીએ. એ વિચારણા પ્રમાણે દેવોએ રુદ્રને અન્નના સંભાર આપ્યા; તેથી તે દેવ શાન્ત થયા.

જે હોમથી દેવ રુદ્રને દેવોએ શાન્ત કર્યા; તે હોમનું નામ શાન્તરુદ્રિય થાય, પરંતુ તેને પરોક્ષરીતે શતરુદ્રિય કહેવામાં આવે છે. આ હોમ કરીને તો દેવ રુદ્રને શાન્ત કર્યા હતા, માટે તે હોમનું નામ શાન્ત દેવત્વને બદલે શતરુદ્રિય કહેવામાં આવે છે. આનું કારણ એ છે કે, દેવોને સ્પષ્ટ રીતે પોતાનાં નામ આપવામાં આવે, તે તેમને ગમતું નથી. દેવો તો પરોક્ષકામ છે.

આજ રીતે જ્યારે મહાવેદિની રચના કર્યા પછી, અગ્નિ નવા રુદ્રના રૂપે જન્મ લે ત્યારે તેની અંદર યજમાન ગૃહસ્થ નવા ઉત્તમ રૂપે અમૃતનાં આધાન કરે છે. તેથી તે રુદ્ર દેવ વિશેષે કરીને દીપી રહે છે, પરંતુ તે પછી તો રુદ્રદેવ અન્નની ઈચ્છા કરતો હોય છે અને રાહ જોતા ઉભા રહે છે, જેથી તે દેવ રુદ્ર શાન્ત થાય છે. આમ જે શતરુદ્રિય હોમ છે, તે શાન્ત દેવત્ય ગણાય છે.

આ વિષે એક પ્રાચીન કથા આ બ્રહ્મવાદી જણાવી રહ્યા છે:

---

(૧) શ. બ્રા. ૯, ૧; ૧, ૩

[1] ગૃહસ્થ આ શતરુદ્રિય હોમ કરે, તેનું કારણ આ છે. પહેલાં પ્રજાપતિનાં અંગ ઉપાંગ ઢીલાં પડીને ખરવા લાગી ગયાં, ત્યારે બધા દેવો પ્રજાપતિને છોડી, દૂર ચાલ્યા ગયા, મન્યુ નામે જે એક દેવ હતો; તેણે એકલાએજ પ્રજાપતિને છોડયા નહિ. તે પ્રજાપતિના અંગમાં વિસ્તાર પામીને રહી ગયા. તે પ્રજાપતિએ રુદન કરવા માંડયું. તેની આંખમાંથી આંસુ ખર્યાં; તે મન્યુની અંદર રહી ગયાં. આમ જે દેવ મન્યુ હતો, તેજ રુદ્ર બની ગયો, જેને સો શિર હતાં; હજાર આંખો હતી અને સો કવચ હતાં.

ત્યારબાદ તે પ્રજાપતિની આંખમાંથી બીજાં ઘણાં આંસુ ખરી પડયાં, તે તો હજારો અને અસંખ્ય બનીને બધા લોકોમાં ફેલાઈ ગયાં. હવે રડવાને કારણે તો આ આંસુ થયાં હતાં; તેથી તે બધા રુદ્ર ગણાયા. આમ ગણની નજરે તો આ રુદ્ર એકજ છે. તેને સો હજાર આંખ અને સો કવચ છે. તેણે ધનુષ પર દોરી ચઢાવી છે. તેનું બાણ લક્ષ્ય ભેદવા માટે ટાકેલું છે. તે અન્નની ઈચ્છા કરે છે અને તેથી બધાને ડરાવતો તે ઉભો છે. તેથી તો બધા દેવો ડરવા લાગ્યા.

તે દેવો પ્રજાપતિને કહેવા લાગ્યા. ‘અમે આનાથી ડરીએ છીએ. કદાચ આ રુદ્ર અમને મારી ન નાંખે.’ તે પ્રજાપતિએ કહ્યું. તમે તેને માટે અન્ન ભેગું કરો. તે અન્ન આપીને તમે તેને શમાવશો. એ પ્રમાણે દેવોએ તેને માટે જે અન્ન ભેગું કર્યું, તેનું નામ શતરુદ્રિય પડયું. તે અન્ન–હોમથી દેવોએ રુદ્રનાં શમન કર્યાં. જેને શતશીર્ષ છે, એવા આ શતરુદ્રને આ હોમથી શાન્ત પાડયો, તેને કારણે તે હોમ શતશીર્ષરુદ્ર શમનીય ગણાયો. આમ જે શતશીર્ષરુદ્ર શમનીય છે; તે ટૂંકમાં પરોક્ષરીતે શતરુદ્રિય કહેવાય છે.

શુકલ યજુર્વેદ સંહિતાનો સોળમો અધ્યાય શતરુદ્રિય કે રુદ્રાધ્યાય ગણાય છે, તેમાં છાસઠ કંડિકામંત્રો છે, તેમને નવ અનુવાક (૧) ૧–૧૬ (૨) ૧૭–૨૧ (૩) ૨૨–૨૬ (૪) ૨૭–૩૧ (૫) ૩૨–૩૬ (૬) ૩૭–૪૦ (૭) ૪૧ (૮) ૪૨–૪૬ (૯) ૪૭–૬૬ પ્રમાણે ગોઠવ્યા છે. પહેલા અનુવાકના સોળ મંત્રો સોળ ઋચાઓ છે., તેમાં એક જ દેવ રુદ્ર છે, જેને શતશીર્ષરુદ્ર કહે છે, જે પરથી અધ્યાયનું નામ શતરુદ્રિય પડયું છે. તે પછીની ત્રીસ કંડિકાઓમાં બે બે રુદ્રનાં જોડકાં પ્રમાણે એંશી, એંશી અને એંશી મળીને બસો ચાલીશ રુદ્ર છે અને તેટલા યજુમંત્રો છે. આમાં કેટલાક ઉભયતો નમસ્કાર રુદ્ર છે : બે રુદ્રનાં જોડકાં પહેલાં અને પછી નમઃ જોડાય છે, તો કેટલાક અન્યતો નમસ્કાર–શરૂઆતમાં નમઃ

(૧) શ. બ્રા. ૯, ૧, ૫

જોડે છે. આથી તે એકરુદ્ર કે બહુરુદ્ર એકવચન અને બહુવચન પ્રમાણે ગણવામાં આવે છે.

ત્યારપછી સાત કંડિકા ( ૪૭–૫૩ )માં એક રુદ્ર અને દશકંડિકા ( ૫૪–૬૩ )માં દશમંત્રોમાં અસંખ્યાત રુદ્ર તેમ જ (૬૪–૬૬) ત્રણકંડિકાઓમાં ત્રિસ્થાન રુદ્ર દેવ ગણાય છે આ વિષે બ્રહ્મવાદી રહસ્ય રજૂ કરે છે :

૧ મહાવેદિના ત્રણ છેડા–પરિશ્રિતમાં ઋત્વિગ્ હોમ કરે છે. આકડાના પાનના છેડા તે રુવાંટાં–લોમ હોય, તેમાં ઝેર ન હોય, તેથી તે કોઈની હિંસા ન કરે. અગ્નિના ઉત્તરાર્ધમાં ઉભા રહીને તે હોમ કરે છે. આ દિશામાં દેવ રુદ્રનાં ઘર હોય છે. આમ પોતાની ઉત્તર દિશામાં રુદ્ર રાજી થાય છે અને વિજય મેળવે છે.

પહેલો હોમ જાનુદઘ્ન–પગની પીંડીના માપમાં, બીજો નાભિદઘ્ન–નાભિના માપમાં અને ત્રીજો મુખદઘ્ન–મુખના માપમાં કરવામાં આવેલા ખાડામાં હોમ કરે છે. જાનુદઘ્ન તે પૃથ્વી લોક, નાભિદઘ્ન તે અંતરિક્ષ અને મુખદઘ્ન તે સ્વર્ગલોક ગણાય છે એ રીતે જે જે લોકમાં રુદ્ર રહેતા હોય, તે બધાને રાજી કરે છે.

દરેક હોમના મંત્રની સાથે સ્વાહા બોલાય છે. તે સ્વાહાકાર તો અન્ન રૂપે છે. આમ અન્ન અપીને તે રુદ્રોને રાજી કરે છે.

' **नमस्ते रुद्र**૦થી સોળ મંત્રોના દેવ શતરુદ્ર મન્યુ છે, જે પ્રજાપતિની અંદર વિસ્તાર પામીને રહેલ હતો. આ પહેલો અનુવાક છે. અહીં રુદ્ર તે અગ્નિ પ્રજાપતિ છે. જેટલા માપનો અગ્નિ હોય; તેટલા માપનાં અન્ન તેને આપે છે. તેથી તેને રાજી કરે છે. રુદ્રને નમન, નમન. અહીં સાચે જ યજ્ઞ તે નમન છે. આ રુદ્રને યજ્ઞ દ્વારા જ નમસ્કાર કરીને અન્ન અપાય છે. આથી જ્યાં યજ્ઞની ભાવના ન હોય, ત્યાં **नमस्ते** કહેવાય નહિ; ગૃહસ્થ જે **नमस्ते** બોલે છે, તેનો ભાવ આ છે : હે રુદ્ર આ યજ્ઞ તમારો છે; તેથી તે યજ્ઞથી તમે રાજી થાઓ.'

૨ **नमो हिरण्यबाहवे** (૧૭) વગેરે મંત્રોમાં બે બે રુદ્રનાં જોડકાં છે; તેમાં એક વિશેષણ રુદ્રોને લાગૂ પડે. જેમકે દિશાના પતિ તે હિરણ્ય બાહુ અને સેનાની બંને રુદ્રને માટે છે. એ રીતે દ્વંદ્વમાં રહેલ રુદ્રને આહુતિ આપે છે : અમુકને અને અમુકને નમન આ રુદ્ર અને તમે બંને છો, તે અમારી હિંસા કરશો નહિ જે દેવ પરિચિત થાય અને યજ્ઞમાં આમંત્રણ આપીને તેને આહુતિ અપાય, તે દેવ હિંસા કરે નહીં.

(૧) શ. બ્રા. ૯, ૧, ૧, ૧૦–૧૬ ૨ શ. બ્રા. ૯, ૧, ૧, ૧૦, ૧૬

આ દ્વંદ્વ દેવોની આહુતિ પછી દ્વંદ્વમાં જાતરુદ્રો છે, नमः सभाभ्यः (૨૪) તેમને આહુતિ આપે છે. જે રુદ્રોએ સભા વગેરે સ્થાનોમાં નિવાસ કર્યો છે; તે રુદ્રો જાતિને અનુસરે છે. આ રુદ્રોની જાતિ ગણાય, તે પ્રમાણે મનુષ્યોની જાતિ હોય છે. આમ દેવોની જાતિમાં રહેવા છતાં મનુષ્યોની જાતિ આવે, એટલે તેમને રાજી કરવામાં આવે છે.

અહીં કેટલાક રુદ્રોને બંને બાજુએ નમન કરવાનાં છે. કેટલાકને એક બાજુએ. સાચે જ જે રુદ્રો ઘણા ઘોર–ભયંકર અને અશાંત–ઉગ્ર હોય; તેમને તો બંને બાજુએ નમસ્કાર કરીને શાંત કરે છે.

પહેલો અનુવાક પૂરો થયા પછી, આગળના મંત્રોમાં ઋત્વિગ્ એંશી એંશી મંત્રોના બસો ચાલીસ રુદ્રોને આહુતિઓ આપે છે. ત્યાર પછી જે યજૂ મંત્રો છે; તેમાં અવતાન રુદ્રોને આહુતિ આપે છે. અહીં જે એંસી अशीति શબ્દ છે; તે અશન–અન્ન અને એંસી સંખ્યાનો વાચક છે. જેમણે अवतत હથિયાર હેઠાં મૂકયા છે, તે રુદ્રોને अवतान કહે છે:

[1] આ પછીના દશ મંત્રો (૫૪–૬૩) असंख्याताथी શરુ થાય છે, જે અવતાન મંત્રો ગણાય છે, તે ભણીને આહુતિઓ આપે છે. આનું રહસ્ય આ છે: પહેલાં જ્યારે યજ્ઞ કરવામાં આવ્યો, ત્યારે દેવોએ આ રુદ્રોને યજ્ઞ દ્વારા અન્ન આપીને રાજી કર્યા હતા. પહેલાં રુદ્રો ધનુષ્ય દોરીથી ખેંચીને વીંધવા તૈયાર થયા હતાં; તે ધનુષ્ય અવતાન–નીચે ઉતર્યાં હતાં; અર્થાત્ ધનુષ્યોની ખેંચેલી દોરી ઢીલી કરી, જેથી તે ધનુષ્યોથી કોઇની હિંસા થાય નહિ.

[2] આ પછીના ત્રણ મંત્રો (૬૪–૬૬) नमोऽस्तुथी શરુ થાય થાય છે, તે પ્રત્યવરોહ મંત્રો ગણાય છે, તે ભણીને આહુતિઓ આપે છે. અવરોહ એટલે ચઢવું તે. આ મંત્રો ભણીને તે યજમાન અહીંથી ઉપરના લોકો પર ચઢે છે. આ પૃથ્વી લોકથી ઉપરના લોક પર સીધા ચઢવાનો આરોહ ક્રમ છે. હવે જે આ પૃથ્વી છે; તે તો સ્થિર ઉભા રહેવા માટેની પ્રતિષ્ઠા છે. સ્વર્ગમાં રહેલા દેવો અહીં ધરતી પર આવીને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. એજ રીતે યજ્ઞનો યજમાન પણ આ પૃથ્વી પરની પ્રતિષ્ઠાને મેળવે છે.

અહીં યજમાન ત્રણ સ્થાનોનાં માપ લઈને હોમ કરે છે અને એ રીતે તે રુદ્રોને રાજી રાખે છે અને તે પ્રમાણે પોતાના સ્થાનને મેળવે છે. આ પ્રત્યવરોહણ મંત્રો દ્વારા યજમાન રુદ્રો પાસેથી પોતાના જીવનને જુદું પાડે છે. આમ જીવનને જુદું પાડયું. તેનો ભાવ આ છે કે તે પોતાના જીવનનું પુરેપુરૂં

૧. શ. બ્રા. ૯, ૧, ૧, ૧૭–૨૧ ૨. ૯, ૧, ૧, ૨૭, ૩૪

આયુષ્ય મેળવી લે છે. આ પ્રત્યવરોહનું બીજું રહસ્ય પણ છે. તે યજમાન શા માટે ઉપર ચઢીને પાછો નીચે ઉતરે છે? અહીંથી ઉપરના લોકોમાં જે એ જાતના રુદ્ર રહેલા છે, તેમને તે પ્રસન્ન કરે છે.

આ પ્રત્યવરોહ મંત્રનાં ત્રણ આવર્તન કરવાનાં છે: તેનું રહસ્ય આ છે: અગ્નિ છે, તે ત્રણ પ્રકારનો છે: પૃથ્વી, અંતરિક્ષ અને આકાશમાં રહેવાને કારણે. હવે જે અગ્નિનું રૂપ હોય અને એનાં માપ હોય, તે પ્રમાણે અન્નને આપવાથી અગ્નિ રાજી થાય છે. આ યજ્ઞ તે સ્વાહાકાર છે, તે તો સાચેજ અન્ન છે. અન્નથી તે રુદ્રોને રાજી રાખે છે.

આ શતરુદ્રિય હોમ એક આગવી સંપત્તિ છે, તે વિષે બ્રહ્મવાદીઓ વિચારણા કરે છેઃ

[1] જેમ એકવર્ષ સુધી અગ્નિનાં ચયન કરવામાં આવે છે, ત્યારે ત્યાં નવો અગ્નિ પેદા થાય છે, એ રીતે આ શતરુદ્રિય યાગ કરવાથી વર્ષસુધી પ્રાપ્ત કરેલ અગ્નિ ચયનની સંપત્તિ પ્રાપ્ત થાય છે; એ શી રીતે બને?

આના ઉત્તરમાં તે લોકો જણાવે છે: શતરુદ્રિય અધ્યાયમાં ત્રણસોને સાઠ યજુમંત્રો છે તે પછી વધારાના ત્રીસ અને છેવટે પાંત્રીસ યજુમંત્રો છે. હવે જે ત્રણસો ને સાઠ મંત્રો થયા; એ તો માનોને કે, સંવત્સર વર્ષનાં અહોરાત્ર થયાં ગણાય, ત્યારબાદ જે ત્રીસ યજુમંત્રો છે, તે તો એક માસનાં ત્રીસ અહોરાત્ર ગણાય છે. આમ તે જપ કરનાર અને હોમ કરનાર યજમાન વર્ષનાં ત્રણસોને સાઠ અહોરાત્ર અને તેના અંગે માસનાં ત્રીસ અહોરાત્ર બંનેની સંપત્તિ મેળવી લે છે. છેવટે જે પાંત્રીસ યજુમંત્રો છે, તે તો દર ત્રીજે વર્ષે આવતો અધિક માસ છે. અધિક માસ તો માનોને કે સંવત્સર-વર્ષનો મધ્યદેહ—આત્મા છે, જેના ત્રીસ અહોરાત્ર ગણાય. ત્યારબાદ પાંચ અહોરાત્રમાં બે તો પ્રતિષ્ઠા—પાદ, બે પ્રાણ અને એક મસ્તક આ રીતે વર્ષ—સંવત્સરની સંપત્તિની તુલના થઈ શકે.

આમ જે શતરુદ્રિયના જપ કે હોમ કરે છે, તે સંવત્સર રૂપે રહેલા અગ્નિને મેળવી લે છે. એમ માનો ને કે, તે સંવત્સર અગ્નિ દ્વારા સંપત્તિને મેળવે છે. હવે શાંડિલ્ય નામના ઋષિએ અગ્નિનાં દર્શન કરીને અગ્નિચયન કર્યાં હતાં; તેમાં યજુષ્મતી નામની ઈષ્ટિકાઓ ગોઠવવામાં આવે છે, તેની સંખ્યા ત્રણસોને સાઠ છે. હવે આ શતરુદ્રિય અધ્યાયમાં જે અગ્નિઓને રુદ્રના નામે ઓળખવામાં આવ્યા છે, તે જુદા જુદા ગણતાં ત્રણસોને સાઠ ઇષ્ટિકાઓ જેટલા થાય છે. આમ શતરુદ્રિય અધ્યાયમાં ભણેલા રુદ્રરૂપી અગ્નિઓને આહુતિઓ આપવામાં આવી છે; તે રીતે પણ ત્રણસોને સાઠ સંખ્યાની સંપત્તિ પ્રાપ્ત થાય છે.

---

૧. શ. બ્રા. ૯, ૧, ૧, ૪૩

આ રુદ્રાધ્યાય તૈ. સં.ના ચોથા કાંડના પાંચમા પ્રપાઠકમાં; કા. સં.ના સત્તરમા સ્થાનકના અગિઆરમા અનુવાકમાં, મૈ. સં.ના બીજા કાંડ, નવમા પ્રપાઠકના બીજા અનુવાકમાં તેમજ શુકલ યજુર્વેદના સોળમા અધ્યાયમાં જોવાને મળે છે. અહીં સોળમા અધ્યાયના છાસઠ મંત્રોનો સરળ ભાવ સાથેનો અનુવાદ આપ્યો છે:

'હે રુદ્ર, તને નમન હો, મન્યુ એ તો ઉત્સાહનો વેગઃ માનવનાં મન; એ મન્યુ તો સો સો માથાંવાળો રુદ્ર બને અને કોપ વરસાવે, ત્યારે તેને શાંત કરવા માટે તો નમન કરવાં જોઈએ અને અન્નની આહુતિ આપી, તે રુદ્રને શાન્ત કરવો જોઈએ. આ રીતે શાંત થએલ એ શતરુદ્ર, તારાં બાણને નમન હો અને તારા બંને બાહુઓને નમન હો, જે શાંત પડતાં હિંસા આચરતા નથી. (૧)

'હે રુદ્ર, તારાં શિવ, અઘોર અને અપાપ–પુણ્યને પ્રકાશમાં લાવનારાં રૂપો આ વિશ્વમાં રહેલાં છે; તે વિશેષ શાંત શરીરનાં અંગોથી અમારી પર મધુરી નજર વરસાવો. તમે તો ગિરિશંત–પર્વતમાં નિવાસ કરનાર છો. (૨)

'એ ગિરિશન્ત, એ ગિરિનાં રક્ષણ કરનાર રુદ્ર! યુદ્ધમાં ફેંકવા માટે જે બાણ તમે તમારા હાથમાં રાખો છો, તે બાણને થોડા સમય પુરતાં શિવ–કલ્યાણકારી બનાવો. તે બાણને શાંત કરો. કૃપા કરીને આ વિશ્વમાં રહેનાર કોઈ પણ ગતિ શીલ પ્રાણી અથવા પુરુષને મારશો નહિ. (૩)

'હે ગિરિશ, શિવ–કલ્યાણકારી વાણીથી અમે તારી સાથે સારી રીતે બોલીએ. તમારી સાથે આ સારો વ્યવહાર કરવામાં તો, અમારી સાથે જોડાએલ આ વિશ્વમાં જે કોઈ સ્થાવર અને જંગમ પદાર્થ છે; તે બધા રોગરહિત થાય અને સારાં મનવાળા થાય. (૪)

· · · આ રુદ્ર તો અમારો વિશિષ્ટ કોટિનો વકતા છે; તેને કારણે તે ભલે, અમને અધિકારથી ભરેલી વાણીથી જણાવે. અમે તેની આજ્ઞા પાળવા તૈયાર છીએ. સાચેજ; એ રુદ્ર તો અમારો પ્રથમ કોટિનો ભિષગ્–વૈદ્ય છે. જે દિવ્ય છે; અર્થાત્ જેનાં સ્મરણ કરવાથી અથવા તો જેની હાજરીથી અમારા રોગ દૂર થાય છે. હે રુદ્ર, જે જે સર્પ ઝેર ઓકી રહ્યા છે, તે બધાને તમે એકીસાથે ગળી જાઓ. જે જે મલીન વૃત્તિઓ–પ્રાણીઓને હાનિ પહોંચાડનાર જક્ષણી–ભક્ષણીઓ છે, તે બધાંને એકબાજુ નીચે ધકેલી દે અને દૂર દૂર હડસેલી દે(૫)

· · · આ તે રુદ્ર છે, જે સૂર્ય રૂપે ગગન મંડળમાં પ્રકાશે છે. તે વિવિધ વર્ણે દેખાય છે. સવારે ઉગતી વખતે તેનો વર્ણ તામ્ર–અત્યંત રાતો છે, સાંજે આથમતી વખતે તેનો વર્ણ અરુણ–રાતો છે, સામાન્યરીતે તેનો વર્ણ બભ્રુ–ભૂરો હોય છે. આમ વિવિધવર્ણે રહેલો એ સૂર્ય રુદ્ર તો છે, પણ અમારે માટે તે

સારા મંગલરૂપ બની રહો. એ ગગન મંડળના સૂર્યની બધીએ દિશાઓમાં વીંટાઇને રહેલાં કિરણો તો હજાર હજાર રુદ્ર જેવાં છે; અમે કરેલા અપરાધોને કારણે તેમને ક્રોધ જાગે, તે કુદરતી છે; પરંતુ તેમની પ્રાર્થના–સ્તુતિ કરીને અમે તેમના ક્રોધને શમાવી દૂર કરીશું (૬)

જ્યારે તે સૂર્ય સાંજના આથમણી તરફ ધીરે ધીરે સરકતો હોય; ત્યારે તેની ડોક તો શ્યામ લાગે છે, પણ તેનાં રૂપ ભૂખરાં પડતાં જાય છે; તે સૂર્યને તો ઉગતો અને આથમતો બંને રૂપે સામાન્ય ગોપાલજનો જોતા હોય. નદી સરોવરને કીનારે અને કુવાને કાંઠડે પાણી ભરનારી પનિહારીઓ પણ એ સૂર્યનાં દર્શન કરતાં હોય છે અને તે લોકો આ સૂર્યને તો હાજરાહજૂર દેવ માનીને પૂજતા હોય છે. ગગનમાં રહેલો એ સૂર્ય દેખાતાંની સાથેજ અમને સુખદાયી બની રહો. (૭)

તે રુદ્રને અમારાં નમન હો, જે નીલકંઠ છે, જે સહસ્રાક્ષ હજાર આંખોવાળો છે અને જે મીઢ્વાન–વર્ષા આપીને સુખ વધારે છે; તે ઉપરાંત જે રુદ્રો અત્યંત સત્વ–બલને ધારણ કરનારા સેવકો છે, બધા રુદ્રોને અમે નમન કરીએ છીએ; જે અન્ન મેળવીને શાંત બને છે. (૮)

હે ભગવન્–ભાગ્યશાળી રુદ્ર, ધનુષ્યના બંને છેડે રહેલ દોરીને તમે છોડી નાખો તેમજ તમારા હાથમાં જે બાણ રહેલાં છે, તે નીચે ફેંકી દો; જેથી તમારે કોઈની હિંસા કરવી ન પડે. (૯)

જેણે માથે જટા બાંધી છે. એવા આ કપર્દી રુદ્રનાં ધનુષ્ય દોરી વિનાનાં બની જાઓ અને બાણોનાં ભાથાં શલ્ય–તીક્ષ્ણ ધાર વિનાનાં થઈ જાઓ. આ રુદ્રનાં બાણ નિષ્ફળ બનીને નાશ પામો અને ખડગને રાખનાર મ્યાન ખડ્ગ વિનાનું ખાલી થઈ જાઓ, અર્થાત્ રુદ્ર સર્વ રીતે નિઃશસ્ત્ર બની જાઓ. (૧૦)

સુખની વર્ષા લાવવામાં સર્વશ્રેષ્ઠ હે રુદ્ર, તમારા એકલાના હાથમાં જે ધનુષ્યનામનું હથિયાર રહેલું છે, તે હથિયારને આધારે તમે અમારાં રક્ષણ ચારેબાજુથી કરતા રહો, જેથી એ હથિયાર અમારે માટે કોઈ ઉપદ્રવ ઉભો ન કરે; અર્થાત તમારા હાથનું હથિયાર પણ અમારે માટે નિરુપદ્રવી હો. (૧૧)

હે રુદ્ર, તમારા ધનુષ્યનું આયુધ અમને બધી રીતે દૂર રાખે; અર્થાત્ તે અમને હણવાના કામમાં ન આવે. એ ઉપરાંત તમારાં બાણથી ભરેલાં જે ભાથાં છે, તેને પણ અમારાથી દૂર રાખો. (૧૨)

જેને હજાર હજાર આંખો છે અને બાણોથી ભરેલાં સેંકડો ભાથાં છે, એવા ઓ શતરુદ્ર; તમે તમારાં ધનુષ્ય દોરી પરથી નીચે ઉતારી દો; તેમજ બાણોનાં

તીક્ષ્ણ અણીદાર મુખને બુઠાં કરી દો. એ રીતે તમે શિવ–શાંત થાઓ તેમજ અમારે માટે તમારાં મન અનુકૂળ બની રહો. (૧૩)

હે રુદ્ર, તમારા તે આયુધને નમન હો, જેની પર દોરી ચઢાવી નથી અને તે આયુધને પણ નમન હો, જે શત્રુને પાડી દેવામાં તૈયાર છે. જે બંને બાહુ પર ધનુષ્ય ચઢાવવામાં આવે છે, તે બંને બાહુઓને તેમજ તે ધનુષ્યને નમન હો. (૧૪)

ઓ રુદ્ર તમે અમારાં સ્નેહી સગા સંબંધીજનોને મારશો નહિ. હાં, એમાં અમારાં મોટેરાંજનો હોય, અમારાં તરુણ–તરુણીઓ હોય અને જે હજી જન્મવાનાં ભાવીજનો હોય; અમારા પિતરો હોય અને અમારી માતાઓ હોય; આ બધાં તો અમારાં પોતાનાં અંગતજન બનેલાં છે; તે બધાં પર તમે રીસાશો નહિ. (૧૫)

ઓ રુદ્ર, તમે અમારા કુટુંબ કબીલા પર રીસાતા નહિ. હાં, એમાં અમારા પૌત્ર, અમારા પુત્ર, અમારાં પોતાનાં આયુ આવી જાય છે. અમારાં ગોધણ અને અમારા અશ્વ–ઘોડા વગેરે પર પણ રીસાતા નહિ. અમારા જે વીરપુરુષો ઉત્સાહમાં આવીને પરાક્રમનાં કાર્યો કરતા હોય; તેમનો વધ કરતા નહિ. અમે હાથમાં હવિની આહુતિઓ રાખીને તમને અમારાં સદન પર બોલાવીએ છીએ.(૧૬)

ઉપરની સોળ ઋચાઓનું એક સૂક્ત છે, શતશીર્ષ રુદ્રની સ્તુતિ છે. હવે ૧૭ થી ૪૮ સુધીની ત્રીસ કંડિકાઓમાં બધા મંત્રો યજુછંદમાં છે. બે બે રુદ્રોનાં ૬૬ જોડકાંની સાથે એક એક વિશેષણ હોય છે. ૧૭ થી ૨૮ સુધીની કંડિકાઓમાં ઉભયતો નમસ્કાર એટલે કે બે બે પદ પહેલાં અને પછી બે બે નમઃપદ જોડાયાં છે; તે રુદ્ર વિશેષ ઘોર અને અશાંત હોય; તેમને વિશેષે નમન કરી રાજી કરવાના છે. તેમની સામે કાંઈ મોરચા મંડાય નહિ. ત્યારબાદ ૨૮ થી ૪૬ સુધીની કંડિકાઓમાં અન્યતો નમસ્કાર એટલેકે શરુઆતમાં નમઃપદ જોડયાં છે. એમાંના इषुमद्भ्यः (૨૨)થી श्वपतिभ्यः (૨૮) સુધીના રુદ્રો પ્રત્યક્ષ રજૂ થનારા રુદ્રો છે; ત્યાં वः (તમારાં) પદપ્રયોગ છે. नमः सभाभ्यः(૨૪)માં જાતરુદ્રો છે, જેમાં રુદ્રોના ગણો આવી જાય છે. એક એક કંડિકામાં આઠ રુદ્રો પ્રમાણે ત્રીસ કંડિકાઓમાં બસો એંશી રુદ્રોની ગણના છે.

'નમન હો દિશાઓના સ્વામીને, જેમના બાહુપર હિરણ્યનાં ભૂષણ છે અને જે સેનાનાયક છે. નમન હો પશુના પતિઓને, જે વૃક્ષરૂપે રુદ્ર રહેલા છે અને જે રુદ્રોના કેશ હરિત વર્ણના છે. નમન હો માર્ગના પાલકપતિને, જેમના વર્ણ ઘાસ જેવા પીળા છે અને જે દેદીપ્યમાન છે. નમન હો હૃષ્ટપુષ્ટ પ્રાણીઓના પતિને જેમના કેશ હરિત વર્ણના છે અને જેમણે જનોઈ ધારણ કર્યાં છે.(૧૭)

નમન હો અન્ન–સાધનોના પતિને જે રુદ્ર કપિલવર્ણના વૃષભ પર આરૂઢ છે અને જે શત્રુઓને વીંધનાર પારધીઓ છે. નમન હો જગતોના પતિને જે ભવરૂપ અને ભવના આયુધરૂપ છે. નમન હો ક્ષેત્રોના પતિને, જે રુદ્રરૂપે છે અને જેમણે યુદ્ધ માટે ધનુષ્ય ખેંચ્યું છે; એવા આતતાયીને નમન હો. વનોના પતિને, જે સારથિરૂપે છે અને જે કોઈની હત્યા કરતા નથી (૧૮)

નમન હો વૃક્ષોના પતિને, જે રુદ્ર રોહિત વર્ણના છે અને જે સુથાર છે. નમન હો ઔષધિઓના પતિને જે રુદ્ર ભૂમંડળનો વિસ્તાર કરે છે અને જે સ્થાન માટે ભોગસાધનો બનાવે છે. નમન હો કક્ષ–વિભાગના પતિને, જે મંત્રણા કરે છે અને જે વાણિજ્ય–વ્યાપાર કરે છે. નમન હો પાયદળ સેનાના પતિને જે સહન કરે છે. અને જે આક્રંદ કરે છે. (૧૯)

નમન હો સત્વવાળા પ્રાણીઓના પતિને, જે રુદ્ર પૂરેપૂરા લાભ મેળવે છે અને જે ધારેલાં ફળ મેળવવા દોડી જાય છે. નમન હો યુદ્ધમાં શત્રુઓને વીંધનાર વીર વીરપુરુષોના સ્વામીને, જે રુદ્ર સહન શક્તિ ધરાવે છે અને શત્રુઓને હણે છે. નમન હો સ્તેન ચોરોના પતિને, જે ખડગ રાખે છે અને જે વિશાળ ખભાવાળા છે. નમન હો અરણ્યોના પતિને, જે હરતા ફરતા હરે છે અને જે પરિચર-ગુપ્તદૂત હોય છે (૨૦)

નમન હો સ્તાયુ-ચોરોના પતિને, જે રુદ્ર વંચના કરે છે અને જેવારંવાર વંચના કરે છે. નમન હો તસ્કર-ચોરોના પતિને, જે ખડગને ધારણ કરે છે અને જે બાણોથી ભરેલાં ભાથાં રાખે છે. નમન હો મુષ-ચોરી કરનારોના પતિને, જે સૃક-હથિયાર પર પ્રાણીઓને ઉઠાવી જાય છે અને જે પ્રાણીઓને મારી નાખવામાં તૈયાર હોય છે. નમન હો કર્તન કરનાર ચોરોના પતિને, જે તલવાર લઈને હુમલો કરે છે અને જે રાત્રિએ ઘૂમતા ફરતા હોય છે. (૨૧)

નમન હો કુલને લૂંટનારા લૂંટારાઓના પતિને, જે પાઘડી બાંધે છે અને જે ગિરિચર છે. અમારી સામે આવીને ઉભા રહેનાર ઓ રુદ્રો, તમને નમન હો, જે બાણોને ધારણ કરે છે અને જે ધનુષ્યોને સાથે લઈને હરે ફરે છે. ઓ રૂદ્રો, તમને નમન હો, જે ધનુષ્ય પર દોરી ચઢાવી લઢવા તૈયાર છે અને જે લક્ષ્ય તાકીને બાણોથી શત્રુઓને વીંધી નાખે છે. ઓ રૂદ્રો, તમને નમન હો, જે ધનુષ્ય પર દોરી ખેંચે છે અને જે લક્ષ્ય સુધી બાણ ખેંચી જાણે છે (૨૨)

ઓ રુદ્રો, તમને નમન હો, જે યોદ્ધાઓ તરફ ભાલો ફેંકે છે અને જે બાણોથી શત્રુઓને વીંધી નાખે છે. ઓ રૂદ્રો, તમને નમન હો, જે ઊંઘતા

છે અને જે જાગતા છે. તમને નમન હો; જે સૂતેલા છે અને જે બેઠેલા છે જે ઉભેલા છે અને જે દોડતા છે, તેમને નમન હો (૨૩)

નમન હો, હે રુદ્રો, સભાઓના સભાસદોને અને સભાપતિઓને. નમન હો ઘોડાઓને અને ઘોડેસ્વારોને, નમન હો તે સેનાઓને, જે એક સામટા શત્રુઓને વીંધી નાખે છે અને જે ચારે તરફ ઘેરીને શત્રુઓને વીંધી નાખે છે. નમન હો તમને એ રુદ્રો, જેમની સેનામાં ઊંચા પ્રકારના સેવકો છે અને જે સેવકો દુર્ગમ હોઈ શત્રુઓને સહજમાં હણી શકે છે. (૨૪)

નમન હો, હે રુદ્રો તમને, જે જુદા જુદા ગણ-સમૂહોમાં રહેલા છે અને જે ગણોના પતિઓ છે. જે જુદાં જુદાં ટોળાં-વ્રાત સમૂહમાં રહેલા છે અને જે વ્રાતોના સ્વામીઓ છે. જે ગૃત્સ-બુદ્ધિશાળીઓ છે અને બુદ્ધિશાળીઓના પતિ છે. જે વિકૃત રૂપોથી રહ્યા છે અને જે વિશ્વનાં વિવિધ રૂપોએ રહેલા છે. (૨૫)

નમન હો, હે રુદ્રો, તમને જે સેનાઓ રૂપે છે અને જે સેનાના નાયકો છે. જે યોદ્ધાઓ રથમાં બેસીને લઢનારા છે અને જે રથ વિના લઢનારા છે. જે કારીગરો ક્ષત્તા તરીકે રથનાં રક્ષણ કરે છે અને સારથિઓ ઘોડાઓને સંગ્રહમાં રાખે છે. જે યોદ્ધાઓ મોટા મોટા હોદ્દા ધરાવે છે અને જે યોદ્ધાઓ નાનાં નાનાં પદ પર રહેલા છે. (૨૬)

હે રુદ્રો તમને નમન હો; જે લાકડાં છોલનાર સુથારો છે અને જે રથને રચનારા સુથારો છે. જે કુંભાર છે અને જે કર્માર-લુહાર છે. નિષાદ-વનેચરો છે અને જે પુંજિષ્ઠ-પક્ષીઓનો શિકાર કરનારા છે. જે યોદ્ધાઓ કુતરાંની સાથે રહેલા છે અને જે મૃગયા-શિકાર ખેલવામાં કુશળ છે. (૨૭)

હે રુદ્રો, તમને નમન હો, જે કુતરાંને રૂપે રહેલા છે અને જે કુતરાંના સ્વામી છે. (આ રૂદ્રો હાજરાહજુર પ્રત્યક્ષ છે, જે હવે રૂદ્રનાં નામ ગણાવે છે).

નમન હો ભવ-સંસારરૂપને અને રુદ્ર રૂપને, નમન હો શર્વ—પાપ હરનાર અને પશુપતિને, નમન હો નીલકંઠને અને શિતિ-શ્વેત કંઠને (૨૮)

નમન હો તે કપર્દી-જટાધારીને અને વ્યુપ્તકેશને-જેણે કેશ મુંડાવી નાખ્યા છે. નમન હો તે સહસ્ત્રાક્ષને અને શતધન્વાને. નમન હો ગિરિપર સુનારને અને શિપિવિષ્ટ-વિષ્ણુના રૂપને નમન હો. મીઢવાન—મેઘને અને બાણધારીને (૨૯)

નમન હો, જુદા જુદા આકારોને ધારણ કરનાર રૂદ્રોને; જે હ્રસ્વ-ટૂંકા માપના છે અને જે વામન-ઠીંગુજી છે. નમન હો મોટા અંગવાળાને અને વૃદ્ધ

દેહધારીને, નમન હો વૃદ્ધજનને અને સરખે સરખા વૃદ્ધજનને. નમન હો; જે અગ્રે-પહેલાં જન્મ્યા છે અને જે પ્રથમ-પહેલા આવેલા છે. (૩૦)

નમન હો, જે શીઘ્ર ગતિ કરે છે, તે આશુને અને લાંબી ગતિ માપે છે, તે અજીરને નમન હો. જે પાણીની જેમ જલ્દી ગતિ કરે છે અને શીલ-પાણીની જેમ સરળ ગતિ કરે છે. નમન હો, જે જલનાં કલ્લોલ છે અને જેના કલ્લોલ ઊંડા પાણીમાં શમી ગયા છે. નમન હો, જે નદીના કાંઠા છે અને જે નદીની વચમાં રહેલા દ્વીપ છે (૩૧)

નમન હો એ રુદ્રોને જે વયને કારણે બારસંખ્યામાં રહેલા છે, નમન હો જે જ્યેષ્ઠ-, મોટા છે અને જે કનિષ્ઠ-નાના છે. નમન હો જે પૂર્વજ છે અને જે પછીથી જન્મ્યા છે. નમન હો, જે રૂદ્ર મધ્યમાં રહ્યા છે અતે જેની પ્રગલ્ભતા ગૌરવ દૂર થયાં છે. નમન હો, જે રુદ્ર જઘન્ય-પાછળના ભાગે જન્મેલા છે અને જે બુધ્ન્ય- વૃક્ષના મૂળમાં જન્મેલા છે. (૩૨)

નમન હો, તે રુદ્રને જે સોભ-ગંધર્વનગરની રચના કરે છે અને જે પ્રતિસર-મંગલસૂત્રને ધારણ કરે છે. નમન હો, તે રુદ્રને જે પાપીઓને નરક આપનાર યમ છે અને જે ક્ષેમ-કુશળતાનાં રક્ષણ કરે છે. નમન હો, તે રુદ્રને; જે શ્લોકની રચના કરે છે અને જે અવસાન વેદાન્તના જ્ઞાનને રજૂ કરે છે. નમન હો, તે રુદ્રને જે ઉર્વર-ધાન્યથી ભરેલાં ખેતરોમાં રહે છે અને જે ધાન્યનાં ખળામાં રહે છે. (૩૩)

નમન હો. તે રુદ્રને, જે વન વૃક્ષોમાં નિવાસ કરે છે અને જે નદી અને પર્વતોની કક્ષા-પડખાંમાં રહે છે. નમન હો, તે રુદ્રને જે શ્રવણના ધ્વનિ રૂપે અને શ્રવણના પ્રતિધ્વનિરૂપે રહે છે. નમન હો તે રુદ્રને જેની સેના શીઘ્ર ગતિ કરે છે અને જેના રથ શીઘ્ર ગતિ કરે છે. નમન હો તે રુદ્રને જે શૂરવીર છે અને જે નીચે નમીને શત્રુઓને ભેદી નાખે છે. (૩૪)

નમન હો તે રુદ્રને, જેણે માથે બિલ્મ-ટોપ પહેર્યા છે અને જેમણે શરીરે કવચ ધારણ કર્યાં છે. નમન હો તે રુદ્રને જેણે વર્મ-બખ્તર ધારણ કર્યાં છે અને જે વરૂથ-હાથીની પાલખીમાં બેઠેલાં છે. નમન હો તે રુદ્રને, જે શ્રુત પ્રસિદ્ધ છે અને જેની સેના પ્રસિદ્ધ છે. નમન હો તે રુદ્રને જે દુદુંભિના નાદ કરે છે અને જે લાકડાંનાં સાધન પર અવાજ કરે છે. (૩૫)

નમન હો તે રુદ્રને, જે ધૃષ્ણુ-પ્રગલ્ભ છે અને જે પ્રમૃશ-વિચારશીલ વિદ્વાન છે. નમન હો તે રુદ્રને, જેણે નિષંગ-ખડગ ધારણ કર્યાં છે અને જેણે બાણનાં ભાથાં ધારણ કર્યાં છે. નમન હો તે રુદ્રને, જેણે તીખાં બાણ ધારણ કર્યાં છે

અને જેના હાથમાં આયુધ છે. નમન હો, તે રુદ્રને જેણે ત્રિશૂલ નામનું સુંદર આયુધ ધારણ કર્યું છે અને જેણે પિનાક નામનું સુંદર ધનુષ્ય ધારણ કર્યું છે. (૩૬)

નમન હો, તે રુદ્રને જે જલરૂપે ક્ષુદ્ર-નાના માર્ગે ગતિ કરે છે અને જે રાજપથ પર ગતિ કરે છે. નમન હો, તે રુદ્રને, જે જલરૂપે કાટ-ખાડામાં રહે છે અને જે નીપ-ઝરણાં રૂપે ગતિ કરે છે. નમન હો, તે રુદ્રને જે જલરૂપે કુલ્યા-નહેરોમાં વહે છે અને જે સરોવરોમાં વહે છે. નમન હો તે રુદ્રને જે જલરૂપે નદીઓમાં વહે છે અને જે વેશન્ત-નાનાં તલાવમાં વહે છે. (૩૭)

નમન હો તે રુદ્રને જે કુવાનાં અને અવટ—વીરડા ખાડાનાં જલરૂપે રહે છે. નમન હો રુદ્રને જે મેઘની વર્ષાનાં જલરૂપે છે, જે શરદનાં નિર્મળ જળ રૂપે છે, જે મેઘનાં ભરેલાં જલરૂપે છે અને જે વીજળીથી વરસતાં જલ રૂપે છે (૩૮)

નમન હો તે રુદ્રને જે, વાત—પવનમાં રહે છે અને જે પ્રલયકાળના રેષ્મ —વાવાઝોડામાં રહે છે. નમન હો તે રુદ્રને જે વાસ્તુ—વસવાનાં ઘરમાં રહે છે. અને જે વાસ્તુપ—ગૃહપાલક રૂપે છે. નમન હો તે રુદ્રને જે સોમ છે અને જે રુદ્ર છે. નમન હો તે રુદ્રને જે ઉગતા સૂર્ય જેવા રક્ત વર્ણનો છે અને જે ઉગી ગયા પછીના સૂર્ય જેવા આછા રક્ત વર્ણનો છે (૩૯)

નમન હો, તે રુદ્રને જેની ગાયો અને વાણી સુખ આપનાર છે અને જે પશુપતિ છે. નમન હો, તે રુદ્રને જે ઉગ્ર—પરાક્રમી છે અને જે ભીમ—ભયંકર છે. નમન હો, તે રુદ્રને જે આગળ આવેલા યોદ્ધાઓને મારે છે અને જે દૂર રહેલા યોદ્ધાઓને મારે છે. નમન હો તે રુદ્રને જે પોતે યોદ્ધાઓનો હન્તા—હણનાર છે અને જે હણનારાઓમાં શ્રેષ્ઠ છે. નમન હો તે રુદ્રને જે પોતે કલ્પવૃક્ષની જેમ હરિત કેશ—પાદડાંને ધારણ કરે છે અને જે સંસારથી તારનાર વૃક્ષ રૂપે છે. (૪૦)

નમન હો, તે રુદ્રને જેથી સુખ થાય એવા શંભુ છે અને જે સર્વ પ્રકારનાં સુખપેદાકરનાર મયોભૂ છે. નમન હો, તે રુદ્રને જે શંકર સુખ કરનાર અને મયસ્કર સુખ પેદા કરનાર છે. નમન હો, તે રુદ્રને, જે શિવ—કલ્યાણ છે અને જે શિવતમ—કલ્યાણમાં ઉત્તમ છે. (૪૧)

નમન હો, તે રુદ્રને જે સંસારની પેલે પાર રહેનાર છે અને જે સંસારની આ પારે રહેનાર છે. નમન હો તે રુદ્રને, જે સંસારને શ્રેષ્ઠરૂપે તારણહાર બને છે અને જે સંસારની પારે ઉતારનાર—ઉત્તારણ બને છે; અર્થાત્ જે પોતે સંસા-

રથી તરે છે અને જે નાવની જેમ બીજાને તારે છે. નમન હો તે રુદ્રને જે પ્રયાગ વગેરે તીર્થોના રૂપે રહે છે અને જે ગંગાના કીનારા જેવા પવિત્ર ફલ–કીનારા રૂપે રહે છે. નમન હો તે રુદ્રને જે પોતે નદીનાં ભાઠાંમાં ઉગતાં શષ્પ રૂપે છે અને જે નદીના ફીણમાં જન્મેલાં ઘાસરૂપે છે (૪૨)

નમન હો તે રુદ્રને જે નદીની સિકતા રેતીમાં જન્મેલાં ઘાસ રૂપે છે અને જે નદીના પ્રવાહમાં ઉગેલાં ઘાસ રૂપે છે. નમન હો તે રુદ્રને જે નદીની અંદર રહેલ કિંશિલ–કાંકરારૂપે છે અને જે નદીના પ્રવાહને રોકનાર ક્ષપણ–ખડકના રૂપે છે. નમન હો તે રુદ્રને, જે જલને પોતાની જટારૂપી ગોખમાં રોકી રાખે છે અને જે નદીના પ્રવાહની સામે ઉભા રહેલ–પુલસ્તિ છે. નમન હો, તે રુદ્રને જે પોતે ઈરિણ–નિર્જળ પ્રદેશમાં ઉગેલ ઘાસ રૂપે છે અને જે રાજમાર્ગે ઉગેલ છોડ રૂપે છે (૪૩)

નમન હો તે રુદ્રને, જે વ્રજભૂમિમાં જન્મેલ ઘાસ છે અને જે ગાયની કોઢમાં રહેલ ઘાસરૂપે છે. નમન હો તે રુદ્રને જે તલ્પ–શયન ઘરમાં રહેલ ઘાસ છે અને જે ઘર–અંતઃપુરમાં રહેલ ઘાસ છે. નમન હો તે રુદ્રને જે હૃદયમાં વસનાર જીવરૂપે છે અને જે સંસારના આટા ફેરામાં ભમનાર જીવ–નિવેષ્પ્ય રૂપે છે. નમન હો તે રુદ્રને જે દુર્ગમ જંગલના કાટ–ખાડામાં જન્મેલ ઘાસ રૂપે છે અને જે ગિરિઓનાં ગહ્વર ગુફાઓમાં જન્મેલ ઘાસરૂપે છે (૪૪)

નમન હો તે રુદ્રને જે સુકાં લાકડાંમાં જન્મેલ છે અને જે હરિત–લીલાં લાકડામાં જન્મેલ છે. નમન હો તે રુદ્રને જે પાંસુ–ધૂળની રજકણોમાં રહેલ છે અને જે રજસ્–ફૂલનાં પરાગમાં રહેલ છે. નમન હો તે રુદ્રને જે લોપ થઈ જનાર છોડરૂપે રહે છે અને જે ગાંઠા ગાંઠા થઈને રહેનાર–ઉલપના રૂપે છે. નમન હો તે રુદ્રને જે સાગરમાં ઉર્વ–વડવાનલ રૂપે રહે છે અને જે પ્રલયકાળના અગ્નિ–સૂર્યરૂપે રહે છે. (૪૫)

નમન હો તે રુદ્રને, જે વૃક્ષ પરથી ખરી પડેલાં પર્ણશદ–પાકાં પાંદડાં રૂપે છે. નમન હો તે રુદ્રને, જે ઉદ્યમ કરનાર ખેડૂતરૂપે છે અને જે ધરતીને ખોદનાર ખાણીયા રૂપે છે. નમન હો તે રુદ્રને, જે ભક્તજનોમાં ખેદ જગાડે છે અને દીન પતિત જનોમાં વિશેષ ક્લેશ જગાડે છે. નમન હો તે રુદ્રને જે બાણ બનાવનારા કારીગરો છે અને જે ધનુષ્ય ઘડનારા કારીગરો છે.

અહીં ત્રણ ત્રણ એંશીના ગણમાં રહેલા રુદ્રો બસોને એંશી છે; તેમાં પાછળના રુદ્રો પ્રત્યક્ષ–હાજરાહજૂર છે. હવે સર્જનની શરૂઆતમાં જન્મેલા તેમજ

દેવોના હૃદયરૂપ ગણાતા અગ્નિ, વાયુ અને સૂર્ય નામના ત્રણ રુદ્રો છે; તેમનાં કાર્યોનો મહિમા ગાતાં જણાવે છે :

હે ત્રણ રુદ્ર દેવો, તમને અમારાં નમન હો, જે અગ્નિ, વાયુ અને સૂર્ય એ ત્રણ દેવોનાં હૃદયો ગણાય છે; કારણ કે જે ત્રણ દેવો વરસાદ લાવીને સૃષ્ટિનાં કાર્યો કરનારા ક્રિરિક દેવો છે: જે સંસારના જીવોમાંથી પુણ્યશાળી અને પાપી જનોને જુદા પાડનારા વિવેકી–વિચિન્વત્ક દેવો છે: જે પાપીજનોના દોષોને છિન્નભિન્ન કરી નાખનાર વિક્ષિણત્ક દેવો છે અને જે સંસારના માર્ગોથી નીકળી ગએલા હોવા છતાં સંસારીજનોના ઉદ્ધાર માટે અવતાર ધારણ કરે છે, તે અનિર્હત દેવો અગ્નિ, વાયુ અને સૂર્યના રૂપે રહેલા છે (૪૬)

૪૭–૫૩ સાત ઋચાઓના દેવ રુદ્ર એકલા છે, તે સ્તુતિ રૂપે છે: શરુઆતની સોળ ઋચાઓ અને આ સાત ઋચાઓની વચમાં ત્રીસ કંડિકાઓમાં એંશી એંશી રુદ્રોને આહુતિ દ્વારા અન્ન આપીને શાંત કરવામાં આવે છે, તે બસો ચાલીસ રુદ્રો પણ આ શતશીર્ષ રુદ્રની વિભૂતિઓ છેઃ અવતાર છે. સંસારમાં ચક્રની જેમ ઘૂમનારી યોનિઓમાં જે કલેશ, કંકાસ, ખેદ, તાપ વગેરે ભોગવવા પડે છે અને તેને કારણે ભૂખમરો, મહામારી, યુદ્ધ–ઝઘડાઓમાં એક બીજાની હિંસા થયા કરે છે, એ કાર્યો તો આ રુદ્રનાં છે. આથી સર્વ પ્રકારની પીડાઓ અને આપત્તિઓ શમાવવા માટે આ શતરુદ્ર મહાદેવની સ્તુતિ કરવી અને શતરુદ્રિય હોમ કરવો. એ કર્મ છે, એ ભક્તિ છે અને તે શતરુદ્રિય–રુદ્ર નામનો જપ કરવો, તે ઉત્તમ જ્ઞાન છે, ઉપનિષદ છે; એ રહસ્ય પણ સાથેજ રહેલું છે. આમ આદિ-અંતમાં સ્તુતિનો સંપુટ છે :

હે શતરુદ્ર, તમે દ્રાપિ છો, તેને કારણે સંસારમાં આડાં અવળાં કામ કરનારા પાપી જનોને સીધી ગતિ પર લાવી દો છો. તમે સોમરૂપ શ્રેષ્ઠ અન્નનાં પાન કરનારા છો, તો પણ તમે પોતે દરિદ્રરૂપે જગતમાં ફરતા રહો છો અને તમે કંઠે નીલવર્ણ ધારણ કર્યો છે, પરંતુ શરીરે રક્તવર્ણ ધારણ કર્યો છે. આવા હે વિવિધરૂપી રુદ્ર, અમારાં પ્રજાજનોને અને પશુઓને ભયમાં મુકી દેશો નહિ તેમજ રોગમાં સપડાવશો નહિ અથવા તો અમારામાંના કોઇને પણ તમે કોઈ જાતના રોગમાં પીડશો નહિ (૪૭)

અમે બધાં ભક્તજનો ભેગાં થઈને અમારી મતિઓ સાથે સ્તુતિઓથી રુદ્રનાં મનને શાંતિથી ભરી દઈએ, જે રૂદ્ર બળવાન છે, જટાધારી છે અને વીરજનોને પોતાના ધામમાં નિવાસ આપે છે. તે રૂદ્રથી અમને એવા પ્રકારની પ્રેરણા મળો; જેથી અમારાં બેપગાં અને ચારપગાં પ્રાણીઓમાં સુખ થાય અને અમારાં ગ્રામમાં રહેનારાં સઘળાં પશુ પ્રાણીઓ હૃષ્ટપુષ્ટ અને નીરોગી બને (૪૮)

હે રૂદ્ર, તમારાં જે શરીર અને રૂપ શિવ-કલ્યાણ કરનારાં છે, જે વિશ્વ-સઘળા પ્રકારનાં દિવસોએ કલ્યાણ કરનારાં છે, જે સંસારના રોગ દૂર કરવામાં ભેષજ ઔષધરૂપ છે, એટલું જ નહિ અમંગળ શિયાળવાં વગેરેના અપશુકન બતાવનારા શબ્દોને પણ દૂર કરવામાં ઔષધ રૂપ છે; તેવી તમારી તે શિવા કલ્યાણકારી પ્રકૃતિથી અમને સુખ મળો, જેથી અમારાં જીવન સારાં જાય ૪૯

એ રૂદ્રરૂપ શિવનાં આયુધ અમને દૂરથી છોડી મુકે. ક્રોધમાં આવેલ અને બીજાને પાપમાં નાખનાર રૂદ્રની અવળી મતિ અમને દૂરથી છોડી મુકે. હે મીઢવાન–વૃષ્ટિ કરનાર રૂદ્ર, જે તમને યજ્ઞ દ્વારા અન્ન સાધન વગેરે આપે છે, તે ગૃહસ્થોને માટે તમારાં સ્થિર દઢ ધનુષ્ય હેઠાં મુકી દો અને એ રીતે તમે અમારાં તોક–પૌત્રો તેમજ તનય–પુત્રોને સુખ આપો ૫૦

હે મીઢુષ્ટમ–સુખની વર્ષા સારી રીતે વરસાવનાર, હે શિવતમ, અમારે માટે તમે શાંત હો, અમારાં મનને સારી રીતે રાખો. હે રૂદ્ર, કોઈ પરમ વૃક્ષની ઉપર ત્રિશૂળ વગેરે આયુધ મુકી રાખો, શરીર પર એકલું વ્યાઘ્રચર્મ ધારણ કરો અને હાથમાં પિનાક ધારણ કરો, આ બાજુ આવી પહોંચો; જેથી આપ સારી રીતે તપનાં આચરણ કરો. ૫૧

હે ભગવન, તમે વિવિધ પ્રકારના આયુધના ઘાને રોકનારા છો તેમજ રજોગુણના રાતા વગેરે દોષો દૂર થતાં શુદ્ધ સ્વરૂપે રહેનારા છો; તેવા તમને અમારાં નમન હો. હવે તમારાં જે હજારો હથિયારો છે; તેમને અમારે માટે ઉપયોગમાં નહિ લેતાં, બીજા પાપીજનોને કામમાં આવે એ રીતે સાચવી રાખો. ૫૨

હે ભગવન, તમારા હાથમાં જે આયુધો રહેલાં હોય છે; તે તો હજાર હજારની સંખ્યામાં હોય છે, તે બધાં આયુધોના ઇશાન–સત્તાધીશ તમે પોતે તે આયુધોનાં મુખ અમારાથી દૂર રહે; એવી યોજના કરો. ૫૩

૫૪–૬૩ સુધીની દશ ઋચાઓના દેવ બહુરૂદ્ર છે. ચાર ચરણના અનુષ્ટુપમાં ત્રીજું અને ચોથું ચરણ એક સરખું છે: તેનો ભાવ છે: હથિયાર હેઠાં મુકો- अवतन्मसि તે પરથી આ દશ મંત્રો अवतान નામે પ્રસિદ્ધ છે. અહીં વિવિધ પ્રદેશ અને વિભાગમાં નિવાસ કરતા હજાર હજાર અસંખ્ય રુદ્રોની સ્તુતિ કરી છે.

ગણ્યા ગણાય નહિ, એવા રુદ્રો હજાર હજારની સંખ્યામાં આ પૃથ્વી પર રહેલા છે, તેમને નમન હો. તે રુદ્ર દેવોનાં ધનુષ્યો હજાર યોજન જેટલે દૂર માર્ગે ઉતરી આવો. ૫૪

જે હજાર રુદ્ર દેવો આ વિશાળ અને મહાન મધ્ય અંતરિક્ષના સમુદ્રની અંદર રહેલા છે, તેમને નમન હો. તેમનાં ધનુષ્યો હજાર યોજને ઉતારો ૫૫

જેમનાં ગળાં નીલ છે એવા અને જેમના ગળાં શિતિ-ધોળાં છે; એવા રુદ્રો દ્યુ—સ્વર્ગ લોકમાં રહેલા છે, તેમને નમન હો. તેમનાં ધનુષ્યો હજાર યોજને ઉતારો ૫૬

આ પૃથ્વીના નીચેના પેટાળમાં સંચાર કરનાર હજાર રુદ્ર નીલગ્રીવ અને શિતિકંઠ શર્વરૂપે છે, તેમને નમન હો. તેમનાં ધનુષ્યો હજાર યોજને ઉતારો ૫૭

વિવિધ પ્રકારનાં વૃક્ષોની અંદર જે હજાર રુદ્રો હરિયાળાં ઘાસના રૂપે, નીલ વર્ણની ધાતુઓ રૂપે અને રકતમાંસ વગેરેથી રહિત કેવળ તેજોમય ધાતુરૂપે રહેલા છે, તેમને નમન હો. તેમનાં ધનુષ્યો હજાર યોજને ઉતારો ૫૮

જે હજારો રુદ્રો વિવિધ ભૂત પ્રાણીઓની અંદર જમાવીને રહેલા છે; તેમાંના કેટલાક તો વાળવિનાના મુંડ મુંડાયા છે, તો કેટલાક જટાધારી છે, તેમને નમન હો. તેમનાં ધનુષ્યો હજાર યોજને ઉતારો ૫૯

જે હજારો રુદ્રો જુદા જુદા માર્ગોના અધિપતિ- સ્વામીઓ છે, જે માર્ગોના રક્ષક છે, પૃથ્વીનાં ધાન્યોને ધારણ કરનારા છે અને જે જીવન ભર યુદ્ધ કરનારા છે, તેમને નમન હો. તેમનાં ધનુષ્યો હજાર યોજને ઉતારો ૬૦

જે હજારો રુદ્રો સૃકા—ખડગ હાથમાં ધારણ કરે છે અને તલવારથી સજજ છે, તે વિવિધ તીર્થોના સ્થાનોમાં હરતા ફરતા રહે છે. તેમને નમન હો. તેમનાં ધનુષ્યો હજાર યોજને ઉતારો ૬૧

વિવિધ પ્રકાનાં અન્નની અંદર જે રુદ્રો જીવાણુ બનીને રહે છે અને તે અન્ન ખાનારા જનોને રોગ વ્યાધિથી પીડે છે; તેમજ જલનાં પાત્રોમાં રહીને જે રુદ્ર—કીટાણુઓ દૂધ વગેરે રસનાં પાન કરનારા જનોને રોગથી પીડે છે, તે બધા રુદ્રોને નમન હો. તેમનાં ધનુષ્યો હજાર યોજને ઉતારો ૬૨

આમ વિવિધ દિશાઓ અને પદાર્થોમાં રહેલા હજાર રુદ્રો છે, જેમાંના કેટલાક તો ઉપર જણાવ્યા; તે ઉપરાંત ઘણા બધા ગણાયા વિનાના રહી ગયા છે, તે બધા જુદી જુદી દશે દિશાએમાં ફેલાઈ ને રહ્યા છે, તેમને નમન હો. તેમનાં ધનુષ્યો હજાર હજાર યોજને ઉતારો. ૬૩

છેલ્લી ૬૪- ૬૬ ત્રણ કંડિકાઓમાં પૃથ્વી, અંતરિક્ષ અને દ્યુલોક ત્રણ સ્થાને રહેનાર બહુ રુદ્રોનાં વર્ણન છે. આ ત્રણ યજૂમંત્રો પ્રત્યવરોહ ગણાય છે; પહેલાં મંત્રમાં સ્વર્ગ, બીજામાં અંતરિક્ષ અને ત્રીજામાં પૃથ્વી એમ ઉંચેથી નીચેના લોકોમાં રહેલા રુદ્રોનાં વર્ણન ઉતરતા ક્રમે છે.

નમન હો તે રુદ્ર દેવોને, જે દ્યુલોક—સ્વર્ગમાં નિવાસ કરે છે અને ગગનમાંથી વરસતા મેઘો જેમનાં આયુધ તરીકે વપરાય છે. અમે તે સ્વર્ગમાં વસતા રુદ્રોને ઉદ્દેશીને દશ આંગળીઓથી જોડેલી હાથની અંજલિઓ ક્રમસર પૂર્વ,

દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર અને ઊંચે રહેલી દિશાઓ તરફ જોડીએ છીએ. તે રુદ્રોને નમન હો. તે અમારાં રક્ષણ કરો. તે અમને સુખ આપો. અમે જે કોઈ દોષ, પાપ કે અવગુણ તરફ દ્વેષ રાખીએ તેમજ જે કોઈ, પાપી, દુષ્ટ અમારી તરફ દ્વેષ રાખે, તે બધાને ભેગા કરીને અમે તો આ રુદ્રના વિશાળ કાળના મુખમાં ધરી દઈએ છીએ. ૬૪

નમન હો તે રુદ્ર દેવોને, જે અંતરિક્ષમાં નિવાસ કરે છે અને અંતરિક્ષમાં વહેતા વાવાઝોડાના પવનો જેમનાં આયુધ રૂપે વપરાય છે. અમે તે અંતરિક્ષમાં વસતા રુદ્રોને ઉદ્દેશીને દશ આંગળીઓથી જોડેલી હાથની અંજલિઓ ક્રમસર પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર અને ઊંચા ભાગે રહેલી દિશાઓ તરફ જોડીએ છીએ. તે રુદ્રોને નમન હો, તે અમારાં રક્ષણ કરો, તે અમને સુખ આપો. અમે જે કોઈ દોષ, પાપ કે અવગુણ તરફ દ્વેષ રાખીએ તેમજ જે કોઈ પાપી દુષ્ટ અમારી તરફ દ્વેષ રાખે, તે બધાને ભેગા કરીને અમે તો આ રુદ્રના વિશાળ કાળના મુખમાં ધરી દઈએ છીએ ૬૫

નમન હો તે રુદ્ર દેવોને, જે પૃથ્વીમાં નિવાસ કરે છે અને ધરતીમાં પાકતાં અન્ન તો જેમનાં આયુધ રૂપે વપરાય છે. અમે તે પૃથ્વી પર વસતા રુદ્રદેવોને ઉદ્દેશીને દશ આંગળીઓથી જોડેલી હાથની અંજલિઓ ક્રમસર પૂર્વ, દક્ષિણ. પશ્ચિમ, ઉત્તર અને ઉંચી દિશાઓ તરફ જોડીએ છીએ. તે રુદ્રોને નમન હો; તે અમારાં રક્ષણ કરો; તે અમને સુખ આપો. અમે જે કોઈ દોષ, પાપ કે અવગુણ તરફ દ્વેષ રાખીએ; તેમજ જે કોઈ પાપી, દુષ્ટ અમારી તરફ દ્વેષ રાખે, તે બધાને અમે તો આ રુદ્રના વિશાળ કાળના મુખમાં ધરી દઈએ છીએ. ૬૬

મૈત્રાયણી સંહિતાના બીજા કાંડના નવમા પ્રપાઠકમાં દશ અનુવાકો છે; તેમાં રુદ્રાધ્યાય અગ્નિચિતિ પ્રકરણમાં આવી જાય છે. પહેલા અને બીજા મંત્રમાં શર્વ અને શિવનાં યજ્ઞમાં આવાહન છે. ત્રીજાથી તેર દશ મંત્રોમાં જુદી જુદી ગાયત્રીઓ છે, ત્યાં પહેલો અનુવાક પૂરો થાય છે.

બીજાથી નવમા અનુવાક સુધી આ રુદ્રાધ્યાય આવી જાય છે. દશમા અનુવાકમાં ભગવાન શિવનાં વિસર્જન મંત્રો છે. એ રીતે આવાહન, ધ્યાન, જપ, સ્તુતિ, આરતી, વિસર્જન વગેરે પૂજનના પૂરેપૂરા મંત્રોની વિધિ અહીં જોવાને મળે છે.

આવાહન મંત્રોનો ભાવ આ છે: 'હે શર્વ, સારા ચેતનવાળા હરિઓ તમે આ યજ્ઞમાં આવાહન કરીને લાવો. જે હરિ-ઘોડા શ્વેત રથ અને ધજાપતાકાઓથી યુક્ત છે તેમજ જે પવનની જેવા વેગીલા અને બળથી યુક્ત છે. આ યજ્ઞમાં મારે જે હવન કરવાં છે, તેમાં હે શર્વ, તમે આવો.

હું હજાર આંખોવાળા શિવ મહાદેવનાં આવાહન કરૂં છું. જે શિવ દેવો, ઋષિઓ અને અસુરોના પૂર્વજ છે. રુદ્રનો ગાયત્રી મંત્ર આ પ્રમાણે છેઃ

तत् पुरुषाय विह्महे महादेवाय धीमहि । तन्नो रुद्र : प्रचोदयात् ।

હવન, પૂજન કર્યા પછી રુદ્ર ભગવાનનું વિસર્જન કરવાનું. તે મંત્રનો ભાવ આ પ્રમાણે છે: 'હે ભગવન, હવે તમે જાઓ ફરીથી આગમનને માટે, ફરીથી દર્શનને માટે દેવી અંબાની સાથે, પોથિયા–વૃષભની સાથે, ભૈરવ ગણની સાથે, વીરભદ્ર પાર્ષદની સાથે.

જેવી રીતે તમને આહુત–બોલાવ્યા; તે રીતે તમને નમોનમન, नमः शिवाय નમસ્તે હો. અમારી કોઈની હિંસા કરો નહિ. જે રીતે આવાહિત છો, તે રીતે આવાહિત, નમસ્કૃતને નમસ્કૃત, વિસર્જિતને વિસર્જિત. પથ પર જાઓ, પથ પર જાઓ. દ્યુલોકમાં જાઓ, દ્યુલોકે જાઓ, સ્વર્ગે જાઓ, સ્વર્ગે જાઓ, જ્યોતિએ જાઓ, જ્યોતિએ જાઓ, नमस्ते હો मा मा हिंसीः ।

કાઠક સંહિતાના. સત્તરમા સ્થાનક અગિયારથી સોળસુધી છ અનુવાકમાં આ રુદ્રાધ્યાય પ્રુવક્ષિત પ્રકરણમાં છે. તેની શરુઆતમાં મૈત્રાયણી પ્રમાણેનો ગાયત્રીમંત્ર છે. ઋગ્વેદ, સામવેદ અને અથર્વવેદમાં પણ દેવ રુદ્રનાં વર્ણન આવે છે; તેમજ તે તે વેદના પાઠીઓ, પોતપોતાની શાખાઓ પ્રમાણે રુદ્રના મંત્રો ભણીને અભિષેક, પૂજન અને હવન કરે છે. શુક્લયજુર્વેદ સંહિતાનો રુદ્રાધ્યાય વિશેષ પ્રસિદ્ધ છે બીજા તેની સાથે અધ્યાયો જોડીને આઠ અધ્યાયોની રુદ્રી છપાઈ છે અને તે વિશેષ પ્રસિદ્ધ છે.

શતરૂદ્રિયમાં રહેલા એક એક મંત્રનો વિશેષ વિધિ, વિનિયોગ પ્રકાર વગેરે અનુષ્ઠાનમાં ઉપયોગી છે. તેમજ રૂદ્રયાગ કે મહારૂદ્રના યાગમાં આનોજ મુખ્યત્વે ઉપયોગ થાય છે.

# ૫
# પશુ સાથેના સંબંધ

માનવ બાળને વિચાર આવે છે : મારો ઉપયોગ શું ? મારી સેવા શું ? આ વૃક્ષ છે, તે છાયા આપે છે અને ફળફૂલ આપે છે. ગાય દૂધ આપે છે. બળદ ભાર વહે છે. ઘોડો રથે જોડાય છે. આ તેમની સેવા છે.

સેવાની વૃત્તિ શાથી જાગી ? તેનો ઉત્તર છે : એ કુદરતી છે. પ્રકૃતિના મૂળમાં એ ભાવના રહી છે. વટવૃક્ષ આટલું મોટું છે, તેનું કારણ એક નાનું બીજ છે. એ બીજ ભૂમિમાં રોપાયું. તેને પાણી મળ્યું, ગરમી અને ખાતર મળ્યાં. તે બીજ ભેદાઈ ગયું. તેમાંથી અંકુર ફૂટ્યો ને વટવૃક્ષ ફાલ્યું.

"બીજનું વિસર્જન થયું અને અંકુરનું સર્જન. એકનું સર્જન, બીજાનું વિસર્જન થયું, કાયાનું પરિવર્તન થયું; રૂપાંતર થયું. તેજ આ વટવૃક્ષ. બીજે કાયા આપી; ત્યારે અંકુરનું સર્જન થયું. અંકુરનું રૂપ બદલાયું, ત્યારે વડનું વૃક્ષ થયું.

બીજનું એ સમર્પણ છે; કાયાનું બલિદાન છે. તે વૃતિ શી રીતે જાગી ? ઋષિ, બ્રહ્મવાદી અને રહસ્યવિત્ તે વૃત્તિને પ્રજાપતિનો યજ્ઞ કહે છે.

૧ 'પહેલાં દેવોએ પરસ્પર સહકાર સાધીને આહુતિઓનાં પ્રદાન કર્યાં, દેવોના તે પરોપકારના કાર્યથી રાજી થઈ, પ્રજાપતિએ પોતાની કાયા આપી દીધી. તેમણે પોતાની

---

૧. શ. બ્રા. ૧૧, ૧, ૮, ૨-૩

કાયાનાં વિસર્જન કર્યાં. પ્રજાપતિની એ કાયા, તે દેવોનો યજ્ઞ ગણાયો. યજ્ઞની આહુતિ, એજ દેવોનું અન્ન છે.

આમ પ્રજાપતિએ પોતાની જાત દેવોને આપી દીધી; તે જાતની પ્રતિમા બની; તેનું નામ યજ્ઞ. આમ યજ્ઞ છે, તે પ્રજાપતિની પ્રતિકૃતિ છે. આ રીતે પ્રજાપતિએ દેવોને યજ્ઞરૂપ પ્રતિમા આપીને પોતાની જાતને ખરીદી પાછી લઈ લીધી.

એ પ્રમાણે ગૃહસ્થ યજમાન યજ્ઞ કરવાનું વ્રત લે છે. હવે જેમ પ્રજાપતિ દેવોની પાસેથી પોતાની જાતને પાછી લઈ લે છે, એમજ યજમાન પોતાની જાત દેવોને આપી દે છે અને યજ્ઞદ્વારા પાછી ખરીદી લે છે. તેને બદલે તે દેવોને હવિ આપે છે. આ હવિ છે, તે તો દેવોનું અન્ન છે.'

જનકની સભામાં 'દેવો કેટલા' એ ચર્ચા ચાલતાં યાજ્ઞવલ્કયે જણાવ્યું:

[૧] 'તેત્રીશ કહો, ત્રણસોને તેત્રીશ કહો, ત્રણ હજારને તેત્રીશ કહો. આઠ વસુઓ, અગિઆર રુદ્રો, બાર આદિત્યો, ઈન્દ્ર અને પ્રજાપતિ... મેઘમાં જે ગર્જના કરનાર છે, તે ઈન્દ્ર છે અને જે યજ્ઞ છે, તે પ્રજાપતિ છે. હવે જે યજ્ઞ છે, તે તો પશુઓ છે, જે યજ્ઞ છે, તે સેવા અને પરોપકારમાં કામ આવે છે.'

અહીં પ્રજાપતિને પશુનું રૂપ આપ્યું છે. જે પ્રજાપતિએ સર્જનમાં પોતાનું વિસર્જન કરી, પ્રજાજનોનાં સર્જન કર્યાં હતાં. જે સેવા કરવી છે અને પરોપકાર કરવા છે, તેણે તો બલિદાન આપવાનું છે; સમર્પણ કરવાનું છે, ભક્ત કવિઓએ આ ભાવ, ઉતારતાં જણાવ્યું છે:

'ભક્તિ શિર તણું સાટું.
'પરથમ પહેલું મસ્તક મુકી વળતી લેવું નામ જોને'

રાષ્ટ્રને માટે માથું આપનાર શહીદ પૂજ્ય છે. બલિદાનનો એ મહિમા છે. એ સમર્પણ સ્વેચ્છાએ જાગે, તોજ તે યજ્ઞ ગણાય.

પહેલા પુરુષ નારાયણે બલિદાન આપ્યું. તેનો મહિમા ઋષિ આ રીતે ગાય છે:

[૨] 'સૃષ્ટિના સર્જનમાં દેવોએ જે યજ્ઞનો વિસ્તાર કર્યો; તેમાં આદિ પુરુષને પશુરૂપ ગણીને યૂપની સાથે બાંધી દીધો. આ પુરુષ અગ્રજાત–સૌથી પહેલાં જન્મ્યો હતો. દર્ભના આસન પર બેસાડી તેના પર જલનો અભિષેક કર્યો. એ રીતે જે પુરુષ શુદ્ધ થયો, તેથી યજ્ઞનાં યજન કર્યાં.

[૩] આ યજ્ઞનું રહસ્ય બ્રહ્મવાદી આ રીતે જણાવે છે:

---

૧. શ. બ્રા. ૧૧, ૬. ૩ ૨. વા. સં. ૩૧. ૧૫, ૯ ૩. શ. બ્રા. ૧૩, ૬, ૧

'એ અગ્રજાત પુરુષ બીજું કોઈ નથી, પરંતુ નારાયણ પોતે છે. તેમણે પોતે જન્મ પછી કામના કરી : હું સર્વ ભૂત પ્રાણીઓના રૂપે બનું. હું પોતે સર્વરૂપ બનું અને એ કામનાને અનુસરી, તેમણે આ પુરુષમેધની રચના કરી.'

ઋષિઓ, બ્રહ્મવાદીઓ, રહસ્યવેત્તાઓ સમર્પણને, બલિદાનને યજ્ઞ કહે છે. યજ્ઞને પ્રજાપતિની પ્રતિમા કહે છે. યજ્ઞમાં સેવા આપનાર પ્રજાપતિને પશુ કહે છે, નારાયણ પુરુષને તેમજ અગ્નિ, વાયુ અને સૂર્યને પણ પશુ કહે છે.

[1] 'પહેલાં દેવોએ લોકો પર વિજય મેળવવા યજ્ઞ કર્યો. આ સૃષ્ટિ યજ્ઞ હતો. એ યજ્ઞમાં અગ્નિ પશુરૂપે હતો. તેની સહાયથી દેવોએ યજન કર્યાં. તે યજનથી તેમણે આ પૃથ્વી લોક પર વિજય મેળવી લીધો. આ પૃથ્વીનો દેવ તો અગ્નિ છે, માટે તેજ પૃથ્વી લોકમાં વિજય મેળવે છે. આમ જે લોકમાં અગ્નિ છે, તેની સહાયથી જે યજન કરે છે, તે પૃથ્વીનો વિજય મેળવે છે.

બીજા સૃષ્ટિયજ્ઞમાં વાયુ પશુરૂપે હતો. તેની સહાયથી દેવોએ યજન કર્યાં. તેથી તેમણે અંતરિક્ષ લોક પર વિજય મેળવી લીધો. અંતરિક્ષનો દેવ વાયુ છે, માટે તે પોતે અંતરિક્ષ લોકમાં વિજય મેળવે છે. આમ જે લોકમાં વાયુ છે, તેની સહાયથી જે યજન કરે છે, તે અંતરિક્ષનો વિજય મેળવે છે.

ત્રીજા–સૃષ્ટિ યજ્ઞમાં સૂર્ય પશુરૂપે હતો. તેની સહાયથી દેવોએ યજન કર્યાં. તેથી તેમણે આકાશ લોક પર વિજય મેળવી લીધો. આકાશનો દેવ સૂર્ય છે, માટે તે પોતે આકાશલોકમાં વિજય મેળવે છે. આમ જે લોકમાં સૂર્ય છે, તેની સહાયથી જે યજન કરે છે, તે સ્વર્ગલોકનો વિજય મેળવે છે.

અહીં પશુ શબ્દ તેની મૂલ ભાવના સાથે વપરાયો છે. पश्यति स पशुः જે પશ્યક–જોનાર છે, તે કશ્યપ પ્રજાપતિ છે. તે નારાયણ કશ્યપ છે, તે અગ્નિ, વાયુ, સૂર્ય વગેરે દેવો કશ્યપ છે. તેમની દૃષ્ટિ અદિતિ–વિશાળ છે, ઉદાર છે, તેમને સેવા કરવાની ભાવના જાગે છે; સમર્પણ–આત્માનું બલિદાન આપી; તે નવાં સર્જન કરે છે. આ નવસર્જન છે, તે યજ્ઞ છે. યજ્ઞ એ પ્રતીક છે, પ્રતિમા છે.

વિશ્વના માનવને હૈયે યજ્ઞ કરવાની ભાવના જાગે છે. વેદના ઋષિએ તેનો મહિમા ગાયો છે, તેનાં રહસ્ય ઉકેલ્યાં છે. વિશ્વના બીજા ધર્મોમાં આ ભાવનાનું દર્શન થાય છે, પણ તેનું મૂળ ભુલાઈ ગયું છે. વેદ ધર્મની સાથે ખ્રિસ્તધર્મની તુલના કરતાં શ્રી. રામચંદ્ર ત્રિવેદી જણાવે છે :

[2] 'આખો ખ્રિસ્તી ધર્મ બરાબર આવાજ એક મત પર સ્થપાયો છે. ખ્રિસ્ત એકી સાથે સોળ આના ઈશ્વર અને સોળે સોળ આના મનુષ્ય છે. દેવત્વ

---

૧. વા. સં. ૨૩, ૧૭ ૨. યજ્ઞ રહસ્ય ગુજરાતી અનુવાદ પૃ. ૬૭

અને માનવત્વ બંને તેમાં મળી ગયાં છે. તેનો એવો મત છે કે, પૂર્ણ મનુષ્યત્વ સાથેનો માનવ જ બધાં માનવોના નિષ્ક્રયરૂપે અથવા પ્રતિનિધિરૂપે થઈ શકે.

'યજ્ઞમાં આત્મ સમર્પણ કર્યા સિવાય ઈશ્વર સંતોષ પામતો નથી. યજ્ઞમાં મનુષ્યનું આત્મ સમર્પણ જરૂરી છે; તેથી ઈસુએ સમસ્ત માનવ જાતિના નિષ્ક્રય રૂપે આત્મ બલિદાન આપ્યું છે. ઈસુ ક્રોસ પર ચઢી મરણ પામ્યો; એજ તેનું આત્મ સમર્પણ છે, 'મેં યજ્ઞિય પશુરૂપે મારૂં બલિદાન આપ્યું છે.' આ તેનો ભાવ થાય છે.

પ્રજાપતિએ પોતાના નિષ્ક્રયરૂપે યજ્ઞની પ્રતિમા બનાવી. એ ઘટનાની સાથે ઈસુની ઘટના બંધબેસતી આવે છે. નારાયણે આત્મ સમર્પણ કર્યું; એવું જ ઈસુનું આત્મ સમર્પણ છે. એમ સરખામણિ થઇ શકે.'

શુનઃ શેપને યૂપ—ક્રોસ પર ચઢાવવામાં આવ્યો; ત્યારે પણ તે હસતો હતો. તેની પાસે થઈને મુનિ વિશ્વામિત્ર નીકળ્યા, તેમને તેણે પૂછ્યુંઃ અરે, શું મારે દેહે વરુણના પાશ છે અને તમે મુક્ત છો, એમ? ભલા, વરુણના બંધનથી કોણ બચ્યું છે ?

અને એ શુનઃ શેપ વરુણ પાશથી મુક્ત થયો, કારણકે તે ભયથી મુક્ત હતો. તેણે પોતાની જાતને સમર્પિત કરી હતી. એવું જ નચિકેતાનું છે. તે યમ પાસે ગયો, ત્યારે તેને પહેલો પ્રશ્ન આ જાગ્યોઃ 'આ યમરાજ, મારો શું ઉપયોગ કરશે ? હું તેમની કઇ સેવા કરીશ ? તેને મનમાં થતું હશે કે, ગાય દૂધ આપે, બળદ ખેતી કરે, અશ્વ રથે જોડાય, વૃક્ષ ફળ આપે. મારાથી કઈ સેવા થવાની છે ?

ઋષિમુનિઓ, બ્રહ્મવાદીઓ, રહસ્યવેત્તાઓ પશુનો મહિમા ગાય છે. પશુની પાસેથી માનવ સેવા લે, તે પશુની સંપત્તિ વધે, સમૃદ્ધિ વધે; તે માટે માનવો યજ્ઞ કરે છે. આ વિશેષ પ્રકારના યજ્ઞને પશુવિધાન, પશુંબંધ કે નિરૂઢ પશુબંધ યાગ કહ્યો છે. આ બ્રહ્મવાદી ઋષિ જણાવે છે :

૧ જે યજમાન પશુઓ દ્વારા મળતા વૈભવોની કામના સેવે છે, તેમણે વાયવ્ય નામનો પશુયાગ કરવો; જેમાં શ્વેત પશુને યૂપની સાથે બાંધવાનો છે. બધા દેવોમાં વધારેમાં વધારે શીઘ્ર ગતિ કરનાર—ક્ષેપિષ્ઠા દેવ હોય; તો તે વાયુ છે. હવે જે શ્વેત પશુ છે, તેનો સંબંધ વાયુની સાથે છે: અર્થાત્ વાયુ શ્વેત પશુના દેવ છે. આથી વાયુને તેમનાજ ભાગમાં આવતા પશુથી યજન કરવામાં આવે, તો તે વાયુ પ્રસન્ન થઈને યજમાનને તે પશુના વૈભવ આપે. આ વિષે બ્રહ્મવાદીઓ વિચારણા કરે છે કે: આ વાયુ તો અત્યંત ક્ષિપ્ર ગતિ કરનાર દેવ છે; તેને જો પ્રસન્ન કરવામાં ન આવે, તો તે યજમાનને બાળી મુકે.

૧. તૈ. સં. ૨. ૧, ૧

આ વાયવ્ય યાગ કરીને યજમાન વાયુના શ્વેત પશુનો નિયોગ કરે છે. આ પ્રકારનું નિયોજન એજ તેની ધૃતિ—આધાર સ્થંભ છે. આમ તેનો આધાર લેવામાં આવે, તો તે યજમાન પશુઓના વૈભવને પ્રાપ્ત કરે અને તે યજમાન વાયુના કોપ રૂપી અગ્નિના દાહથી બચી જાય.

એજ રીતે જે ગ્રામકામ હોય, જે પ્રજાકામ હોય, જે રોગ દૂર કરવાની કામના સેવતો હોય, જે પશુકામ હોય, તે યજમાન વાયવ્ય પશુયાગથી યજન કરે. આ પશુને જે યૂપથી બાંધવાનો છે; તેનું લાકડું ઉદુમ્બર વૃક્ષનું હોય છે. એ ઉંબરો તો ઉર્ક—ઓજના રૂપે છે. હવે યજમાનના વૈભવને વધારનાર જે પશુઓ છે, તે પણ ઊર્ક—ઓજના રૂપે છે. આમ યૂપથી પશુને બાંધવું, એનો ભાવ આ થયો કે, પશુરૂપ જે યજમાનનું ઓજ છે, તેને યૂપ રૂપે રહેલ ઓજની સાથે બાંધવાનું છે.

આ બીજા બ્રહ્મવાદી ઋષિ પશુઓના યાગની રજૂઆત કરે છે :

[1] ‘પશુકામ ગૃહસ્થ પ્રાજાપત્ય યાગ કરે; તેમાં શીંગડા વિનાના પશુ—તૂપરને યૂપની સાથે બાંધે. આ પશુઓ તો પ્રજાપતિનાં ગણાય છે. પ્રજાપતિ પોતે પશુઓના પ્રજનયિતા છે. તેથી પોતાનાં ભાગરૂપે દેવ પ્રજાપતિ છે, એમ માનીને પશુઓ તેમને અનુસરે છે. તે પ્રજાપતિ યજમાનને માટે પશુઓને પેદા કરે છે. પ્રજાપતિ એ તો યોનિ—મૂલ કારણ છે, યોનિથી તો તે પેદા થાય છે.

આ પ્રજાપતિ છે, તે તો બધાં પશુઓનાં રૂપોને પ્રગટ કરે છે. પુરુષનાં તો જાણે શ્મશ્રૂ—દાઢી મૂછ, અશ્વનું શિર, ગધેડાના બે કાન, કુતરાનાં રુવાટાં, ગાયના બે આગલા પગ, ઘેટાના બે પાછલા પગ, બકરાનું આખું શરીર; આમ પશુઓનાં બધાં રૂપોને મેળવી લીધા પછી, તે પ્રજાપતિ પશુબંધ રચે છે. જે આ પ્રકારના પશુબંધને અનુસરીને પશુયાગ કરે છે, તે તો સાચેજ પશુઓનાં બધાં રૂપોને પ્રાપ્ત કરે છે.’

યજ્ઞના ઉપયોગમાં આવતાં પશુઓ વિષેનું રહસ્ય આ બીજા બ્રહ્મવાદી ઋષિ જણાવે છે:

[2] ‘પહેલાંના વખતમાં છંદોએ યજ્ઞને માન્યતા આપી તેના વિભાગ કર્યા. સૌથી પહેલાં તો યજ્ઞનો જે વપટકાર હતો, તેની માન્યતા આપી અને તેથી ગાયત્રીનું શિર છેદી નાખ્યું. તેમાંથી જે રસ વહેવા લાગ્યો, તેની વશા—ગૌ થઈ. આ જે પહેલો રસ ઝરતો હતો; તે લોહિત-રાતો હતો. તે રસને બૃહસ્પતિએ ગ્રહણ કર્યો. આને કારણે જે વશા ગૌ હતી; તે રોહિણી બની ગઈ; માટે એ રોહિણી ગૌના દેવ બૃહસ્પતિ ગણાય છે.

---

૧. મૈ. સં. ૨, ૫, ૨, કા. સં. ૧૨, ૧૩ ૨. કા. સં. ૧૩, ૮ ૧૯

તે ગાયત્રી છંદમાંથી બીજો રસ વહેવા લાગ્યો; તે રસને મિત્રે અને વરુણે ગ્રહણ કર્યો. આથી તે વશા ગૌ દ્વિરૂપા બની અને તેના દેવ મિત્ર અને વરુણ ગણાય છે. ત્યારબાદ જે ત્રીજો રસ વહેવા લાગ્યો; તે રસને વિશ્વેદેવોએ ગ્રહણ કરી લીધો. આથી તે વશા ગૌ બહુરૂપા બની અને તેના દેવો વિશ્વેદેવ ગણાય છે.

તે પછી જે રસ બહાર આવ્યો, તેને બૃહસ્પતિએ ગ્રહણ કર્યો. તે રસ ઉક્ષ–બળદ બન્યો. તેથી જે રસ છૂટ્યો; તેમાંથી બીજાં રૂપ થયાં. હવે જે ગૃહસ્થ બ્રહ્મવર્ચસ્‌ની કામના સેવે છે, તે બૃહસ્પતિ બાર્હસ્પત્ય યાગ કરે; જેમાં રોહિણી ગાયને યૂપની સાથે બાંધે. જે ગૃહસ્થ બ્રહ્મવર્ચસ્‌નો અધિકારી હોય; તોપણ બ્રહ્મવર્ચસ્વી બને નહિ; તે તો સાચે જ આ રસથી ઘટી જાય છે.

આ તો ખરેખર બધા છંદોના રસરૂપે છે, જે બ્રહ્મ–મંત્ર છે અને તે બ્રહ્મ બૃહસ્પતિ પોતે છે. આને કારણે જે ગૃહસ્થ બાર્હસ્પત્ય યાગ કરે છે; તેની અંદર બૃહસ્પતિ જાતે બ્રહ્મ–મંત્ર દ્વારા તેજને રાખે છે. અને તે બ્રહ્મવર્ચસ્વી બને છે.'

આ બ્રહ્મવાદી ઋષિઓએ જુદી જુદી કામના પ્રમાણેની ઇષ્ટિઓની વિચારણા કરી છે; તેમાં આ પશુબંધ; પશુસંબંધ કે નિરૂઢ પશુ બંધના રહસ્યને ઉકેલ્યું છે. આ પશુઓ તે લૌકિક પશુઓ નથી; જેની હિંસા કરવામાં આવે. અહીં કેટલાક શબ્દો છે, જે દેખીતી રીતે હિંસાનાં સૂચન કરે છે અને તેથી પશુ યાગમાં હિંસા રહેલી છે; એ વાતનો કેટલાક વિદ્વાનો સ્વીકાર કરે છે, પણ તે બરોબર નથી. દેખીતી હિંસા બતાવીને; તેનું રહસ્ય તારવી લેવું જોઈએ. તે વિષેની આ એક રૂપક–કથા છે:

[૧] 'ભૃગુ ભણી ગણીને તૈયાર થયો, એટલે તે ગુરુકુળેથી ઘેર આવ્યો. તેના પિતા વરુણને મનમાં થયું : આ પુત્ર ભણી આવ્યો, તેથી તે પોતાની જાતને મોટો વિદ્વાન માની બેઠો છે.' તેની પરીક્ષા લેવી જોઈએ.'

પિતાએ પુત્રને બોલાવી જણાવ્યું : 'પુત્રક, પૂર્વ દિશાનો પ્રદેશ છે; તે તરફ તારે પહેલાં જવાનું છે. સાં તારી નજરે જે દૃશ્ય ચઢે, તે જોઈને દક્ષિણ દિશા તરફ જવાનું છે. ત્યાં જે દેખાય, તે જોઈ પશ્ચિમ તરફ જવાનું. ત્યાંના દૃશ્યને જોઈ, ઉત્તર દિશાએ જવાનું. સાંનું દૃશ્ય જોઈ, આગળ વધી ખુણાઓના પ્રદેશો જોવાના અને જે દૃશ્યો દેખાય, તે ધ્યાનમાં રાખી મારી પાસે આવવાનું છે.'

પિતાની આજ્ઞા માથે ચઢાવી, ભૃગુ યાત્રા કરવા નીકળી પડયો. તે પહેલો પૂર્વ દિશા તરફ ગયો. ત્યાં તેણે એક દૃશ્ય જોયું:

થોડા એક પુરુષો ભેગા મળીને બીજા પુરુષોનાં અંગો કાપી કાપીને વહેંચતા હતા અને કહેતા હતા. 'આ તમારાં અંગ અને આ તો અમારાં.'

---

૧. શં. બ્રા. ૧૧, ૬, ૧

તેમની પાસે જઈ ભૃગુએ પૂછયું : હે પુરુષો, તમે આ પર્વ પર્વ અંગે અંગ છેદીને વહેંચણી કરો છો, તે તો ભયંકર કામ કરો છો.'

પુરુષોએ ઉત્તર આપતાં જણાવ્યું : અમે જે પુરુષોનાં અંગ અહીં વહેંચી રહ્યા છીએ; તે પુરુષોએ પરલોકમાં અમારાં અંગ વહેંચ્યાં હતાં; તે વૈરનો બદલો અમે લઈએ છીએ.' ભલા, વૈર લેવું ન પડે, તેવું કોઈ પ્રાયશ્ચિત્ત છે ? તેના ઉત્તરમાં પુરુષોએ જણાવ્યું : તેનું પ્રાયશ્ચિત્ત તો છે, પણ તે અમે જાણતા નથી. તમારા પિતા વરુણ જાણે છે.'

તે સાંભળી, ભૃગુ દક્ષિણ તરફ ગયો. ત્યાં તેની નજરે એક દૃશ્ય ચઢયું. થોડા એક પુરુષો ભેગા થઈ, બીજાનાં અંગોનાં કર્તન કરતા હતા અને વહેંચતા હતા. તે જોઈ ભૃગુએ પહેલાંની જેમ પ્રશ્ન પૂછયો અને તેનો ઉત્તર પણ પહેલાંની જેમ તેને મળ્યો.

ત્યાંથી તે પશ્ચિમ તરફ ગયો. ત્યાં કેટલાક પુરુષો ચૂપચાપ બેઠા બેઠા, બીજા પુરુષોનાં ભક્ષણ કરતા હતા; જે પોતે પણ ચૂપચાપ બેઠા હતા. ત્યાં પણ પહેલાંની જેમજ સવાલ જવાબ થયા. ત્યાંથી તે ઉત્તર તરફ ગયો. ત્યાં થોડા પુરુષો આક્રંદ–રુદનના કોલાહલ કરતા જતા અને બીજા પુરુષોનાં અંગ ખાતા હતા, જે આક્રંદ કરતા હતા.' ત્યાં પણ પહેલાંની જેમ પ્રશ્ન અને ઉત્તર થયા. આમ ચારેય દિશાઓના પ્રદેશો ઘૂમી લીધા પછી, તે ભૃગુ ઉત્તર–પૂર્વના અવાંતર પ્રદેશમાં ગયો. ત્યાં તેણે આ દૃશ્ય જોયું :

'બે નારીઓ ઉભી હતી; એક કલ્યાણી અને બીજી અતિકલ્યાણી; અર્થાત્ એકની શોભા વધતી જતી હતી, ત્યારે બીજીની શોભા વધતાં અટકી ગઈ હતી. તેને કારણે લોકો તેમને શોભના અને અતિ શોભના ને નામે ઓળખતા હતા. તે બંનેની વચમાં એક કૃષ્ણ વર્ણનો પુરુષ ઉભો હતો. તેની આંખો પીંગળી હતી અને તેના હાથમાં દંડ હતો.

તે દૃશ્ય જોઈને તો ભૃગુના હૈયે ભય પેસી ગયો. એક તો ચારે દિશાઓનાં ભયંકર દશ્યો જોયાં હતાં; તે ઉપરાંત કૃષ્ણવર્ણના એ ભયંકર પુરુષને જોયો. ત્યાં તો કશું પૂછવાનું સાહસ પણ થયું નહિ અને ચૂપચાપ પાછા ફરી; તે ભૃગુ તો એક પથારીમાં જઈને સુઈ ગયો.

પિતાએ તેની પાસે આવી ખબર પૂછી અને જણાવ્યું : 'અરે પુત્રક ! તું તારા સ્વાધ્યાય–વેદ–પાઠ તો ભણ. આમ ચૂપચાપ કેમ છે ?' પિતાને મનમાં થયું કે, 'આ ભૃગુ પોતાને મોટો વિદ્વાન માની બેઠો હતો; હવે તેનાં અભિમાન ઓસરી ગયાં છે.'

તેમણે ખૂબ જ આગ્રહથી પૂછ્યું, ત્યારે તેણે જણાવ્યું, હવે હું કયા વેદનાં અધ્યયન કરું ? મારે ભણવાનું હતું, તે બધું તો મેં પુરૂ કર્યું છે. જો કે તેણે સ્પષ્ટ વાત કરી નહિ, પણ પિતા તો તેના અભિપ્રાયને સમજી ગયા. તેમને મનમાં થયું :

'આના મનમાં કાંઈ અણ દીઠાના દીઠાનો ભય પેસી ગયો છે; તેથી તે કાંઈ બોલતો નથી. ખૂબ આગ્રહથી તેમણે પૂછ્યું, ત્યારે ભૃગુએ જે દશ્યો જોયાં; તે બધાનાં વિસ્તારથી વર્ણન કર્યાં. તે સાંભળી વરુણે જણાવ્યું :

'ભાઈ, પૂર્વ દિશામાં રહેલા પુરુષો બીજાનાં અંગ કાપતા હતા; તે કાંઈ પુરુષો ન હતા પરંતુ પલાશ, ખેર વગેરે વૃક્ષોનાં રૂપ હતાં. તેમની શાખાઓ અને ડાળીઓ કાપીને વહેંચવામાં આવે. તે સુકાઈ જાય ત્યારે સમિધ કે ઈંધન બને. કપાતા પહેલાં લીલાં હોય, પછી તે સુકાઈ જતાં લાકડાં બને. આમ તેમના બે જન્મ ગણાય. એ સમિધને અગ્નિમાં રાખવાં; તે કર્મને સમિદાધાન કહે છે; તેને સમિધ બંધ કહે છે. તેથી ગૃહસ્થ વૃક્ષ અને વનસ્પતિ લોક પર વિજય મેળવે છે.

દક્ષિણ દિશામાં રહેલા પુરુષો બીજાનાં અંગોનાં કર્તન કરતા હતા; તે તો ચાર પગાળાં દૂધ આપનારાં ગાય વગેરે પશુઓનાં રૂપ હતાં. તેમનાં અંગોનાં કર્તન કરવામાં નહોતાં આવતાં; પરંતુ તેમના આંચળમાંથી દૂધ દોહવામાં આવતાં હતાં. ગૃહસ્થ સાંજે ને સવારે દૂધ, દહીં, ઘીની આહુતિઓ આપે છે; તેમ કરવાથી મનુષ્યોનો પશુઓની સાથે સ્નેહનો સંબંધ બંધાય છે, તે કર્મને પશુસંબંધ; પશુબંધ કે નિરૂઢ પશુબંધ કહે છે; તેથી પશુ લોક પર વિજય મેળવે છે.

'હવે જો ભાઈ, પશ્ચિમ દિશામાં પુરુષો ભક્ષણ કરતા હતા, તે તો કુશ, દુર્વા, અપામાર્ગ વગેરે યજ્ઞને ઉપયોગી ઔષધિઓનાં રૂપ હતાં. દર્ભ દુર્વા, વગેરેને સળગાવી; તેનાં ઊબાંડીયાંથી દૂધ વગેરે યજ્ઞમાં ઉપયોગી સામગ્રીને ગરમ રાખવામાં આવે છે. આ કર્મથી ગૃહસ્થ પશુબંધની જેમ ઔષધિ બંધ કરે છે, તેથી તે ઔષધિઓના લોક પર વિજય મેળવે છે.

'ઉત્તર દિશામાં રહેલા પુરુષો તો જુદાં જુદાં જલનાં રૂપ હતાં. યજ્ઞમાં ગરમ કરેલાં જલ વપરાય છે, તેમાં બીજાં જલ ઉમેરવામાં આવે છે. આ કર્મથી ગૃહસ્થ જલની સાથે સંબંધ જોડી, જલલોક પર વિજય મેળવે છે.

અવાંતર દિશામાં તેં બે સ્ત્રીઓ અને એક પુરુષને જોયાં. કલ્યાણી અને અતિકલ્યાણી; એ તો ગૃહસ્થની શ્રદ્ધા અને અશ્રદ્ધાનાં રૂપ છે. યજ્ઞમાં જે પૂર્ણાહુતિ—પહેલી આહુતિ આપે, તે શ્રદ્ધાનું રૂપ છે; ઉત્તરાહુતિ—બીજી આહુતિ આપે, તે અશ્રદ્ધાનું રૂપ છે. ગૃહસ્થ પહેલી આહુતિ આપીને શ્રદ્ધાની સાથે સંબધ જોડે, તે તો કલ્યાણી—ભાવના છે; તેથી શ્રદ્ધા લોક પર વિજય મેળવે છે.

બીજી અતિ કલ્યાણી નારી, એ તો હૃદયમાં રહેલી અશ્રદ્ધાનું રૂપ છે. યજ્ઞમાં નિંદિત ન કરવાં; અર્થાત્ જે કર્મ સારાં ન હોય; તે કરવાની શ્રદ્ધા ન થાય; તે અતિ કલ્યાણીનું રૂપ છે. આમ ગૃહસ્થને હૈયે જાગેલી અશ્રદ્ધા પણ તેનાં કલ્યાણ કરે છે. ઉત્તરાહુતિ આપીને ગૃહસ્થ અતિ કલ્યાણીના લોકની સાથેનો સંબંધ જોડી, વિજય મેળવે છે.

હવે જે હાથમાં દંડ લઈ, પીળી આંખવાળો કૃષ્ણ પુરુષ તેં જોયો, તે ગૃહસ્થને હૈયે રહેલા ક્રોધનું રૂપ છે. ગૃહસ્થ આહુતિઓ આપ્યા પછી, તપેલ સ્રુવા–અગ્નિહોત્ર હવણીમાં પાણી રેડે છે; તેને આપોનિનયન કર્મ કહે છે, તેથી તે ક્રોધને જીતી સર્વ પર વિજય મેળવે છે.'

ભૃગુ વરુણ સંવાદરૂપે આ પ્રાચીન કથા રજૂ થઇ છે. તેમાં રોજ રોજ ચાલતા અગ્નિહોત્ર કર્મની પ્રશંસા છે. એ કાળે અગ્નિઓ ઘેર ઘેર પ્રગટ થતા અને સાંજ–સવારના હોમ થતા હતા; તેમાં રહેલી પ્રક્રિયાઓ–વિધિઓને દાખલા તરીકે લઇ, તેનાં રહસ્ય ઉકેલવામાં આવ્યાં છે.

સૌથી પહેલાં તો અગ્નિમાં સુકું લાકડું–સમિધ મુકી; તે સમિદાધાન; ગાયોનાં દૂધ, દહીં, ઘીની આહુતિ તૈયાર કરવી; તે હવિર્દ્રવ્યગ્રહણ. તે દ્રવ્યને ગરમ રાખવાં, તે આપ કર્મ; પાણી તૈયાર રાખવાં, તે પ્રણયન. આમ ચાર કર્મ કરવાથી સમિધા, હવિ, દર્ભ અને જલ સાથેના સંબંધ બંધાય છે.

સમિદ્ધ અગ્નિમાં ગૃહસ્થ સ્રુવાથી બે આહુતિઓ આપે છે, તે પૂર્વાહુતિ અને ઉત્તરાહુતિથી યજમાનની શ્રદ્ધા દૃઢ બને છે અને છેલ્લા તપેલા સ્રુવા પર જલ રેડવાથી ક્રોધ શાન્ત થાય છે.

ગુરુકુળમાં ભણવાથી ભૃગુને જ્ઞાન મળ્યું, તે સાથે તેને હૈયે અહંકાર અને અભિમાન જાગ્યાં. તેને થયું કે, મારા પિતા કરતાં મારાં જ્ઞાન વધે. પિતાએ મેળવેલ ભણતર જુનું પુરાણું છે. પિતાએ તેને અનુભવ લેવા માટે તીર્થયાત્રા કરવા મોકલ્યો. ભૃગુએ ભણતર મેળવ્યું હતું, પણ તેને અનુભવનું ગણતર મળ્યું ન હતું. તેથી જગતના વિચિત્ર વ્યવહારો જોઇ, તે ગભરાઇ ગયો. તેણે જે હિંસાનાં દૃશ્યો જોયાં; તે તો રૂપકો છે; પરંતુ જગતમાં તેથીય વધારે ભયંકર ઘટનાઓ રોજે રોજ બન્યા કરે છે. તે જોઈને અનુભવ વિનાનો માનવી ગભરાઇ જાય. વરુણની જેમ પીઢ અનુભવી ગુરુજનોની પાસેથી નવા યુવાનોએ સમજણ કેળવી લેવી જોઈએ.

અગ્નિહોત્ર તે સાંજ–સવારે કરવાનું નિત્ય કર્મ છે; તે રીતે માસના બે પક્ષમાં દર્શ–અમાસે અને પૂર્ણમાસે ઇષ્ટિ–યજ્ઞ કરવામાં આવે છે. ઋતુ ઋતુ બદ-

લાતાં ચાર ચાર માસના–ચાતુર્માસ્ય યજ્ઞ થાય છે, એજ રીતે દર વર્ષે એક વખત પશુયાગ કરવામાં આવતાં; જેથી પશુઓનાં રક્ષણ થાય અને તેમાં થતા રોગચાળા દૂર થાય.

ઉપરની કથામાં ઔષધિ બંધ, પશુ બંધ, હવિ બંધ, જલબંધ, શ્રદ્ધા બંધ, ક્રોધબંધ વગેરેમાં अवरुन्धे ક્રિયાપદ વાપર્યું છે. પશુયાગ એ રીતે પશુઓની સાથેના સ્નેહના સંબંધ જોડી આપે છે. આ પશુયાગના રહસ્યની વિચારણા બ્રહ્મવાદી આ રીતે રજૂ કરે છે'

૧ 'હવે તે યજમાન પશુબંધથી યજન કરે છે. જે આ પશુ માટેનાં યજન છે. તે તો સાચેસાચ પશુ માટેનો સંબંધ છે. પશુઓનું સાધન છે. યજમાન પશુબંધથી યાગ કરે છે, ત્યારે તેના મનમાં સંકલ્પ જાગે છે : હું ઘણા પશુઓથી સમૃદ્ધ થાઉં.'

આ કારણે યજમાન અગ્નિહોત્ર અને ઇષ્ટિયાગ કર્યા પછી, ઘર શાળા-ઓમાં પશુયાગ કરે. તેનો અભિપ્રાય આ છે : મારાં ઘરોમાં યાગના ફળરૂપે મળેલાં ઘણા પશુઓને બંધું. હવે તેણે એવી ઋતુમાં પશુયાગ કરવા જોઈએ, જ્યારે ઘણાં જવ–ઘાસ વગેરે થતાં હોય.

હવે જો યજમાન અગ્નિહોત્ર અને ઇષ્ટિની જેમ પશુયાગ ન કરે, તો તેના ગાર્હપત્ય વગેરે અગ્નિઓ જીર્ણ શીર્ણ થઇ જાય. અગ્નિઓ જીર્ણ શીર્ણ થયા એટલે યજમાન અને તેનાં ઘર, પશુઓ વગેરે જીર્ણ શીર્ણ થઈ જાય.

એ યજમાન પશુબંધથી યજન કરે, તો તેના અગ્નિઓ ફરીથી જીવિત પુનર્ણવ–નવા થાય. અગ્નિઓ પુનર્ણવ થવાથી યજમાન, ઘર, પશુઓ વગેરે પણ પુનર્ણવ થાય. આમ પશુ બંધ યાગ આયુષ્યને વધારનાર બને છે. પશુબંધ યાગથી યજમાન અગ્નિઓ પાસેથી પોતાના આત્માને નવીન રીતે ખરીદ લેનાર–આત્મ નિષ્ક્રય બને છે. તેથી યજમાનને નવું જીવન મળે છે.

હવે માનો કે યજમાન પશુબંધ યાગ ન કરે અને ફક્ત અગ્નિહોત્ર કરે, તો તે યજમાનના અગ્નિઓ તેને જીર્ણ શીર્ણ બનાવી દે છે : અર્થાત્ તે યજમાનનાં માંસ ખાઈ જવાની ઈચ્છા કરે છે.

અગ્નિહોત્ર કરી લીધા પછી અગ્નિઓ મનથી વિચારતા હોય છે કે, 'આ યજમાન ક્યારે પશુબંધથી યાગ કરશે?' હવે ઋતુ કાળ પસાર થવા છતાં પણ પશુબંધ યાગ ન કરે, તો પછી અગ્નિઓ યજમાનનાં જ ભક્ષણ કરવાની ઈચ્છા કરે. હવે જો અગ્નિમાં નિષિદ્ધ માંસ પકાવવામાં આવે, તેનો સ્વીકાર અગ્નિઓ કરતા નથી. એટલે ગમે ત્યાં માંસ પકાવી, અગ્નિને આપો, તે પ્રક્રિયા તો મિથ્યા છે. પશુયાગ કરવાથી જ અગ્નિ શાંત થાય છે. અને યજમાનનાં માંસનાં ભક્ષણ કરતા નથી.

---

૧. શ. બ્રા. ૧૧, ૭, ૧

આનો ભાવ આ છે : અગ્નિઓને પશુબંધ યાગ સિવાય શાંત્ થવાનો બીજો અવસર મળતો નથી. અર્થાત્ જે અગ્નિઓ યજમાનના છે, તેનાથી પશુ યાગનાં હવિ સ્વીકારાય, એવી તે ઇચ્છા કરે છે. આમ યજમાનનો જે આત્મા છે, તે પોતેજ અહીં હવિરૂપે બને છે.

'આ રીતે જે યજમાન આત્મયજનનાં રહસ્ય સમજીને પશુબંધ યાગ કરે છે, તે તો અગ્નિઓ દ્વારા પોતાની જાતનાં નિષ્ક્રયણ કરી લે છે. હવે જેમ પશુઓમાં વીર્ય, સામર્થ્ય, વૈભવ વગેરે ગુણો હોય છે, એમજ યજમાન પણ પશુયાગ કરીને વીર્ય, સામર્થ્ય વૈભવ વગેરે મેળવે છે.

આમ યજમાન વીર્ય વધારનાર પશુયાગથી વીર આત્માને મેળવી લે છે. આ પશુયાગમાં જે પશુ હોય છે, તે તો સાચેસાચ વીર અને દિવ્ય પશુ હોય છે. યજમાન એ યાગ કરી, પોતાની જાતને ખરીદી લે છેઃ અર્થાત્ આ પ્રકારના આત્મ નિષ્ક્રયથી પશુયાગ કરવાનો છે.

આ યાગમાં યજમાનનો આત્મા પોતે નિષ્ક્રયરૂપે હવિર્દ્રવ્ય બને છે. એ પશુની જેમ યજમાન પોતે પણ વીર અને દિવ્ય બને છે. આ પશુયાગનું રહસ્ય છે.

# પરિશિષ્ટ

## અન્ન પાનની પ્રતિષ્ઠા પૃ. ૭

वाजपेय यज्ञ તૈ. સં. ૧, ૭, ૭ કા. સં. ૧૩, ૧૪ મૈ. સં. ૧, ૧૧, ૧–૯ તથા વા. સં. માં નવમા અધ્યાયની શરુઆતમાં આવે છે તૈ. બ્રા. ૧, ૩, ૫ તેમજ શ. બ્રા. ના પાંચમા કાંડની શરુઆતમાં તેનું વિવેચન છે.

वाजं नः स्वदतु વા. સં. ૮, ૧ એમાં વાજનો અર્થ અન્ન છે. પ્રજાપતિ અમારાં વાજ–અન્નનો આસ્વાદ લો. વાજનો અર્થ બળ અને પેયનો અર્થ રક્ષણ; એ રીતે આ યજ્ઞ કરવાની સૂચના મળે છે वाज તે અન્ન અને पेय તે પાન : એ ભાવે અન્ન અને પાન તે જીવનની મુખ્ય આવશ્યકતા છે, માટે તેની પ્રતિષ્ઠા એ ભાવે આ પ્રકરણનું નામ રાખ્યું છે.

પુરુષાર્થ પ્રયત્ન અને ઉદ્યોગનું મૂળ છે : ક્ષુધા એ દૈવી શક્તિ છે; પણ તેને સંતોષવામાં ન આવે, તો તે ઉગ્ર બને : ભૂખમરાનું રૂપ લે. દરિદ્રતા અને આધિ વ્યાધિ આવી પડે. આ વાત લક્ષ્મી સૂકતમાં આવે છે :

क्षुत्–पिपासा–मलां ज्येष्ठाम् अलक्ष्मीं नाशयाम्यहम् ।
अभूतिम् असमृद्धिं च सर्वां निर्णुद मे गृहात् ॥

—ઋગ્વેદ, ખિલસૂક્ત ૧૧, ૬

અહીં ક્ષુધા અને પિપાસાની જોડી છે. એ રીતે અન્ન અને પાનની જોડી તે વાજ અને પેય છે. દરેક માનવે અન્ન અને પાન મેળવવા પ્રયત્નશીલ બનવું. તે વાજપેય યજ્ઞનું રહસ્ય છે.

મન વિષે ઇગ્લિંગનું વિધાન (શ. બ્રા. અંગ્રેજી ભાષાંતર ચોથા ભાગની ભૂમિકા) ધ્યાન ખેંચે છે: He is mind, such is the ultimate source of being; the one sell, the Purusha, the Brahman.

### (૨) એકતામાં વિલસતી વિવિધતાઓ પૃ. ૨૨

'જેવી કામના સેવો; તેવી ઇષ્ટિ–ઇચ્છા પ્રમાણે ફળ મેળવો;' આ ભાવે કામ્ય ઇષ્ટિઓની પ્રક્રિયા જોવાને મળે છે. यज्ञ ते इष्टकामधुक् છે. ઇષ્ટિ વિધાન તૈ. સં. ૨, ૨, ૧–૧૧, काम्या इष्टय : મૈ. સં. ના બીજા કાંડના એક થી પાંચ પ્રપાઠક સુધી તેમજ उत्सोदनम् કા. સં. ના નવમા સ્થાનકમાં જુદી જુદી ઇષ્ટિઓનાં વિધાન છે. વાજસનો સંહિતામાં કામ્ય ઇષ્ટિ વિષે સ્પષ્ટ વિધાન નથી; પરંતુ પ્રકૃતિ યાગને અનુસરી મંત્રો ભણવામાં આવે છે.

### (૩) એ દેવો હિતકારી હો પૃ. ૪૦

રાજસૂય યાગ તૈ. સં. ૧, ૮. ૧ કા. સં. ૧૫, ૧ મૈ. સં. ૨, ૬, ૮ અને વા. સં. ૯, ૩૫ તેમજ તૈ. બ્રા. ૧, ૬, ૧ અને શ. બ્રા. ૫, ૨, ૩, ૨–૯ માં વિસ્તારથી વર્ણિત છે. અહીં તે યાગના રહસ્યરૂપે મન તે રાજા છે અને તેની શક્તિઓને સારા કામમાં જોડી શકાય; એ પ્રક્રિયા સ્વીકારીને આ પ્રકરણ લખાયું છે. રાજસૂયમાં વિવિધ જલો લાવીને અભિષેક કરવામાં આવે છે. તે મંત્રો વાજસની સહિંતાના દશમ અધ્યાયની શરુઆતમાં છે.

મનની વૃત્તિ સારામા દોરો, તે હિતકારી બને. તેજ વૃત્તિ અવળે માર્ગે જાય તો હાનિ કરે એ મનનાં સર્જન રૂપે જ વિવિધ દેવોની ભાવના છે; તે તે દેવો હિતકારી હો; એ ભાવ અહીં જોવાને મળે છે.

રાષ્ટ્રના હિતમાં પ્રજાજનોની વિભૂતિઓને જોડવાની ભાવનાથી વા. સં. ના ૩૦ અને ૩૧ અધ્યાયોમાં સર્વમેધ અને પુરુષમેધની પ્રક્રિયા છે; તેનાં રહસ્ય તૈ. બ્રા માં જોવાને મળે છે. સમાજમાં સારાજનો છે. તો સાથે દુષ્ટ સ્વભાવના માણસો છે. તેમના સ્વભાવને વાળવામાં આવે; તો તે રાષ્ટ્રના હિતમાં ઘણા ઉપયોગી થાય. આ રહસ્ય પણ સાથે રહેલ છે.

### (૪) નમન હો રુદ્ર રૂપે પૃ. ૫૫

આ રુદ્રાધ્યાય તૈ. સં. ૫, ૧ કા. સં. ૧૭, ૧૧ મૈ. સં. ૨, ૯, ૨, વા. સં. ૧૬, માં આવે છે. शतरुद्रियं जपति च जुहोति च એ પ્રસિદ્ધ વાકય છે. શતરુદ્રિયહોમ અગ્નિચયનના એક અંગરૂપે છે; પરંતુ એક સ્વતંત્ર વિધિ તરીકે જપ અને હોમમાં વિશેષ પ્રસિદ્ધ છે.

### (૫) પશુ સાથેના સંબંધ પૃ૦ ૭૬

તૈ. સં. બીજા કાંડના શરુઆતમાં पशु विधान પ્રકરણ છે; તેમાં વિવિધ પ્રકારની કામનાઓ પ્રમાણેની ઇષ્ટિઓનાં વર્ણન છે. વિશેષ કરીને પશુધનની

સમૃદ્ધિ માટે આ પ્રકારના પશુયાગો કરવામાં આવતા હતા. કા. સં. ના તેરમા સ્થાનકમાં पशुबन्ध નામે તેમજ મૈ. સં. ના બીજા કાંડના પાંચમા પ્રપાઠકમાં काम्याः पशवः નામે છે. તૈ. બ્રા. ના બીજા કાંડના આઠમા અનુવાકમાં તેમજ શ. બ્રા. ના અગિઆરમા કાંડના સાતમા અધ્યાયમાં पशुबंध યાગનાં વિધાન અને રહસ્ય રજૂ થયાં છે. વાજસની સંહિતામાં पशुयाग સ્વતંત્ર આવતો નથી; પરંતુ ઈષ્ટિની પ્રક્રિયા પ્રમાણે તેમાંના મંત્રોનો પ્રયોગ કરવામાં આવે છે.

વેદની મૂલ સંહિતાઓમાં દેવયજનની પ્રક્રિયાઓ જોવાને મળે છે; તેમાં પશુનાં બલિદાન કે આહુતિઓમાં અંગોનો નિર્દેશ મળતો નથી. શતપથ (૧, ૭, ૨, ૧) બ્રાહ્મણમાં બેજ પ્રકારની આહુતિઓ બતાવી છે. તેમાં એક સોમ-રસની અને બીજી આજ્ય–ઘીની; તે પરથી સોમયાગ અને હવિર્યાગ બેજ પ્રકૃતિયાગ જોવાને મળે છે. અગ્નિહોત્રનો સમાવેશ હવિર્યજ્ઞમાં થઈ જાય છે.

'यद् हविर्यज्ञः यत् पशुः' આ વાક્ય છે; તેના અંગ્રેજી અને હિંદી ભાષામાં થએલા અનુવાદ પરથી કેટલાક વિદ્વાનો એવાં મંતવ્ય ધરાવે છે કે; હવિર્યજ્ઞની સાથે પશુયાગનો નિર્દેશ આવે છે.

અહીં અંગ્રેજી ભાષામાં અનુવાદ કરનાર પ્રા. ઇંગ્લિંગ હવિર્યજ્ઞ વિષે પોતાનો અભિપ્રાય રજૂ કરે છે : અહીંના શ્રૌતયાગોમાં સામાન્ય હવિઓનાં નામોમાં ઘી, દૂધ, ભાત–ચરુ, જવ વગેરેનો નિર્દેશ છે; તે ઉપરાંત સોમરસ પણ ઉત્તમ હવિ ગણાય છે. હવે પશુબંધ જેવા યજ્ઞોનો નિર્દેશ તો ત્રીજા વિભાગમાં ગયા પછી જોવાને મળે છે. આ પરથી આટલું તારવી શકાય કે 'યજ્ઞદ્વારા પશુ હિંસાનો પ્રચાર પછીનો લાગે છે.'

મૂલ વેદોની પ્રણાલિકા પ્રમાણે બ્રાહ્મણ ગ્રંથોનાં વિવેચન હોય છે. હવે વેદની સંહિતાઓમાં पशुहिंसा નો સ્પષ્ટ નિષેધ હોય; તો તેને જ પ્રમાણ ગણીને બ્રાહ્મણ ગ્રંથો આગળ ચાલે છે અને તે પ્રમાણે શ્રૌતસૂત્રો અને સ્મૃતિગ્રંથોનાં પ્રમાણ સ્વીકારાય છે.

તૈત્તિરીય સંહિતાના અનુવાદક એ. બી. કીથે તૈત્તિરીય સંહિતાનો અમને ઇંગલિંગે શતપથ બ્રાહ્મણનો અનુવાદ કર્યો છે. તે અનુવાદ મૂળ ગ્રંથનો અક્ષર અનુવાદ છે; પરંતુ વેદના મૂળ તાત્પર્યને ઉકેલવાનો તેનો પ્રયત્ન નથી અને તે હેતુથી અનુવાદો થયા નથી. આને કારણે તૈત્તિરીય સંહિતા અને શતપથ બ્રાહ્મ-ણનાં લખાણો વાંચીને સામાન્ય જન તો પશુહિંસાનાં પોષક મંતવ્યો ધરાવતો થઈ જાય; પરંતુ કેવળ અક્ષરશ; અનુવાદ આ મૂળ સંહિતાઓ અને બ્રાહ્મણ ગ્રંથો માટે પૂરતો નથી. વેદસાહિત્યના મૂળ સંહિતા ગ્રંથો વાંચવાનો અભ્યાસ કેળવવામાં આવે; તેમજ તેના રહસ્યને ઉકેલતાં બ્રાહ્મણ ગ્રંથોનાં વિવેચનોની સહાયતા લેવામાં આવે, તોજ વેદોની ગૂઢભાષા ઉકેલી શકાય.

## ઋગ્વેદ પરિચય પુસ્તિકા : ૧ થી ૬ : મૂલ્ય રૂા. ૧૨-૫૦

# કેટલાક અભિપ્રાયો

વેદ એ અનુભવનું જ્ઞાન છે. જીવનમાં ઉતારવાનું જ્ઞાન છે. વેદના પાઠ થાય છે. વેદના અર્થો પણ થાય છે. પરંતુ મુદ્દાની વાત આ છેઃ વેદોનો ભાવ ઉતરવો જોઇએ, વેદ પ્રમાણે જીવન જીવવું જોઇએ; તો જ તે વેદ ઉપયોગી નીવડે. આ શ્રેણી એ ભાવ પેદા કરશે.

**— રવિશંકર મહારાજ**

શ્વાસ–નિઃશ્વાસની ક્રિયા સહજ સરળ હોય છે; એ જ પ્રકારે આ વેદોની બોધવાણી પરમ કૃપાથી પરમેશ્વર પાસેથી સહજ સરળ ભાવે પ્રાચીન ઋષિ મુનિઓને મળેલી છે. આ વેદવાણી જેટલી જૂની છે, એટલી જ નવી છે; જેવી પ્રાચીન છે, એવી જ અર્વાચીન છે.

**— स्वामी गङ्गेश्वरानंद उदासीन**

વેદોને ભિન્નભિન્ન દૃષ્ટિએ જોવાના પ્રયત્ન થયા છે. એ બધા પ્રયત્ન વિકૃત છે એમ કહેવાનું નથી. પરંતુ જરા વધારે ઊંડા જતાં એમાં એક મહાન દીર્ઘયુગના સમાજનું જીવન ચીતરાયેલું છે તેના તરફ કોઇની દૃષ્ટિ ગઈ નથી. એ દૃષ્ટિએ જો વેદોના અભ્યાસ કરવામાં આવે અને એ સર્વ કોઇને સુલભ કરી દેવામાં આવે તો ભારતના આ અમૂલ્ય સંસ્કારવારસાનો લાભ સૌ કોઇને મળે. આ શ્રેણી એ કાર્ય બજાવે છે.

**— કેશવરામ કા. શાસ્ત્રી**

ઋગ્વેદ સંહિતા એક મહાન ગ્રંથ છે. તેમાં વિવિધ ઋષિઓએ વિભિન્ન સમયે અનેક વિષયોને સ્પર્શતી ઋચાઓનું દર્શન કર્યું છે. એ ઋચાઓ સૂક્ત સ્વરૂપમાં આયોજિત કરવામાં આવેલી છે. આ સૂક્તોમાં દૃષ્ટિગોચર થતી ઋચાઓની ભાપા અને વાક્ય રચના સરળ છે.

શ્રદ્ધેય શ્રી વિષ્ણુદેવ પંડિતે સોમનાં કથાનકોમાં સોમ શું છે, સોમ અને ચંદ્ર તથા સોમ એવં શરીરનો કયો સંબંધ છે; એ બધા પ્રશ્નો વિષે કેટલીક સારભૂત વિગતો આપી છે.

**— ભગવતીપ્રસાદ પંડયા**